કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો

સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595

સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૧૫ જૂન, ૨૦૨૬ સોમવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો

-: મુકેશભાઈ ગોર :-

90990 79342, 98790 41665

૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૨૩◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૩૦ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭


# યુધ્ધનો અંતઃ ઉગ્યો શાંતિનો સૂરજ : સર્વત્ર હાંશકારો

## અમેરિકા અને ઇરાન વચ્ચેના ૧૦૭ દિવસનો આખરે અંતઃ શુક્રવાર જીનીવા ખાતે પીસી ડીલ ઉપર સહી-સિક્કા : શાંતિ સમજુતીમાં હોર્મુઝને ફરી ખોલવા ઇરાનનાં બંદરો પરથી નાકાબંધી હટાવવા, ઇરાનનું જપ્ત થયેલું ફંડ જારી કરવા સહિતના મુદદાઓ સામેલ



વોશીંગ્ટન : રવિવારે અમેરિકા અને ઈરાન યુદ્ધનો અંત લાવવા માટે શાંતિ કરાર પર સંમત થયા. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે ઈરાન સાથેનો કરાર હવે પૂર્ણ થઈ ગયો છે. ઈરાને એક નિવેદન બહાર પાડીને કહ્યું કે અમેરિકા સાથે મહિનાઓની લાંબી અને મુશ્કેલ વાટાઘાટો પછી, બંને દેશોએ એક કરાર અથવા રૈં ને અંતિમ સ્વરૂપ આપ્યું છે.

ટ્રમ્પે કહ્યું કે આ કરાર હેઠળ, હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવામાં આવશે. તેમણે ઈરાની બંદરો પર યુએસ નૌકાદળના નાકાબંધીને તાત્કાલિક હટાવવાને મંજૂરી આપી. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું, દુનિયાના જહાજો, તમારા એન્જિન શરૂ કરો. તેલ વહેવા દો.પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે બંને દેશો ૧૯ જૂને સ્વિટ્ઝર્લેન્ડના જીનીવામાં શાંતિ કરાર પર હસ્તાક્ષર કરશે. જો આવું થાય, તો તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે ૪૭ વર્ષમાં પ્રથમ ઉચ્ચ-સ્તરીય બેઠક હશે.અમેરિકા અને ઈરાન વચ્ચેનો કરાર નક્કી થઈ ગયો છે અને બંને દેશો શુક્રવારે કરાર પર હસ્તાક્ષર કરશે. બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ પહેલાથી જ અમલમાં છે. હોર્મુઝ સ્ટ્રેટ ચાર દિવસ પછી ખુલશે અને વિશ્વ એક મોટા સંકટમાંથી બહાર આવવાનું શરૂ કરશે. એ નોંધવું જોઈએ કે અમેરિકા અને ઈરાન વચ્ચેનો આ તણાવ ૧૦૭ દિવસથી ચાલી રહ્યો છે. બંને દેશો વચ્ચેનો કરાર સ્વિટ્ઝર્લેન્ડમાં હસ્તાક્ષર કરવામાં આવશે. પાકિસ્તાને કરારનો સંપૂર્ણ શ્રેય મેળવવા માટે ખૂબ જ પ્રયાસ કર્યો, પરંતુ આ નિષ્ફળ ગયું. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે જણાવ્યું હતું કે આ ૧૪-મુદ્દાનો કરાર છે જેના પર શુક્રવારે તેહરાન અને વોશિંગ્ટન વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવશે.

મેહર ન્યૂઝ એજન્સી અને ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ એમઓયુમાં ૧૪ મુખ્ય મુદ્દા છે.૧- લેબનોન અને અન્ય મોરચે યુદ્ધ તાત્કાલિક બંધ કરવામાં આવશે.૨- અમેરિકા ઈરાનની આંતરિક બાબતોમાં દખલ કરશે નહીં.૩- અમેરિકા ૩૦ દિવસમાં નાકાબંધી હટાવશે.૪- અમેરિકા ઈરાનની આસપાસથી પોતાના સૈનિકો

અનુસંધાન પાના નં.૪ પર

# ગુજરાતના ખેડૂતોએ સરકાર સામે બાંયો ચડાવી

## અમદાવાદથી ગાંધીનગર સુધી ખેડૂતોની ૧૧૧૧ ટ્રેક્ટર સાથે રેલી



ગાંધીનગર : રાજ્યભરના ખેડૂતો આજે પોતાના પડતર પ્રશ્નો, ખાસ કરીને ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈનોના મામલે સરકાર સામે આરપારની લડાઈના મૂડમાં આવી ગયા છે. ખેતીની જમીન સંપાદન સામે અપૂરતા વળતર અને ખેડૂતોની સતત થઈ રહેલી કથિત હેરાનગતિના વિરોધમાં આજે હજારો ખેડૂતોએ અમદાવાદના શાંતિપુરા સર્કલ ખાતે એકત્ર થઈને ઐતિહાસિક 'ખેડૂત અધિકાર રેલી'નું આયોજન કર્યું છે.આજે વહેલી સવારથી જ રાજ્યના ખૂણેખૂણેથી આવેલા હજારો ખેડૂતો ટ્રેક્ટર સાથે અમદાવાદના શાંતિપુરા સર્કલ પર એકત્ર થયા હતા, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને હાઈવે જાણે ખેડૂતોની છાવણીમાં ફેરવાઈ ગયો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ખેડૂતોની આ વિશાળ રેલીમાં ૧૧૧૧ ટ્રેક્ટરોનો કાફલો જોડાયો છે, જે શાંતિપુરાથી

અનુસંધાન પાના નં.૪ પર

# રાજ્ય સરકાર આજે નવી ઔદ્યોગિક નીતિ - ૨૦૨૬ જાહેર કરશે

## રોકાણ, રોજગારી અને અદ્યતન ઉત્પાદન ક્ષેત્રને મળશે પ્રોત્સાહન

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : રાજ્ય સરકાર આજે નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ જાહેર કરવા જઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી મહાત્મા મંદિર ખાતે આ નીતિનું લોન્ચિંગ કરશે. નવી નીતિ દ્વારા રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને નવી દિશા આપવાની સાથે રોકાણ આકર્ષણ, રોજગાર સર્જન, ટેક્નોલોજી આધારિત ઉત્પાદન અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે. સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા આજે જાહેર કરવામાં આવનારી નવી ઔદ્યોગિક નીતિમાં સૌથી મહત્વપૂર્ણ જોગવાઈ તરીકે 'અલ્ટ્રા મેગા ઈન્ડસ્ટ્રી' નામની નવી શ્રેણીનો સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ડ્રાફ્ટ મુજબ થ્રસ્ટ સેક્ટરમાં ઓછામાં ઓછા રૂ ૧૦,૦૦૦ કરોડના રોકાણ અને ૩,૦૦૦થી વધુ રોજગારી સર્જતા ઉદ્યોગોને આ શ્રેણીમાં સ્થાન મળશે. આવા પ્રોજેક્ટોને વિશેષ પ્રોત્સાહનો અને સહાય મળવાની શક્યતા છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવી નીતિમાં Ease of Doing Businessને વધુ મજબૂત બનાવવા, મંજૂરી પ્રક્રિયાઓને સરળ બનાવવાની, અદ્યતન મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવાની, MSME ક્ષેત્રને સહાય પૂરી પાડવાની તેમજ ટેક્નોલોજી અપનાવવા માટે પ્રોત્સાહનો આપવાની જોગવાઈઓ પણ સામેલ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. પ્રાપ્ત વિગતો મુજબ નીતિનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં મોટા પાયે રોકાણ આકર્ષવું, નવી રોજગારીનું સર્જન કરવું, નવીનતા અને સંશોધનને પ્રોત્સાહન આપવું તેમજ ગુજરાતને દેશના અગ્રણી ઔદ્યોગિક અને રોકાણ વધુ મજબૂત બનાવવાનો છે. નવી ઔદ્યોગિક નીતિમાં સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ, ડિફેન્સ, છૈં, રોબોટિક્સ અને ડીપ-ટેક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અંગેની પણ યોજનાઓ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે જાહેર થનારી નવી ઉદ્યોગ નીતિમાં પ્રથમ વખત અત્યંત મોટા રોકાણ ધરાવતા પ્રોજેક્ટ્સ માટે અલગ "Ultra Mega Industries" કેટેગરી બનાવાશે.

# ક્રુડમાં કડાકો : પેટ્રોલ - ડિઝલ - ગેસનાં ભાવ ઘટશે!!

## અમેરિકા - ઇરાને તલવારો મ્યાન કરતાં ક્રુડના ભાવ ઘટીને ૮૧ ડોલર પ્રતિ બેરલ થઇ ગયા : હોર્મુઝ સ્ટ્રેટ ખુલવાથી હવે ક્રુડનો પુરવઠો રાબેતા મુજબનો થશે





નવી દિલ્હીઃ પ.એશિયામાં મહિનાઓથી ચાલી રહેલા તણાવ વચ્ચે, LPG, પેટ્રોલ અને ડીઝલ અંગે થોડી રાહત મળે તેવા સમાચાર છે' નજીકના ભવિષ્યમાં પેટ્રોલ, ડીઝલ અને LPGના ભાવમાં ઘટાડો થવાની ધારણા છે. મોટા સમાચાર એ છે કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે દાવો કર્યો છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થયો છે. આ

અનુસંધાન પાના નં.૪ પર

# પીએમ મોદી સ્લોવેકિયા પહોંચ્યા.!



(એજન્સી દ્વારા) નવી દિલ્હીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દેશોના યુરોપિયન પ્રવાસ પર છે. તેમની મુલાકાતના બીજા તબક્કામાં વડાપ્રધાન મોદી સ્લોવાકિયા પહોંચ્યા જ્યાં તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. બ્રાતિસ્લાવામાં તેમની હોટલમાં પહોંચ્યા પછી તેમણે ભારતીય સમુદાયના સભ્યો સાથે મુલાકાત કરી હતી. રાજધાનીમાં સ્થાનિક લોકોએ વડાપ્રધાનનું સ્વાગત કરવા માટે વંદે માતરમ ગાયું. બ્રાતિસ્લાવાની હોટલમાં લુસનિકા એન્સેમ્બલના સ્લોવાક યુવાનોએ વંદે માતરમ ગાયું હતું. ગયા વર્ષે

અનુસંધાન પાના નં.૪ પર

# નીટ પેપર લીંક કાંડ : ત્રણ શખ્સો ઝડપાયા





## અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મળી સફળતા : શરદ સિંઘલે યોજી પ્રેસ, આપી માહીતી

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ : નીટ પેપર લીંક કાંડમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળવા પામી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ આ કેસમાં વધુ ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી

અનુસંધાન પાના નં.૪ પર


# ઝારખંડ-દિલ્હીમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી

નવી દિલ્હી : ઝારખંડમાં ચોમાસાએ સત્તાવાર રીતે દસ્તક આપી દીધી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં થયેલા ઝરમરથી લઈને ભારે વરસાદે લોકોને ઉકળાટભરી ગરમીમાંથી મોટી રાહત આપી છે. દિવસ દરમિયાન ગરમી અને ભેજથી પરેશાન રહેલા લોકો માટે સાંજનો વરસાદ રાહતરૂપ સાબિત થયો હતો. રાજધાની રાંચી સહિત અનેક શહેરોમાં લગભગ બે કલાક સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાઈ હતી. શહેરના મુખ્ય માર્ગો પર પણ ઘૂંટણસમાન પાણી ભરાતા વાહનચાલકો અને રાહદારીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. વરસાદી પાણી સાથે નાળાઓમાં જમા થયેલી ગંદકી રસ્તાઓ પર આવી જતાં નગરપાલિકાની સફાઈ વ્યવસ્થાની પોલ ખુલી ગઈ હતી. અનેક વિસ્તારોમાં કાદવ અને ગંદકી ફેલાતા સ્થાનિક લોકોમાં અસંતોષ જોવા મળ્યો હતો. રાંચી હવામાન કેન્દ્ર દ્વારા જાહેર કરાયેલા અનુમાન મુજબ ૧૫ જૂને પલામૂ, ગઢવા, ચતરા અને લાતેહાર જિલ્લાઓમાં ગાજવીજ, આકાશી વીજળી અને ૪૦થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આ વિસ્તારો માટે યેલો અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.આ ઉપરાંત રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ ૨૦ જૂન સુધી ગાજવીજ સાથે વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જેને ધ્યાનમાં રાખીને યેલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

# NDA રાજ્યસભામાં ૨/૩ બહુમતીની નજીક : લોકસભામાં હજુ પનો ટૂંકો

નવી દિલ્હીઃ તૃણમૂલ કોંગ્રેસમાં ચાલી રહેલા બળવાને કારણે સંસદમાં NDAની સંખ્યાબળમાં વધારો થવાની શક્યતા છે. મહત્વપૂર્ણ બંધારણીય સુધારા વિધેયકો પસાર કરવા માટે NDA બંને ગૃહોમાં બે-તૃતિયાંશ બહુમતી હાંસલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. હાલની રાજ્યસભાની ચૂંટણી NDAને બે-તૃતિયાંશ બહુમતીના આંકડા તરફ વધુ નજીક લઈ જશે, પરંતુ લોકસભામાં TMCના સાંસદોના સમર્થન છતાં તે હજુ બે તૃત્યાંશ બહુમતીથી ઘણું દૂર છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્યસભામાં હાલ NDA પાસે ૧૪૮ સભ્યોનું સંખ્યાબળ છે. ઝારખંડ અને મિઝોરમમાં યોજાઈ રહેલી ચૂંટણીમાં અપક્ષ બેઠકો જીતતાં NDAને વધુ ત્રણ બેઠકો મળવાની શક્યતા છે.આ ઉપરાંત, TMXના ત્રણ રાજ્યસભા સભ્યોએ રાજીનામું આપ્યા બાદ પશ્ચિમ બંગાળની ત્રણેય બેઠકો પર યોજાનારી પેટાચૂંટણીમાં NDAને જીત મળવાની સંભાવના છે. તેનાથી NDAની સંખ્યા વધીને ૧૫૪ થશે, જે રાજ્યસભામાં બે-તૃતિયાંશ બહુમતી માટે જરૂરી ૧૬૩ના આંકડાથી માત્ર નવ બેઠકો ઓછી રહેશે. ઉપલા ગૃહમાં TMXના વધુ કેટલાક સભ્યો રાજીનામું આપે તેવી શક્યતા હોવાથી NDA ૧૬૩ના આંકડા સુધી પહોંચી શકે છે. આ સંખ્યાબળ મળતાં NDAને તમામ બંધારણીય સુધારા વિધેયકો પસાર કરવા માટે જરૂરી બહુમતી મળી જશે. જો કે, નવેમ્બર મહિનામાં ઉત્તર પ્રદેશના ૧૦ રાજ્યસભા સભ્યો નિવૃત્ત થતાં NDAનું સંખ્યાબળ થોડું ઘટી શકે છે. રાજ્ય વિધાનસભામાં વધેલી સંખ્યાને આધારે સમાજવાદી પાર્ટી રાજ્યસભામાં કેટલીક બેઠકો મેળવી શકે છે. વિપક્ષી INDIA ગઠબંધન પાસે હાલમાં ૬૪ રાજ્યસભા સભ્યો છે. જોકે, DMKના આઠ સભ્યો અને AAPના ત્રણ સભ્યો ગઠબંધનથી દૂર થયા બાદ તેની સંખ્યા ઘટી છે. રાજ્યસભામાં YSRCP અને BJD પાસે અનુક્રમે સાત અને છ બેઠકો છે,

# પોરબંદરમાં ૧૦૦ હેક્ટરમાં ફર્નિચર પાર્ક બનશે : ચીનને ટક્કરની તૈયારી





અમદાવાદ : પોરબંદરને ફર્નિચર સીટી તરીકે વિકસાવવા કેન્દ્ર અને રાજ્ય સરકારે પ્રયાસો આગળ વધાર્યા છે. અહીં ૧૦૦ હેક્ટરમાં ફર્નિચર પાર્ક બનાવવા તૈયારી શરૂ થઈ છે. જેના ભાગરૂપે કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ મનસુખભાઈ માંડવીયા અને રાજ્યના કેબીનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા સાથે દેશ-વિદેશના ૫૦થી વધુ ઉદ્યોગપતિઓની બેઠક યોજાઈ હતી.જેમાં બ્રિટીશ ડેપ્યુટી હાઈ કમિશનર સ્ટીફન હિકીંગ

અનુસંધાન પાના નં.૪ પર




# મનપાતંત્ર વ્હલાદવલા ત્યજે

# ગાંધીધામમાં ઓસ્લો સર્કલ માટે એક નિયમ અને કલેક્ટર રોડ માટે બીજો કેમ ?

# સુપ્રીમના આદેશની ઐસીતૈસી : કેબીન ધારક પ્રમુખને રાષ્ટ્રપતિએ સત્તા આપી છે?



**કમિશ્નરશ્રી તપાસ કરાવે : કલેક્ટર રોડ પર કેબિનોના વેપલા અને દબાણ માટે સત્તા કોણે આપી? શું કોઈ સમાંતર સરકાર ચાલી રહી છે?**

**ગાંધીધામના કલેક્ટર રોડ પર કોનું રાજ ? મહાનગરપાલિકાનું કે બની બેઠેલા 'પ્રમુખ'નું? વરસાદી નાળા પર કેબિનોના આડેધડ ખડકલા સામે સવાલો :**

કેબીનધારકના બની બેઠલ પ્રમુખનો જ કમિશ્નરશ્રી લે કડક ઉધડો : **પોતાની ચાર-પાંચ કેબીનો ઉપરાંત ૨૦થી વધુ કેબીનો બારોબાર ગોઠવાવી લીધી હોવાની છે આશંકા** : આ **બની બેઠેલ કેબીન ધારક** એસો.ના પ્રમુખ પર એફઆઈઆર જ કરાવો દાખલ : પોલીસ ફરીયાદ થશે, **કાયદાની ભીંષમાં લેવાશે તો જ આ બની બેઠલ પ્રમુખની શાન ઠેકાણે આવશે!**

## પાલિકાની મૂળ કેબિનોનું શું થયું?

**મનપાની પાંચ કેબીનો હતી એ પણ બારોબાર વહેંચી મારી છે? જુઓ તો ખરા આ બની બેઠલ પ્રમુખની કેટલી મનમાની ચાલે છે? કોઈ પુછતું પણ નથી? એનઓસીની કોઈ આવશ્યકતા હોય તો આ બની બેઠલ પ્રમુખની એનઓસી કેબીનધારકોને લેવી પડતી હોય છે, મનપાની નહી? મનપાના સમાંતર જ આ બની બેઠલ પ્રમુખ બિનધાસ્ત સત્તા ચલાવી રહ્યો છે?**

ગાંધીધામ : સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા છે કે અગાઉ જે કેબિનોની મર્યાદિત સંખ્યા હતી, તે આજે નોંધપાત્ર રીતે વધી ગઈ છે. જો કેબિનોની સંખ્યા વધેલી હોય તો તેના માટે કઈ પ્રક્રિયા અપનાવવામાં આવી? શું તમામ કેબિનોને અધિકૃત મંજૂરી છે? મહાનગરપાલિકાની મૂળ નોંધાયેલ કેબિનોનું હાલ શું થયું? આ મુદ્દે પારદર્શક તપાસ જરૂરી બની છે.

## કેબિનોના સોદા માટે અલગ સત્તા કેન્દ્ર?

ગાંધીધામ : ચર્ચાતી વિગતો મુજબ કેબિનોની ફાળવણી, હસ્તાંતરણ અથવા સ્થળાંતર જેવા મુદ્દાઓમાં સત્તાવાર પ્રક્રિયા કરતાં કેટલાક પ્રભાવશાળી તત્વોની ભૂમિકા વધુ જોવા મળી રહી હોવાનું કહેવાય છે. જો આ પ્રકારની સ્થિતિ હોય તો તે મહા નગરપાલિકાની સત્તાને પડકાર સમાન છે. સરકારી જમીન અને જાહેર સ્થળોના ઉપયોગ અંગેનો અંતિમ નિર્ણય કાયદા અને નિયમોથી જ થવો જોઈએ, વ્યક્તિગત પ્રભાવથી નહીં.

ગાંધીધામ :શહેરના અન્ય વિસ્તારોમાં ગેરકાયદે દબાણો સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે, ત્યારે કલેક્ટર રોડ વિસ્તારમાં દેખાતી સ્થિતિ અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. જો ઓસ્લો સહિતના વિસ્તારોમાં કાચી-પાક્કી કેબિનો દૂર કરી શકાય છે તો કલકેટર રોડ જેવા બીજા વિસ્તારમાં સમાન પ્રકારના નાળા પરના દબાણો સામે કાર્યવાહી કેમ નથી થતી? શું તંત્ર તમામ માટે સમાન ધોરણ અપનાવી રહ્યું છે કે પછી પસંદગીયુક્ત કાર્યવાહી થઈ રહી છે?ગાંધીધામ શહેરમાં એક તરફ દબાણ હટાવવાની ઝુંબેશ થોડા સમય પહેલા પૂરજોશમાં રીતે ચલાવાવમા આવી હતી. શહેરમાં વરસાદી નાળા પરના કાચા પાકકા દબાણો, પાણીની એકસપ્રેસ લાઈન પર ખડકાઈ ગયેલ દબાણો સહીતનાઓને ધડાધડ દુર કરી દેવામા આવ્યા હતા ત્યારે બીજીતરફ આ જ શહેરમાં કલેક્ટર રોડ વિસ્તારમાં વરસાદી નાળા ઉપર અને આસપાસ કેબિનો તથા કન્ટેનરોના ખડકલાઓ યથાવત જ રહી જતા અનેક સવાલો ઉભા થવા પામી રહ્યા છે. સામાન્ય નાગરિકોમાં ચર્ચા છે કે આખરે અહીં નિયમોનું પાલન થાય છે કે પછી કોઈના આશીર્વાદથી બધું મંજૂર ગણાય છે? ઓસ્લો સર્કલ પાસે કેબીનોને વરસાદી નાળાનું કારણ આપી અને એકઝાટકે જ ઉડાળી દેવામા આવી, દુર કરી દેવાઈ તો કલેકટર રોડ પર પણ વરસાદી નાળા પર આવા બેનામી દબાણો ખડકાયેલા નથી પડયા? કેમ અહી વ્હલાદવલાની નીતીઓ અપનાવાઈ રહી છે. આજ રોજ જયારે ઓસ્લો સર્કલવાળા કેબીનધારકોએ આવેદન આપ્યુ છે ત્યારે સવાલ થવો સહેજ જ બની જાય છે. કલેકટર રોડ પર બની બેઠલ પ્રમુખ આડેધડ આવી કેબીનો ખુદના ગજવા ગરમ કરવા માટે લ્હાણી કરી રહ્યો હોવાનુ ચર્ચાય છે તો શું આ બની બેઠેલ પ્રમુખને આમ કરવાની કોઈ વિશેષ સત્તા મળેલી છે? શુ તેને રાષ્ટ્રપતિએ સત્તા આપી છે આવુ કરવા માટેની?

નોધનયી છે કે, દેશની સર્વોચ્ચ અદાલત દ્વારા વરસાદી નાળા અને કુદરતી વહેણમાં અવરોધરૂપ બાંધકામો સામે સ્પષ્ટ માર્ગદર્શિકા આપવામાં આવી છે. છતાં કલેક્ટર રોડ વિસ્તારમાં વરસાદી નાળા પર કેબિનો ઉભી થતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જો આવા દબાણો માન્ય હોય તો પછી શહેરના અન્ય વિસ્તારોમાં સમાન ધોરણો કેમ લાગુ નથી પડતા? આ પ્રશ્નનો જવાબ તંત્રએ જનતા સમક્ષ સ્પષ્ટ કરવો જરૂરી છે.જાહેર માર્ગો, વરસાદી નાળા અને સરકારી જમીન અંગેનો કોઈપણ નિર્ણય પારદર્શક અને કાયદેસર હોવો જોઈએ. આથી શહેરના હિતમાં જરૂરી છે કે નવનિયુકત કમિશ્નરશ્રી સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરાવે, વાસ્તવિક સ્થિતિ જનતા સમક્ષ મૂકે અને જો કોઈ ગેરરીતિ થઈ હોય તો જવાબદારો સામે કડક પગલાં ભરે. વિકાસશીલ શહેર ગાંધીધામમાં કાયદાનું શાસન જળવાય અને તમામ માટે એકસરખા નિયમો અમલમાં આવે તે સમયની માંગ છે.

## ઓસ્લો ભીમ માર્કેટના ૨૦૦ કેબીન ધારકોની મનપા કમિશનર સમક્ષ વૈકલ્પિક જગ્યા માટે ઉગ્ર રજૂઆત




ગાંધીધામ : ગાંધીધામના ઓસ્લો વિસ્તારમાં આવેલા ભીમ માર્કેટના આશરે ૨૦૦ કેબીન ધારકો અને તેમના પ્રતિનિધિઓએ મહા નગરપાલિકાના કમિશનર શ્રી બી.ડી. દવેરાને રૂબરૂ મળી પોતાની સમસ્યાઓ અંગે વિસ્તૃત રજૂઆત કરી હતી. દુકાનદારોએ જણાવ્યું હતું કે ચાર મહિના અગાઉ મહાનગરપાલિકા દ્વારા ભીમ માર્કેટની કેબીનોનું ડિમોલેશન કરવામાં આવ્યું હતું અને તે સમયે વૈકલ્પિક જગ્યા ફાળવવા અથવા યોગ્ય વ્યવસ્થા કરવાની ખાતરી આપવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે ચાર મહિના વીતી જવા છતાં કેબીન ધારકો માટે કોઈ સ્પષ્ટ નિર્ણય લેવામાં આવ્યો નથી, જેના કારણે આશરે ૨૦૦ પરિવારો રોજગાર વિહોણા બની આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. વર્ષોથી ભીમ માર્કેટમાં વ્યવસાય કરીને પરિવારનું ગુજરાન ચલાવતા નાના વેપારીઓ માટે હાલની સ્થિતિ અત્યંત કઠિન બની ગઈ છે.દુકાનદારોએ વધુમાં જણાવ્યું હતું કે તેમની કેબીનોને અગાઉ લાયસન્સ અને એનઓસી આપવામાં આવ્યા હતા તેમજ તેઓ નિયમિત રીતે સફાઈ વેરો અને વીજળીના બિલની ચૂકવણી કરતા હતા. મહાનગરપાલિકા દ્વારા અન્ય વિસ્તારોમાં વેપારીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે ત્યારે ભીમ માર્કેટના કેબીન ધારકો માટે પણ યોગ્ય અને ઝડપી નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.કેબીન ધારકોના પ્રતિનિધિઓએ કમિશનર સમક્ષ કેબીનોના પુન:સ્થાપન અથવા વૈકલ્પિક દુકાનોની ફાળવણી માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. સાથે જ તેમણે સ્પષ્ટ કર્યું હતું કે જો યોગ્ય ન્યાય નહીં મળે તો આગામી સમયમાં આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવા માટે તેઓ મજબૂર બનશે.

## મનપાના કમિશ્નર-દબાણ શાખાના આમળે કાન : કરાવે આ કડક કામગરી..!

★ કલેક્ટર રોડ પર આવેલી તમામ કેબિનોની સ્થળ ચકાસણી કરીને અધિકૃત અને બિનઅધિકૃત કેબિનોની યાદી જાહેર કરવી જોઈએ. ★ દરેક કેબિન માટે મંજૂરી, ભાડા, લાયસન્સ અને અન્ય દસ્તાવેજોની ચકાસણી કરવી જરૂરી છે. ★ સરકારી જમીન પર કેબિનો ગોઠવવા કે તેનો વ્યવહાર કરાવવા પાછળ કોઈ વ્યક્તિ અથવા જૂથની ભૂમિકા હોય તો તેની જવાબદારી નક્કી કરવી જોઈએ. ★ શહેરના તમામ વિસ્તારોમાં દબાણ બાબતે એકસરખી નીતિ અપનાવી ભેદભાવના આક્ષેપો દૂર કરવા જોઈએ. ★ ગેરકાયદે વીજ જોડાણો, પાણી જોડાણો અથવા અન્ય સુવિધાઓ આપવામાં આવી હોય તો તેની પણ તપાસ થવી જોઈએ. ★ વરસાદી નાળા અને કુદરતી વહેણમાં અવરોધરૂપ દબાણો સામે તાત્કાલિક તકનિકી સર્વે કરીને યોગ્ય કાર્યવાહી કરવી જરૂરી છે.

## અનુભવ અને યુવા પ્રતિભા વચ્ચેનો મુકાબલા સાથે સ્ટેટ રેન્કિંગ ટીટી અમદાવાદમાં પરત ફરી



અમદાવાદ : પ્રથમ ગુજરાત સ્ટેટ રેક્િંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ૨૦૨૬ આ વખતે અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ લેક્સ, નારણપુરા ખાતે ૧૨થી ૧૫મી જૂન દરમિયાન યોજાઈ છે જેમાં શુક્રવારે મેન્સ અને અંડર-૧૯ બોયઝ ક્વોલિફાઈંગ રાઉન્ડ સાથે મુકાબલાનો પ્રારંભ થયો હતો. ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ)ના નેજા હેઠળ ટેબલ ટેનિસ એસોસિયેશન ઓફ અમદાવાદના ઉપક્રમે આ ટુર્નામેન્ટ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી યોજાઈ રહી છે. અરવલ્લીના ઉભરતા પ્રતિભા જન્મેજય પટેલ અને અમદાવાદના અભિલાક્ષ પટેલ મેન્સ કેટેગરીમાં જોવા મળશે કેમ કે તેઓ ઉચ્ચ ક્રમાંકિત સ્પર્ધકો સામે પોતાની છાપ છોડવા માટે પ્રયત્નશીલ છે. જન્મેજયને મેન્સ વિભાગમાં છઠ્ઠા ક્રમાંકિત કરવામાં આવ્યો છે અને તે અંડર-૧૯ બોયઝમાં ટોચનું ક્રમાંકિત સ્થાન ધરાવે છે, જ્યારે અભિલાક્ષને મેન્સમાં આઠમો અને અંડર-૧૯ બોયઝમાં ચોથો ક્રમ આપવામાં આવ્યો છે.બંને ખેલાડીઓએ ૨૦૨૫ની છેલ્લી ટુર્નામેન્ટમાં તેમની આક્રમક રમતથી સૌને પ્રભાવિત કર્યા હતા. ગયા ઓક્ટોબરમાં ગાંધીધામ ખાતે ગુજરાત સ્ટેટ અને આંતર-જિલ્લા ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં તેઓ સેમિફાઇનલ સુધી પહોંચ્યા હતા. આ જોડી હવે ઘરઆંગણે એક ડગલું આગળ વધવા અને તેમના મજબૂત પ્રદર્શનને પોડિયમ ફિનિશમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કરશે. મેન્સ કેટેગરીમાં ટોચનો ક્રમાંકિત પ્રથમ મદલાણી (બરોડા) પડકારનું નેતૃત્વ કરશે ત્યારબાદ જયનિલ મહેતા (રાજકોટ) અમદાવાદનો ત્રીજો ક્રમાંકિત ધૈર્ય પરમાર વધુ એક મજબૂત ફિનિશ સાથે પોતાની સ્થિતિ મજબૂત કરવાનો પ્રયાસ કરશે. આ સ્પર્ધામાં અભિાષ રાવલ (અમદાવાદ) અને અયાઝ મુરાદ (સુરત) જેવા અનુભવી દાવેદારો પણ ભાગ લેશે. અંડર-૧૯ બોયઝમાં વધુ એક રોમાંચક મુકાબલો થશે, જેમાં જન્મેજય પટેલ ક્રમાંકમાં આગળ રહેશે અને ત્યારબાદ હિમાંશ દહિયા (અમદાવાદ) અને વેદ પંચાલ (વડોદરા) આવશે. અભિલાક્ષ પટેલ ચોથા ક્રમાંકિત તરીકે પોતાના અભિયાનની શરૂઆત કરશે.

## રેણુકા ટ્રસ્ટ દ્વારા ૨૪ લાભાર્થી બહેનોને રાશનકીટ અપાઈ



ભુજ - કચ્છઉદય : માતા રેણુકા ટ્રસ્ટ દ્વારા ભુજ સમસ્ત બ્રહ્મ સમાજ છાત્રાલય ખાતે પ્રમુખ મંજુલાબેન ઉપાધ્યાય, સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રમ સમાજના ટ્રસ્ટી હિરાલાલભાઈ અજાણી, એડવોકેટ મુકેશભાઈ ઉપાધ્યાય, બિન્દુબેન મિનલ પલીવાડ, મોહીની વ્યાસ, પાયલ રાવલ, ધૃતિ સોમપુરાની ઉપસ્થિતિમાં ૨૪ લાભાર્થી બહેનોને રાશનકિટ આપવામાં આવી હતી.

૨૦૦૩થી સમાજની જરૂરીયાતમંદ બહેનોને આર્થિક સહાય, બાળકોનું સરસ્વતી સન્માન, માનસરોવર યાત્રા કરી આવેલ ભાઈનુ સનમાન, ધોરણ ૧૦ અને ૧૨ના વિધાર્થીઓને શુભેચ્છાઓ તેમજ દાતાઓનું સન્માન કરવામાં આવેલી હતું.

અધિક માસમાં વિધવા બહેનોને નિ:શુલ્ક યાત્રા, મીઠાઈ ફરસાણ, સાડી આપવામાં આવી હતી. મીઠાઈના દાતા તરીકે દિપક મારાજ રહ્યા હતા. સંચાલન કમલાબેન વ્યાસએ કર્યું હતું.

## સિમલામાં યોજાયેલ નેશનલ લેવલ નૃત્ય સ્પર્ધામાં અંજારની દીકરીઓનો ડંકો

**રાજ્યપાલના હસ્તે અંજારની ચંદે સિસ્ટર્સ ગોપી ક્રિષ્ન નેશનલ એવોર્ડથી સન્માનિત**







અંજાર - કચ્છઉદય : સિમલા મધ્યે નેશનલ લેવલની નૃત્ય સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાસ્ત્રીય નૃત્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ અંજારની ચંદે સિસ્ટર્સ તરીકે જાણીતી ડૉ. કિન્નરી અને બાગેશ્રી ચંદે બંને બહેનોને હિમાચલ પ્રદેશના રાજ્યપાલ કોવિંદર ગુપ્તાજીના હસ્તે "ગોપી ક્રિષ્ન નેશનલ એવોર્ડ" વડે સન્માનિત કરાયા હતા. રાજ્યોની ૨૭૦ જેટલી કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. ચંદે સિસ્ટર્સના નિદર્શન અને માર્ગદર્શન હેઠળ નાટ્યાલય અંજારના અલગ અલગ વય જૂથના કલાકારોએ ક્લાસિકલ, સેમી ક્લાસિકલ અને ફોક ડાન્સની સોલો, ડ્યુએટ અને ગ્રુપ ડાન્સની વિવિધ કૃતિઓ પ્રસ્તુત કરીને આયોજકો, નિર્ણાયકો અને દર્શકોના દિલ જીતી લીધા હતા. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ કલાકારો વિવિધ એવોર્ડ વડે સન્માનિત થયા હતા.

નાટ્યાલય અંજાર દ્વારા પ્રસ્તુત થયેલ કૃતિઓમાં ૧૦ પ્રથમ સ્થાન સહિત કુલ ૩૦ એવોર્ડ મળ્યા હતા. જેમાં શાસ્ત્રીય નૃત્ય મોહિનીઅટમમાં બાગેશ્રી ચંદેએ તથા કુચીપુડીમાં ડૉ. કુ. કિન્નરી ચંદેએ શાનદાર પ્રસ્તુતિ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાસ્ત્રીય નૃત્ય ભરતનાટ્યમ શૈલીમાં વિવિધ વયજૂથના સોલો પરફોર્મન્સમાં દિતી પાટડીયા, આધ્યા ઠક્કર, નાઈશા રાઠોડ, નિયતિ વરુ, ધ્રુવી દલાલ, હેન્સી સચદે, માહી ઉપાધ્યાય, પલક માણેક અને ઝલક ઠક્કર વિજેતા બન્યા હતા. શાસ્ત્રીય નૃત્ય શૈલીમાં વિવિધ વયજૂથના ડ્યુએટ પરફોર્મન્સમાં કિન્નરી ચંદે અને બાગેશ્રી ચંદે તેમજ અનન્યા મહર અને માહી ઉપાધ્યાયની જોડીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. શાસ્ત્રીય નૃત્ય ભરતનાટયમ શૈલીમાં વિવિધ વયજૂથમાં ગ્રુપ પર્ફોર્મન્સમાં શ્લોકાંજલિ ગ્રુપે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ક્લાસિકલ નૃત્ય શૈલીના વિવિધ વય જૂથના સોલો પરફોર્મન્સમાં દિતી પાટડીયા, આધ્યા ઠક્કર, અનન્યા મહર, ઝલક ઠક્કર, સમહીતા ભાટ, ધ્યાની શાહ, વિધિ જોગી, તુલસી મહર અને જાનકી ચૌહાણ વિજેતા બન્યા હતા.

સેમી ક્લાસિકલ નૃત્ય શૈલીના વિવિધ વય જૂથના ડ્યુએટ પરફોર્મન્સમાં દિતી પાટડીયા અને મોહિની જોટગીયા તથા ઈવા અને જીગ્ના બારમેડાની જોડીએ પ્રથમ, હેન્સી સચદે અને પલક માણેકની જોડીએ દ્વિતીય સ્થાન જયારે ધ્રુવી દલાલ અને નિયતિ વરુએ ચેરમેન એવોર્ડ મેળવ્યો હતો. સ્વામિ અયપ્પન્ન ગ્રુપે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. ફોક નૃત્ય શૈલીના વિવિધ વય જૂથના ગ્રુપ પરફોર્મન્સમાં ગૃહિણીઓ (મમ્મી ગ્રુપ) દ્વારા આશાપુરા ગ્રૂપે પ્રથમ અને બાળકો દ્વારા પ્રસ્તુત કચ્છી ફોક નૃત્યે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. વિજેતાઓને રોહિત્સવ ગૌડ હસ્તે સન્માનિત કરાયા હતા.

નાટ્યાલય અંજારની દીકરીઓની આ અનોખી સિદ્ધિ બદલ શ્રી સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ અને કલાગુરૂ સુમા મેડમ તથા જ્યોતિષાચાર્ય પ્રતાપરાય જોષીએ આશીર્વાદ પાઠવ્યા તથા અંજાર લોહાણા મહાજનના પ્રમુખ પીન્ટુભાઈ ચંદે અને ટ્રસ્ટીગણ તથા મહાજન સંલગ્ન મંડળોના સર્વે સદસ્યો, પરિવારજનો અને સ્નેહીજનો તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## અંજારની હાર્મની આર્ટસ એન્ડ કલ્ચર સંસ્થાએ કર્યુ કચ્છના કલારસિકોનું સન્માન







ગાંધીધામ - કચ્છઉદય : અંજારના સંજયભાઈ શાહ અને શીતલબેન શાહ સંચાલિત "હાર્મની આર્ટસ એન્ડ કલ્ચર' સંસ્થા દ્વારા 'હાર્મની એવોર્ડ - ૨૦૨૬'નું આયોજન રજનીભાઈ પટવા, શ્રેયસભાઈ પટવા, શિવાનીબેન શાહ, ડો. વિરાટભાઈ શાહ, જાણીતા સાહિત્યકાર ડો. ગૌતમભાઈ જોશી, શિક્ષણવિદ નેષદભાઈ મહેતા, ડો. રમેશભાઈ ભટ્ટ "રશ્મિ', કાર્ટુનિસ્ટ રમેશભાઈ દેવરિયા, પૂજાબેન ગઢવી 'મંથના' વિગેરેની ઉપસ્થિતિમાં અંજાર ટાઉનહોલ ખાતે યોજાયો હતો. શરૂઆતમાં પદ્મ નારાયણ જોશી 'કારાયલ', ડો. ગૌતમભાઈ જોશી, નૈષદભાઈ મહેતા, વાલજીભાઈ દનિચા, સંજયભાઈ શાહ, શહેનાઝ શેખ વગેરેના હસ્તે દીપ પ્રાગટય બાદ અનિલભાઈ ગજ્જર અને સાથીઓ દ્વારા સુગમ સંગીત પીરસવામાં આવ્યું હતું. એવોર્ડ વિતરણ સમારોહમાં લગભગ ૬૯ જેટલા વિવિધ વિભાગમાં એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા, જેમાં નોધપાત્ર એવોર્ડમાં વિનોદભાઈ સોલંકીને કચ્છ ગૌરવ એવોર્ડ, પદ્મ કારાયલજીને એચિવમેન્ટ એવોર્ડ, વલમજીભાઈ હુબલને કોર્પોરેટ એવોર્ડ, દિનેશ રાવલને અંજાર રત્ન એવોર્ડ, ડો. મધુકાન્ત આચાર્યને એક્સેલન્સ એવોર્ડ, નંદલાલ છાંગા, રજનીભાઈ પટેલ, હસમુખ કોડરાણી, વાલજીભાઈ દનિચા, વાડીલાલ પોકાર, કવિ પબુભાઈ ગઢવી "પુષ્પ', શહેનાઝ શેખ, દક્ષાબેન સંઘવી, કોશલ છાયાને એક્સેલન્સ એવોર્ડ અર્પણ કરાયા હતા. ઉપરાંત ફરહાન મેમણ જ્વેર ઓફ ધ ટાઉન, નારાયણ રાઠોડને ગેવેન્ટ્રી એવોર્ડ, પ્રમોદભાઈ જેઠી અને નરેશભાઈ અંતાણીને આર્કિયોલોજી એવોર્ડ, અનિલભાઈ ગજજરને સંગીત શિરોમણી એવોર્ડ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અર્પણ કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન વિરાજબેન મહેતાએ કર્યું હતું.

## નખત્રાણાના ડાડોર અને ઝાલુ સીમાડામાં સરકારી અને ગૌચર જમીન પર વ્યાપક દબાણ

**પશુપાલન પર નભતા ગામોમાં ૫૦૦૦થી વધુ પશુઓ માટે ચરિયાણની અછત; દબાણકારો દ્વારા ગેરકાયદે સિંચાઈ અને વૃક્ષછેદન થતો હોવાની મામલતદારને રજૂઆત**

નખત્રાણા : તાલુકાના ડાડોર અને ઝાલુ ગામની સીમમાં આવેલી સરકારી પડતર, જંગલ ખાતાની અને ગૌચર જમીનો પર છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા પાયે ગેરકાયદેસર દબાણો થયા હોવાની ફરિયાદ ઉઠી છે. આ મામલે વંગ જૂથ ગ્રામ પંચાયતના માજી ઉપસરપંચ બળવંતસિંહ ઉર્ફે હઠુભા જાડેજા દ્વારા નખત્રાણા મામલતદાર સહિતના ઉચ્ચ અધિકારીઓને લેખિત રજૂઆત કરી સત્વરે દબાણો દૂર કરવા માંગ કરવામાં આવી છે.

અરજીમાં જણાવ્યા અનુસાર, સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિમાં ખાડા-ટેકરા અને ડુંગરાળ વિસ્તાર સિવાયની તમામ ઉપયોગી જમીનો પર માથાભારે શખ્સો દ્વારા કબ્જો જમાવી દેવામાં આવ્યો છે. ડાડોર અને ઝાલુ ગામ મુખ્યત્વે પશુપાલન અને સૂકી ખેતી પર નભે છે. બંને ગામોમાં મળીને આશરે ૨૦૦૦થી ૨૨૦૦ ગાય-ભેંસ, ૨૦૦૦થી ૨૫૦૦ ઘેટાં-બકરાં અને ઊંટો સહિતનું મોટું પશુધન આવેલું છે. છેલ્લા ૫ થી ૭ વર્ષમાં ગૌચર અને પડતર જમીનો પર દબાણ થઈ જતાં પશુઓ માટે ચરિયાણની જગ્યા બચી નથી. હાલમાં માત્ર ધીણોધર ડુંગર જ બચ્યો છે, પરંતુ તે પથરાળ હોવાથી ત્યાં પૂરતો ઘાસચારો થતો નથી. ચરિયાણના અભાવે પશુપાલકોની સ્થિતિ અત્યંત કફોડી બની છે. રજૂઆતમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે, અમુક શખ્સોએ પોતાની ખાનગી જમીનની આસપાસની સરકારી જમીન ભેળવી દીધી છે. આ ઉપરાંત, દબાણકારો દ્વારા ભૂખી ડેમ અને ઝાલુ નાની સિંચાઈ ડેમમાંથી ગેરકાયદેસર રીતે પાણી ખેંચીને દબાણવાળી જમીનમાં રોકડિયા પાકની ખેતી કરવામાં આવી રહી છે. પાણીના આ વેડફાટથી કાયદેસરના અને નાના ખેડૂતોને અન્યાય થઈ રહ્યો છે.

રજુઆતમાં જણાવ્યા પ્રમાણે જંગલ ખાતાની અને સરકારી જમીનો પર કોઈપણ પ્રકારની મંજૂરી વિના ગાંડા બાવળ તેમજ લીલી વનસ્પતિઓ કાપવામાં આવી રહી હોવાની ફરિયાદ કરાઈ છે. આડેધડ થઈ રહેલા આ વૃક્ષવેચ્છેદનના કારણે કુદરતી વનસંપત્તિ નષ્ટ થઈ રહી છે અને જંગલી પ્રાણીઓના જીવ પણ જોખમમાં મુકાયા છે. અરજદારે ચિંતા વ્યક્ત કરી છે કે, આગામી ચોમાસામાં વરસાદ પડતાં જ ભૂમાફિયાઓ વધુ સક્રિય થશે અને બાકી રહેલી સરકારી પડતર જમીનો ખેડીને ફરતે કાંટાળી વાડ કરી કબ્જો જમાવી લેશે. જો આમ થશે તો સ્થાનિક પશુપાલકોને નાછૂટકે પોતાનું પશુધન લઈને બન્ની વિસ્તાર, ભગાડીયા કે છછલા ગામો તરફ કાયમી હિજરત કરવી પડશે. આ ગંભીર સમસ્યાઓ અંગે અરજદારે માંગ કરી છે કે વહીવટી તંત્ર દ્વારા અરજદારને સાથે રાખીને સ્થાનિકે રૂબરૂ સ્થળ નિરીક્ષણ કરવામાં આવે, ખાનગી માલિકીની કાયદેસર જમીન સિવાયના તમામ દબાણો તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવે, દબાણકારો સામે કડક કાયદાકીય કાર્યવાહી થાય જેથી ગામમાં થતા વાદ-વિવાદ અટકે.

આ લેખિત રજૂઆતની નકલો નખત્રાણાના મદદનીશ કલેક્ટર, પશ્ચિમ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર, તાલુકા વિકાસ અધિકારી અને નિરોણા પોલીસને પણ મોકલી આપવામાં આવી છે. આગામી સમયમાં વહીવટી તંત્ર આ મામલે શું પગલાં લે છે તે જોવું રહ્યું.

## ભુજને સિટી બસ અપાવવા માટે સાંસદ, ધારાસભ્ય અને પાલિકાની ટીમની નેમ



ભુજ - કચ્છ ઉદય : નગરપાલિકાની નવનિર્વાચિત ટીમ, ધારાસભ્ય, સાંસદ દ્વારા એક વર્ષમાં ભુજને મહાનગરપાલિકા અને શહેરને સિટી બસ આપવાની નેમ વ્યક્ત કર્યો હતો. હાલમાં જ સર્વતમ ભુજ સંઘર્ષ સમિતિએ જન સંપર્ક કાર્યાલય ખાતે મળેલ અને આવેદનપત્ર સિટી બસ માટે આપેલ. રજૂઆત દરમિયાન કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીએ માહિતી આપી હતી કે, સિટીબસ માટે બે કોન્ટ્રાક્ટર ભુજના બે કચ્છ બહારના સાથે વાતચીત ચાલી રહી છે. જેના પરિણામ સ્વરૂપે શહેરને સિટીબસ મળવાની શક્યતા પ્રબળ બની છે. સાંસદે સિટીબસને પુરતો ટ્રાફિક મળી રહે તે માટે મંથલી પાસ ભેગા કરવાની કામગીરી સમિતિએ કરવાની રહેશે તેમ જણાવ્યું હતું. સિટી બસનો ઉપયોગ વધે તે માટે જેથી ટ્રાફિક મળી રહે. પ્રજા જાગૃતિ લાવવાની જવાબદારી પણ સમિતિ ઉપાડશે. મુલકાતમાં ડો. નેહલ વૈદ્ય, હિતેશ ભાવસાર, ધર્મેન્દ્રભાઈ, ઈરશાદભાઈ હાજર રહ્યા હતા. સિટી બસ એક્ટિવીટર ભૂપેન્દ્રભાઈ મહેતા અનિવાર્ય કારણોસર હાજર રહી શક્યા ન હતા. સમિતિ દ્વારા સનસિટી રેસિડેન્સી ભુજ, અમરેધા ફાઉન્ડેશન માધાપર, કલાવૃંદ કલબ, રોટરી કલબ (આરસીસી), યુનિટ ઈન્ડિયા ભુજ, સિનિયર સિટિઝન કાઉન્સિલ, કચ્છ ઈતિહાસ પરિષદ, જાયન્ટ્સ ગ્રૂપ ઓફ ભુજ સિટી બસની માંગણીમાં જોડાયા હતા. ભુજ ચેમ્બર ઓફ કોમર્સ, ભુજ ડેવલપમેન્ટ કાઉન્સિલર સ્વતંત્ર રીતે નગરપાલિકામાં રજૂઆત કરી છે.

# પૂર્વ કચ્છ SP સાગર બાગમારની વ્યાજખોરી સામે કડક કાર્યવાહી : ૧૦થી વધુ અરજદારોને રૂબરૂ મળી ત્વરિત નિકાલની ખાતરી



ગાંધીધામ : પૂર્વ-કચ્છ ગાંધીધામ પોલીસ દ્વારા વ્યાજખોરીની બદી દૂર કરવા તથા તેના કારણે સર્જાતા ગંભીર બનાવોને અટકાવવાના હેતુથી વિશેષ જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ અને પ્રજા વચ્ચે સીધો સંવાદ સ્થાપિત થાય તેમજ વ્યાજખોરીનો ભોગ બનેલા લોકો નિર્ભયપણે પોતાની રજૂઆત કરી શકે તે માટે પોલીસ અધિક્ષક કચેરી ખાતે અરજદારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમાર સાહેબે ૧૦થી વધુ અરજદારોને રૂબરૂ મળી તેમની રજૂઆતો સાંભળી હતી. તેમણે દરેક અરજીઓની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવશે તેમજ યોગ્ય કાયદેસરની કાર્યવાહી સાથે ત્વરિત નિકાલ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી. આ વેળાએ PI શ્રી એસ.એન. કરંગીયા તથા PI શ્રી વાઘેલા પણ ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા વ્યાજખોરી જેવી સામાજિક બદી સામે લોકો આગળ આવી નિર્ભયપણે ફરિયાદ નોંધાવે તેવી અપીલ પણ કરવામાં આવી હતી.

# બુધવારે મોદી - ટ્રમ્પ વચ્ચે મુલાકાત

નવી દિલ્હીઃ હાલ જી-૭ દેશોની શિખર પરિષદમાં હાજરી આપવા પહોંચેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, આ શિખર પરિષદની સાથોસાથ બુધવારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વીપક્ષી મંત્રણા યોજશે. પ્રમુખ ટ્રમ્પ સતા પર આવ્યા બાદ બન્ને રાષ્ટ્રવડાઓની આ બીજી મુલાકાત છે પણ તે દરમ્યાન બન્ને દેશો વચ્ચે ટેરીફથી લઈ રશિયન ક્રુડતેલ ખરીદી, હોર્મુઝ જળમાર્ગમાં ફસાયેલા ભારતીય જહાજો પર અમેરિકી દેશોના હુમલા તથા કુલ ચાર ભારતીયોના મોત તથા અમેરિકાની પાકિસ્તાનની વધતી જતી નજદીકી આ તમામ પ્રક્રિયા બન્ને દેશો વચ્ચે તનાવ લાવ્યા છે. તેમાં આ મુલાકાત મહત્વની છે.

# મમતા બેનરજી ગુમાવશે તૃણમૂલ કોંગ્રેસનું નામ અને પ્રતીક ? ૨/3 સાંસદો સાથે સુદીપ બંદોપાધ્યાયનો મોટો દાવ

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળમાં સત્તા છીનવાઈ ગયા પછી મમતા બેનરજીની મુશ્કેલીઓ સતત વધી રહી છે. તૃણમૂલ કોંગ્રેસમાં એક બહુ મોટો બળવો થયો છે, જેના કારણે મમતા બેનરજીને જોરદાર ફટકો પડ્યો છે. ટીએમસીના બળવાખોર સાંસદોએ હવે ત્રિપુરાની એક નાની રાજકીય પાર્ટી સાથે જોડાણ કરવાનો નિર્ણય કર્યો છે. આ સાંસદોએ લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે મુલાકાત કરીને સંસદમાં પોતાના માટે અલગ બેઠક વ્યવસ્થા કરવાની માંગ પણ કરી છે. આ રાજકીય ઊથલપાથલ વચ્ચે એવી ચર્ચાઓ પણ તેજ થઈ ગઈ છે કે ભાજપના નેતૃત્વવાળા એનડીએ ગઠબંધનને લોકસભામાં તેનો સૌથી મોટો સહયોગી પક્ષ મળવા જઈ રહ્યો છે.લોકસભામાં બે-તૃતીયાંશ સાંસદોના બળવા પછી, બળવાખોર જૂથને જે મોટા નેતાની શોધ હતી તે હવે પૂરી થઈ ગઈ છે. મમતા બેનરજીના ક્યારેક સૌથી વિશ્વાસુ અને લોકસભામાં ટીએમસીના સંસદીય દળના નેતા રહેલા સુદીપ બંદોપાધ્યાય હવે સત્તાવાર રીતે બળવાખોર જૂથમાં જોડાઈ ગયા છે. બળવાખોર જૂથમાં જોડાતાની સાથે જ તેમણે મમતા બેનરજી સામે મોરચો ખોલ્યો છે. સુદીપ બંદોપાધ્યાયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, બળવાખોરોનું ત્રિપુરાની પાર્ટીમાં વિલીનીકરણ માત્ર એક કામચલાઉ વ્યવસ્થા છે અને ટૂંક સમયમાં તેઓ મોટો દાવ રમશે.

લોકસભામાં ટીએમસીના ૨૮માંથી ૨૦ સાંસદોનું સમર્થન હોવાનો દાવો કરતા સુદીપ બંદોપાધ્યાયે તેમની લાંબાગાળાની વ્યૂહરચનાનો ખુલાસો કર્યો છે. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં સંકેત આપ્યા છે કે, આગામી જુલાઈ મહિનામાં આ બળવાખોર જૂથ ચૂંટણી પંચ અને કોર્ટ સમક્ષ સત્તાવાર માંગણી રાખશે કે તેમની પાસે બે-તૃતીયાંશ બહુમતી હોવાથી તેમને જ અસલી તૃણમૂલ કોંગ્રેસ માનવામાં આવે અને પાર્ટીનું નામ તથા પ્રતીક પણ તેમને જ આપવામાં આવે. તેમણે કહ્યું કે, જ્યારે તમે બે-તૃતીયાંશ બહુમતી સાથે પાર્ટી છોડો છો ત્યારે આ જ કાયદાકીય પ્રક્રિયા હોય છે અને હવે કોર્ટ આના પર આખરી નિર્ણય કરશે.લોકસભામાં બળવાખોર સાંસદોની આગેવાની કરી રહેલા કાકોલી ઘોષ દસ્તીદારે જણાવ્યું કે, તૃણમૂલ કોંગ્રેસના ૨૦ સાંસદોએ સ્પીકર ઓમ બિરલાને સોંપેલા આવેદનપત્ર પર સહી કરી છે.

# પંજાબમાં સમય પહેલાં થઈ શકે છે વિધાનસભા ચૂંટણી! ઉત્તરાખંડ અંગે પણ અટકળો તેજ

નવી દિલ્હી:પંજાબમાં આગામી વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. સામાન્ય રીતે રાજ્યમાં ફેબ્રુઆરી ૨૦૨૭માં ચૂંટણી યોજાવાની હતી, પરંતુ હવે એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે ચૂંટણી પંચ નવેમ્બર ૨૦૨૬માં જ ચૂંટણી યોજવાનો વિચાર કરી શકે છે. આ અટકળોએ રાજ્યની મુખ્ય રાજકીય પાર્ટીઓમાં હલચલ મચાવી દીધી છે અને તમામ પક્ષોએ પોતાની Election Strategy પર કામ શરૂ કરી દીધું છે.રાજકીય સૂત્રોના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૭ની શરૂઆતમાં અનેક મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યક્રમો યોજાવાના છે. ૧૪ જાન્યુઆરી ૨૦૨૭થી હરિદ્વારમાં ભવ્ય Kumbh Mela શરૂ થવાનો છે, જેમાં દેશભરમાંથી કરોડો શ્રદ્ધાળુઓ ભાગ લેશે. બીજી તરફ ૧ ફેબ્રુઆરી ૨૦૨૭થી Census ૨૦૨૭ના બીજા તબક્કાની કામગીરી શરૂ થવાની છે. આ બંને મોટા કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ માટે ચૂંટણી પ્રક્રિયા, સુરક્ષા વ્યવસ્થા અને વહીવટી સ્ટાફનું સંચાલન પડકારરૂપ બની શકે છે. તેથી પંજાબમાં ચૂંટણી નવેમ્બર ૨૦૨૬માં યોજવાની શક્યતા અંગે ચર્ચાઓ તેજ બની છે. આ અટકળો વચ્ચે કોંગ્રેસ પાર્ટીએ પણ ચૂંટણીની તૈયારીઓ ઝડપી બનાવી છે. પાર્ટી હાઈકમાન્ડ દ્વારા ચૂંટણી સંબંધિત આયોજન માટે વિશેષ Committee બનાવવાની ચર્ચા ચાલી રહી છે. માનવામાં આવે છે કે કોંગ્રેસ રાજ્ય સંગઠનમાં પણ કેટલાક મોટા ફેરફારો કરી શકે છે જેથી ચૂંટણી પહેલાં પક્ષને વધુ મજબૂત બનાવી શકાય. કોંગ્રેસના નેતાઓનું માનવું છે કે જો ચૂંટણી સમય પહેલાં જાહેર થશે તો પાર્ટી તૈયાર રહે તે માટે અત્યારથી જ ર્યેહિક્ષ નેદ્દીક્ષ પર કામગીરી શરૂ કરવી જરૂરી છે. પંજાબ હાલમાં આમ આદમી પાર્ટી માટે સૌથી મહત્ત્વપૂર્ણ રાજ્ય માનવામાં આવે છે. દિલ્હીમાં સત્તા ગુમાવ્યા બાદ પંજાબ AAPનું સૌથી મોટું રાજકીય ગઢ બની ગયું છે. આવી સ્થિતિમાં પાર્ટી ફરી એકવાર રાજ્યમાં સત્તા જાળવી રાખવા માટે સંપૂર્ણ તાકાત લગાવશે. સૂત્રો મુજબ AAP પહેલેથી જ Booth Management, Public Outreach અને Campaign Planning પર કામ શરૂ કરી ચૂકી છે. પાર્ટીના ટોચના નેતાઓ રાજ્યમાં સતત મુલાકાતો કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી પણ આ વખતે પંજાબમાં પોતાની હાજરી વધુ મજબૂત બનાવવા પ્રયાસ કરી રહી છે. પાર્ટી રાજ્યમાં સંગઠન વિસ્તરણ, નવા ચહેરાઓને તક અને વિવિધ સામાજિક જૂથો સુધી પહોંચવા માટે વિશેષ અભિયાન ચલાવી રહી છે. વિશ્લેષકોનું માનવું છે કે જો ચૂંટણી સમય પહેલાં યોજાશે તો BJP પણ પોતાની ચૂંટણી રણનીતિમાં ઝડપ લાવશે.

માત્ર પંજાબ જ નહીં, પરંતુ ઉત્તરાખંડમાં પણ સમય પહેલાં વિધાનસભા ચૂંટણી યોજાવાની ચર્ચાઓ ચાલી રહી છે. ઉત્તરાખંડમાં પણ હાલના કાર્યક્રમ મુજબ ૨૦૨૭ની શરૂઆતમાં ચૂંટણી થવાની છે. જો ચૂંટણી પંચ વહીવટી અને લોજિસ્ટિક કારણોસર ચૂંટણી કાર્યક્રમમાં ફેરફાર કરે છે, તો પંજાબ સાથે ઉત્તરાખંડમાં પણ ચૂંટણી વહેલી યોજાવાની સંભાવના નકારી શકાય નહીં.

# આસામમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને નવાં આધાર કાર્ડ નહીં મળે

ગુવાહાટી : આસામની ભાજપ સરકારે આધાર કાર્ડને લઈને મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અંગે મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ શનિવારે જણાવ્યું હતું કે, રાજ્યમાં હવે ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને નવા આધાર કાર્ડ આપવામાં આવશે નહીં. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ દ્વારા આ દસ્તાવેજ મેળવતા રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો કોઈ અપવાદરૂપ કેસ હોય, તો જિલ્લા કમિશનરે રાજ્ય સરકારને દરખાસ્ત મોકલવી પડશે, ત્યારબાદ પાત્રતા ચકાસીને સરકાર નિર્ણય લેશે.મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં આધાર કાર્ડ ઈશ્યુ કરવાનો દર કેટલાક જિલ્લાઓમાં ૧૦૦ ટકાથી વધુ થઈ ગયો છે, જે ચિંતાનો વિષય છે. જો કે, ચા જનજાતિ સમુદાય, અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે આધાર કાર્ડની પ્રક્રિયા ચાલુ રહેશે, કારણ કે ઘણા લોકોને હજુ પણ કાર્ડ મળવાના બાકી છે. જોકે, ૧ એપ્રિલ, ૨૦૨૭થી આ સમુદાયો માટે પણ ૧૮ વર્ષથી ઉપરના લોકો માટે આધાર કાર્ડની સેવા સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. ૧૮વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે આધાર કાર્ડની પ્રક્રિયા ચાલુ રહેશે.આ ઉપરાંત, કેબિનેટે રાજ્યમાં નવા ગ્રામીણ રોજગાર યોજનાનો કાયદો(ના અમલીકરણને પણ મંજૂરી આપી છે, જે ૧ જુલાઈથી લાગુ થશે. આ માટે ૨૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જે હેઠળ ૧૨૫ દિવસના વેતન રોજગારનું સર્જન કરવામાં આવશે. સાથે જ, ગુવાહાટીની આસપાસ સેટેલાઈટ શહેરોના આયોજન અને વિકાસ માટે 'ગુવાહાટી સેટેલાઈટ સિટીઝ ડેવલપમેન્ટ ઓથોરિટી'ની સ્થાપના કરવામાં આવશે.

# ભારતની પહેલી ૮-લેન ટનલ ખુલવા માટે તૈયાર: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેમાં એક મોટો ફેરફાર

નવી દિલ્હી : દિલ્હી અને મુંબઈ વચ્ચે સરળ, ઝડપી અને પર્યાવરણને અનુકૂળ રોડ મુસાફરીની રાહ ટૂંક સમયમાં પૂરી થવાની છે. ભારતીય માળખાગત સુવિધાઓ માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ, ભારતની પહેલી ૮-લેન ટનલ ૨૦ જૂન, ૨૦૨૬ ના રોજ ટ્રાફિક માટે ખુલવાની છે. રાજસ્થાનના હૃદયમાં બનેલ એન્જિનિયરિંગનું આ ભવ્ય પરાક્રમ, દેશમાં લાંબા અંતરની મુસાફરી કેવી રીતે થાય છે તે બદલવા માટે તૈયાર છે.૪.૯ કિલોમીટર લાંબી ટ્વીન-ટ્યુબ ટનલ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે. રાજસ્થાનના કોટા નજીક પર્યાવરણીય રીતે સંવેદનશીલ મુકુન્દ્ર હિલ્સ ટાઈગર રિઝર્વની નીચે બનેલ, આ પ્રોજેક્ટ વિકાસ અને સંરક્ષણ વચ્ચે સંપૂર્ણ સંતુલન સ્થાપિત કરે છે. ટ્રાફિકને ભૂગર્ભમાં ખસેડીને, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ ખાતરી કરી છે કે વાઘ અભયારણ્યના કુદરતી નિવાસસ્થાનને સુરક્ષિત રાખવામાં આવે. આ અભિગમ પ્રાણીઓના નિવાસસ્થાનના વિભાજનને ઘટાડે છે, જેનાથી ઉપર જંગલી પ્રાણીઓની અવરજવર અવરોધ વિના થાય છે, જ્યારે નીચે હાઈ-સ્પીડ ટ્રાફિક સરળતાથી ચાલે છે.ઉચ્ચ ક્ષમતાઃ દેશની પ્રથમ ૮-લેન ટનલ તરીકે, તે ભીડ પેદા કર્યા વિના ભારે ટ્રાફિકને નિયંત્રિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.ટ્વીન-ટ્યુબ ડિઝાઈનઃ આ ૪.૯-કિલોમીટર લાંબા વિભાગમાં ટ્રાફિક માટે અલગ માર્ગો પૂરા પાડવા માટે બે ટ્યુબ છે. અનોખું સ્થાનઃ દિલ્હી-વડોદરા વિભાગના ભાગ રૂપે, તે મુશ્કેલ અને વળાંકવાળા પર્વતીય રસ્તાઓને ટાળે છે જે ડ્રાઈવરોને અગાઉ કોટા નજીક નેવિગેટ કરવા પડતા હતા. બધા મુસાફરોની સલામત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે અત્યાધુનિક મોનિટરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુરક્ષા પ્રણાલીઓ સ્થાપિત કરવામાં આવી છે.આ ટનલનું ઉદઘાટન રોડ પ્રવાસીઓ અને લોજિસ્ટિક્સ સેવા પ્રદાતાઓ માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે. વળાંકવાળા પર્વતીય રસ્તાઓથી સીધા, હાઈ-સ્પીડ ભૂગર્ભ માર્ગ પર સ્વિચ કરવાથી ઘણા તાત્કાલિક ફાયદા થાય છે.

## પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા વચ્ચે નિર્ણય

# ભારતમાં ૧૦૦ ટકા ઇથેનોલ ઇંધણને કાયદેસરની મંજૂરી અપાઇ : ગડકરી

નવી દિલ્હી : કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતીન ગડકરીએ ઈથેનોલને લઈને મોટી જાહેરાત કરી છે. ગડકરીએ ભારતમાં ઉપયોગી ઈ૧૦૦ ૧૦૦ ટકા ઈથેનોલ ઈંધણના ઉપયોગને મંજૂરી આપતા નિયમો પર સહી કરી દીધી છે. આ નિર્ણય બાદ હવે દેશમાં પુરી રીતે ઈથેનોલ પર ચાલતા વાહનો આવવાનું પણ શરૂ થઇ જશે. દિલ્હીમાં ઈ૮૫ ફ્યૂલ લોંન્ચ થયાના કેટલાક સપ્તાહ બાદ આ જાહેરાત કરવામાં આવી છે. જે દર્શાવે છે કે સરકાર વર્તમાન ૨૦ ટકા ઈથેનોલ પ્રોગ્રામથી પણ આગળ વધવાનો પ્રયાસ કરી રહી છે. નાગપુરમાં એક કાર્યક્રમમાં ગડકરીએ જણાવ્યું હતું કે મે ઈથેનોલના કાયદેસર ઉપયોગ સાથે જોડાયેલી ફાઈલોને મંજૂરી આપી દીધી છે. અત્યાર સુધી દેશનું ધ્યાન પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવા ઈ૨૦ પર હતું, પરંતુ હવે ઈ૧૦૦ એટલે કે ૧૦૦ ટકા ઈથેનોલ પર કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. જો ઈથેનોલના ઈંધણથી ચાલતા વાહનો પણ માર્કેટમાં મળવા લાગ્યા તો પેટ્રોલ અને ડીઝલની જરૂરિયાત પણ ઓછી થઈ શકે છે. હવે જ્યારે ૧૦૦ ટકા ઈથેનોલને મંજૂરી આપી દેવામાં આવી છે ત્યારે દેશની ટોચની કાર કે ટુ-વ્હીલર વાહનો બનાવતી કંપનીઓ પણ આ દિશામાં આગળ વધવા લાગી છે. કેટલીક કંપનીઓએ આ ઈંધણ પર ચાલતા વાહનો લોન્ચ કરી પણ દીધા છે. એવામાં કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ કહ્યું હતું કે આગામી દોઢ મહિનાની અંદર જ ટોયોટા, સુઝુકી, હુંડઈ અને એમજી જેવી મોટી કંપનીઓ માર્કેટમાં ઈ૧૦૦થી ચાલતા વાહનો પણ ઉતારશે. નોંધનીય છે કે સામાન્ય પેટ્રોલ એન્જિનની સરખામણીએ ફ્લેક્સ-ફ્યૂલ એન્જિનમાં ખાસ પ્રકારના કેલિબ્રેશન અને અલગ ઈંધણ પાઈપ ઉપયોગમાં લેવાય છે. જેથી તે ઈથેનોલને સહન કરી શકે. જોકે ઈથેનોલ સામે કેટલાક પડકારો પણ છે જેમ કે પેટ્રોલની સરખામણીએ માઈલેજ ઓછી આવે છે, સપ્લાય અને પેટ્રોલ પંપો પર મળવું હાલ મુશ્કેલ છે, જુની કારો ઈથેનોલથી નહીં ચાલે.

# બેંકોમાં જમા નાણાનું વીમા સુરક્ષા કવચ ૭.૫ લાખ કરાશે

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : બેંકોમાં જમા નાણાંની સુરક્ષા વધારવાના ઉદ્દેશ સાથે વિમા કવચમાં વૃધ્ધિ કરવાનું મહત્વનું કદમ ઉઠાવવા સરકારે તૈયારી કરી છે. પ્રવર્તમાન પાંચ લાખને બદલે ૭.૫૦ લાખનું વિમા કવચ આપવાની વિચારણા છે. આ દરખાસ્ત નાણાં મંત્રાલય દ્વારા પીએમઓને મોકલી દેવામાં આવી છે અને તૂર્તમાં તે વિશે નિર્ણય લેવાશે.આ દરખાસ્તને મંજુરી મળવાના સંજોગોમાં ફેબ્રુઆરી-૨૦૨૦ પછી વીમા કવચની રકમમાં વધારો શક્ય બનશે. ફેબ્રુઆરી-૨૦૨૦માં બેંક ખાતામાં જમા નાણાં ૫ રનું વીમા કવચ એક લાખમાંથી વધારીને પાંચ લાખ કરાયું હતું.ભારતમાં બેંકોમાં જમા થાપણની સુરક્ષાની જવાબદારી રિઝર્વ બેંકની સહાયક સંસ્થા ડિપોઝીટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન પાસે છે. કોઈ બેંક કાચી પડે કે લાયસન્સ રદ થાય તો તેમાં થાપણદારોના જમા નાણાંના બદલામાં નિર્ધારિત મર્યાદામાં નાણાં આપ વામાં આવે છે.હાલ પાંચ વર્ષનું વીમા કવચ છે એટલે તેટલી મર્યાદામાં નાણાં અપાય છે.

હવે પાંચ લાખનું વીમા કવચ વધારીને ૭.૫૦ લાખ કરવાની દરખાસ્ત છે. નાના થાપણદારોના વિશ્વાસ તથા તેઓની મૂડી સુરક્ષાનો આ પાછળનો ઉદ્દેશ છે. છેલ્લા વર્ષોમાં અનેક સહકારી બેંકો સંકટમાં આવી હતી. થાપણદારોને નાણાંકીય નુકશાન વેઠવું પડ્યું હતું.

# યુદ્ધ સમાપ્તિની જાહેરાત થતા જ શેરબજારમાં હરિયાળી

ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે સંભવિત શાંતિ કરારની જાહેરાતથી આજે ભારતીય શેરબજારમાં હરિયાળી છવાઈ ગઈ છે. બજાર ખુલતાની સાથે જ સેન્સેક્સ ૧૨૯૩ પોઈન્ટ ઉછળીને ૭૬,૭૯૩ પર પહોંચી ગયો હતો. નિફ્ટી પણ ૩૫૦ પોઈન્ટ વધીને ૨૩,૯૮૫ પર પહોંચી ગયો હતો. ઓટો, બેંક અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ખરીદી થઈ રહી છે.સેન્સેક્સ ૧,૬૯૫ પોઈન્ટ ઉછળીને ૭૫,૫૨૭ પર બંધ થયો હતો. નિફ્ટી પણ ૪૬૧ પોઈન્ટ વધીને ૨૩,૬૨૨ પર બંધ થયો હતો.

સેન્સેક્સ-નિફ્ટીમાં આ ઉછાળાના સંકેતો વિદેશોમાંથી આવવા લાગ્યા હતા. હકિકતમાં, યુએસ-ઈરાન ડીલના સમાચારને કારણે એશિયન શેરબજારોમાં વેપાર તેજી સાથે શરૂ થયો હતો. જાપાન નિક્કી ૩૫૦૦ પોઈન્ટથી વધુના ઉછાળા સાથે, હોંગકોંગનો હેંગ સેંગ ૧૩૦ પોઈન્ટના ઉછાળા સાથે, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૪૩૦ પોઈન્ટના ઉછાળા સાથે ટ્રેડ કરી રહ્યો હતો. આ ઉપરાંત, ગિફ્ટ નિફ્ટી ઈન્ડેક્સ, જે સેન્સેક્સ-નિફ્ટીની ગતિવિધિ માટે એક મોટો સૂચક માનવામાં આવે છે, તે ૪૦૦ પોઈન્ટથી વધુના ઉછાળા સાથે ૨૪,૦૦૦ને પાર કરી ગયો હતો.

શેરબજારમાં આ મજબૂત તેજી વચ્ચે, બીએસઈ લાર્જ કેપ પર લિસ્ટેડ તમામ ૩૦ કંપનીઓના શેર ગ્રીન ઝોનમાં ટ્રેડિંગ શરૂ કર્યું છે. સૌથી મોટો ઉછાળો ઈન્ડિગો શેર (૪.૦૫ ટકા), એલટી શેર (૩.૬૦ ટકા), બજાજ ફાઈનાન્સ શેર (૩.૫૬ ટકા), એટરનલ શેર (૩.૪૦ ટકા) અને અદાણી પોર્ટ્સ શેર (૩.૮૦ ટકા)માં જોવા મળ્યો છે.

# મ.પ્રદેશના મુરૈનામાં ગોઝારી ઘટના

## આગની અફવાથી ટ્રેનમાંથી કૂદયા બીજી ટ્રેનની અડફેટે આવતાં છનાં મોત

નવી દિલ્હી : મધ્ય પ્રદેશના મુરૈનામાં રવિવારે સાંજે એક દુખદ ટ્રેન અકસ્માત સર્જાયો છે. ઉદયપુર ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગવાની અફવાથી ગભરાટમાં પાટા પર ઉતરેલા મુસાફરો બીજી બાજુથી આવી રહેલ ટ્રેન સાથે અથડાતા ૬ લોકોના મોત થયા છે.મુરૈના જિલ્લામાં ઉદયપુર ઈન્ટરસિટી એક્સપ્રેસ ટ્રેન ચાલી રહી હતી. આ ટ્રેન હેતમપુર સ્ટેશન નજીક હતી ત્યારે અચાનક ટ્રેનમાં અફવા ફેલાઇ હતી કે ટ્રેનમાં આગ લાગી છે.મુસાફરોએ આ સાંભળતાની સાથે, ચારે તરફ ભાગદોડ મચી હતી.લોકો ડરી ગયા અને પોતાનો જીવ બચાવવા માટે કાંઇ પણ વિચાર્યા વગર ડબા માંથી કુદી અને રેલવે પાટા પર આવી ગયા હતાં. જે લોકો પાટા પર ઉતર્યા હતા કે બાજુના પાટા પર પાતાલકોટ એક્સપ્રેસ ટ્રેન તેજ રફતારથી આવી રહી છે. પાટા પર ઉભેલા આ મુસાફરોને પાતાલકોટ ટ્રેને ટક્કર મારી હતી. આ દુર્ઘટના એટલી અચાનક અને ઝડપી બની કે કેટલાક લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતાં. અત્યાર સુધી મળેલી જાણકારી મુજબ ૬ લોકોના મોત થયા છે.

# અમેરિકા-ઈરાન શાંતિ કરાર, ફેડરલ રિઝર્વની મીટિંગ, FIIની ચાલ પર બજારનો આધાર રહેશે

નવી દિલ્હીઃ ગત સપ્તાહે માર્કેટ સતત ઘટી રહ્યું હતું અને નવા નીચા લેવલ બતાવશે તેવી ધારણા સેવાતી હતી અને અચાનક શુક્રવારે જોરદાર લેવાલી જોવા મળી અને મહત્વના સપોર્ટ પાર કરીને આગેકૂચ કરી હતી. સેન્સેક્સ સાપ્તાહિક ધોરણે ૧૨૮૫ પોઈન્ટ ઉછળી ગયો અને નિફ્ટી ૨૫૬ પોઈન્ટ વધીને બંધ રહ્યો હતો. આગામી સપ્તાહ અનેક ઘટનાક્રમથી ભરપૂર રહેશે જે બજારને દિશા આપશે.અમેરિકા અને ઈરાન વચ્ચે ડીલ અંતિમ તબક્કામાં હોવાના અહેવાલો વચ્ચે ઈરાને કહ્યું છે કે ડીલ હજી તેણે મંજૂર કર્યું નથી. આથી આ અનિશ્ચિતતા પૂરી થશે કે તેના પર બજારનો સૌથી મોટો આધાર રહેશે. અમેરિકન ફેડરલ રિઝર્વ વ્યાજદર અંગે નિર્ણય લેશે જે વૈશ્વિક બજારો પર અસર કરશે. ક્રૂડ ઓઈલમાં વળતા પાણી આગળ ધપશે કે કેમ તે જોવાનું રહેશે.અમેરિકા અને ઈરાન વચ્ચે ડીલ ઓલમોસ્ટ ફાઈનલ તબક્કામાં હોવાના અહેવાલ રવિવારે હતા. જોકે ઈરાને કહ્યું છે કે ડીલ પર હજી તેણે હસ્તાક્ષર કર્યા નથી. હજી આ અનિશ્ચિતતા ચાલુ છે ત્યાં જ રવિવારે ઈઝરાયેલે લેબેનોનના બૈરુત પર હુમલો કર્યો છે જે દર્શાવે છે કે કદાચ આ ડીલ થશે તો પણ ઈઝરાયેલને તે મંજૂર નથી. આથી હવે ઈરાન-અમેરિકા યુદ્ધવિરામ ડીલમાં ઈઝરાયેલ-લેબેનોન યુદ્ધવિરામનો પણ સમાવેશ થશે કે કેમ તે પણ જોવાનું રહેશે. કતારના મધ્યસ્થી પણ રવિવારે તહેરાન પહોંચી ગયા છે.વિદેશી રોકાણકારોને આકર્ષવા બોન્ડ માર્કેટ અંગે સરકારે મહત્વની જાહેરાત કરી છે પરંતુ ઈક્વિટીમાં તેમની વેચવાલી યથાવત્ છે. વિદેશી રોકાણકારોએ ઈક્વિટીમાં જૂનના પ્રથમ ૧૫ દિવસમાં જ ₹૬૨,૮૫૩ કરોડની જંગી નેટ વેચાલી કરી નાખી છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં અત્યાર સુધીમાં તેમની કુલ ૨.૮૭ લાખ કરોડની નેટ વેચવાલી થઈ ગઈ છે. ગત સમગ્ર વર્ષમાં એફપીઆઈએ ૨૧.૬૬ લાખ કરોડની નેટ વેચવાલી કરી હતી, જેના કરતાં પણ તે વધારે છે. આગામી સપ્તાહે એફઆઈઆઈની વેચવાલી આગળ ધપે છે કે કેમ તે જોવાનું રહેશે. માત્ર ભારતીય માર્કેટ જ નહીં, પરંતુ વૈશ્વિક બજારોમાં પણ તેમની ચાલ પર નજર રહેશે.

# મહાકાલ મંદિરમાં એક મોટો રેકોર્ડ બન્યો!

નવી દિલ્હીઃ મધ્યપ્રદેશના પવિત્ર શહેર ઉજ્જૈનમાં સ્થિત વિશ્વ વિખ્યાત મહાકાલેશ્વર મંદિરમાં ભક્તોની અતૂટ ભક્તિ અને શ્રદ્ધાનું અદ્ભુત પ્રદર્શન જોવા મળ્યું. પુરુષોત્તમ મહિનાના અંતિમ દિવસોમાં, બાબા મહાકાલના ગર્ભગૃહમાં દર્શનાર્થે આવનારા ભક્તોની સંખ્યા ઝડપથી વધી રહી છે. ૧૪ જૂન, ૨૦૨૬ ના રોજ, રવિવારના રોજ મંદિર દર્શનનો એક નવો રેકોર્ડ સ્થાપિત થયો, જ્યારે એક જ દિવસમાં કુલ ૨૪૭,૮૯૪ ભક્તોએ ભગવાન મહાકાલેશ્વરની પૂજા કરી અને તેમના આશીર્વાદ મેળવ્યા. પુરુષોત્તમ મહિનાના અંતિમ દિવસોમાં ભક્તોમાં વધારો ધાર્મિક રીતે મહત્વપૂર્ણ પુરુષોત્તમ મહિનો સમાપ્ત થતાં ભક્તોની સંખ્યા સતત વધી રહી છે. શહેરમાં તીવ્ર ગરમી અને ભેજ હોવા છતાં, ભક્તોની શ્રદ્ધા અટલ રહી. મંદિર પરિસર અને દર્શન માર્ગો પર સવારથી મોડી રાત સુધી લાંબી કતારો જોવા મળી હતી. ભારે ભીડને ધ્યાનમાં રાખીને, મંદિર વ્યવસ્થાપન સમિતિએ દર્શન વ્યવસ્થા, સુરક્ષા, કતાર વ્યવસ્થાપન, પીવાના પાણીની સુવિધાઓ, તબીબી સહાય અને અન્ય આવશ્યક સેવાઓનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કર્યું. ગરમી વચ્ચે ભક્તોને રાહત આપવા માટે જરૂરી વ્યવસ્થા કરવા પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું.

## પહેલા પાનાથી...

### યુધ્ધનો અંતઃ ઉગ્યો

સૈનિકો પાછા ખેંચશે. ૫- ઈરાન ૩૦ દિવસની અંદર હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે ખોલશે. ૬- અમેરિકા તેલ અને પેટ્રોકેમિકલ્સ પરના પ્રતિબંધો હટાવશે. ૭- અમેરિકા અને તેના સાથી દેશો ઈરાનને થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે ૩૦૦ અબજ ડોલરની પુનર્નિર્માણ યોજના રજૂ કરશે. ૮- પરમાણુ મુદ્દો, અમેરિકાના પ્રાથમિક અને ગૌણ પ્રતિબંધો અને યુએન સુરક્ષા પરિષદના ઠરાવ સહિત તમામ મુદ્દાઓ પર ૬૦ દિવસમાં અંતિમ કરાર થશે. ૯- ઈરાને કહ્યું છે કે તે પરમાણુ શષાો વિકસાવશે નહીં.૧૦- ઈરાનના ૨૪ અબજ ડોલરના ભંડોળને ૬૦ દિવસમાં મુક્ત કરવામાં આવશે. ૧૧- કરારને અમલમાં મૂકવા માટે એક દેખરેખ પદ્ધતિ સ્થાપિત કરવામાં આવશે.૧૨- અંતિમ કરાર યુએન સુરક્ષા પરિષદના ઠરાવ દ્વારા લાગુ કરવામાં આવશે. ૧૩- ઈરાનના અડધા ભંડોળને મુક્ત ન થાય ત્યાં સુધી અંતિમ વાટાઘાટો શરૂ થશે નહીં. ૧૪- અંતિમ વાટાઘાટો પરમાણુ મુદ્દા, પ્રતિબંધોમાં રાહત, આર્થિક પુનઃપ્રાપ્તિ અને મિસાઈલ કાર્યક્રમ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

અધિકારીના જણાવ્યા મુજબ, બંને પક્ષો ર્ઁ પર હસ્તાક્ષર કર્યા પછી આગામી ૬૦ દિવસમાં અંતિમ વ્યાપક કરાર પર વાટાઘાટો કરશે. ડ્રાફ્ટ હેઠળ, ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ પર તાત્કાલિક લશ્કરી નાકાબંધી હટાવશે અને તમામ વાણિજ્યિક જહાજો માટે માર્ગ ફરીથી ખોલશે. બદલામાં, યુએસ ઈરાની બંદરો પરનો નૌકાદળનો નાકાબંધી પણ હટાવશે. અધિકારીએ જણાવ્યું હતું કે યુએસ ડોલર ૨૪ બિલિયનની સ્થિર ઈરાની સંપત્તિ હપ્તામાં મુક્ત કરવા સંમત થયું છે. આમાં સીધા રોકડ ટ્રાન્સફર, પ્રાદેશિક દેશો સાથે સહયોગ અને નાણાકીય ક્રેડિટ લાઈન જેવા વિકલ્પો શામેલ હશે. સોદાના ભાગ રૂપે, ઈરાન તેના અત્યંત સમૃદ્ધ યુરેનિયમના મોટા ભંડારને ઘટાડવા માટે પણ સંમત થયું છે. આ માટેની પ્રક્રિયા આગામી ૬૦ દિવસોમાં ચર્ચા કરવામાં આવશે અને તેની રૂપરેખા હાલમાં અસ્પષ્ટ છે. ઈરાને પરમાણુ શષાો વિકસાવવાના આરોપોને સતત નકારી કાઢ્યા છે, પરંતુ તેણે યુરેનિયમને શષ-ગ્રેડ સ્તરની નજીક સમૃદ્ધ કર્યું છે અને મોટો ભંડાર એકઠો કર્યો છે.

### ગુજરાતના ખેડૂતોએ

શાંતિપુરાથી ગાંધીનગર તરફ કૂચ કરી રહ્યો છે. આ રેલીને પગલે પોલીસ તંત્ર પણ એલર્ટ થઈ ગયું છે અને ગાંધીનગરમાં કિલ્લાબંધી જેવો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

### નીટ પેપર

ધરપકડ કરી લીધી છે. બે શખ્સો રાજસ્થાન અને એક બિહારથી પકડી પાડવામા આવ્યો છે. આજ રોજ ક્રાઈમ બ્રાન્ચના શરદ સિંઘલે પ્રેસ યોજી અને સમગ્ર માહીતીઓ આપી હતી. તેઓએ કહયુ હતુ કે દોઢેક કરોડની રકમ આ શખ્સોએ ઉઘરાવી છે અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો હજુય બિહાર, પશ્ચીમ બંગાલ તથા રાજસ્થાનમાં કાર્યરત છે. બે શખ્સો રાજસ્થાનના અને એક શખ્સ બિહારથી પકડાયો છે. વધુ કાર્યવાહી ચાલુમાં જ છે.

### પીએમ મોદી

મુલાકાત દરમિયાન આ જ જૂથે વંદે માતરમ રજૂ કર્યું હતું. બીજા સ્થાનિક સંગીત જૂથે "મહાદેવ કીર્તન પ્રોજેક્ટ" એ પણ આધ્યાત્મિક પ્રદર્શન રજૂ કર્યું

### ક્રુડમાં કડાકો

છે. આ કરારમાં હોર્મુઝ સ્ટ્રેટને ટ્રાફિક માટે ફરીથી ખોલવાનો અને લશ્કરી કાર્યવાહી અટકાવવાનો સમાવેશ થાય છે.ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતોના ૮૫% થી વધુ આયાત કરે છે. હોર્મુઝ સ્ટ્રેટ ભારતને નોંધપાત્ર પ્રમાણમાં તેલ અને ન્ પૂરો પાડે છે. જો આ કરાર સફળ થાય છે, તો પેટ્રોલ અને ડીઝલના ભાવ પર દબાણ ઓછું થઈ શકે છે. ન્ના ભાવમાં રાહતની આશા વધી શકે છે, અને તે ફુગાવાને નિયંત્રિત કરવામાં પણ મદદ કરશે.

### પોરબંદરમાં ૧૦૦

ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ફર્નિચર સીટી માટે સ્કીલ્ડ રોજગાર, જમીન, પોર્ટ, એરપોર્ટ, રેલવેની સુવિધા ઉપલબ્ધ થશે. ચીનને ટક્કર આપવા મોરબી સિરામીક સીટી બાદ વધુ એક શહેર પોરબંદર તૈયાર થઈ રહ્યું છે. તો ગુજરાતમાંથી બ્રિટન-યુરોપમાં નિકાસ વેપારની નવી તકો સર્જાશે.પોરબંદર હાલ પાંચ નેશનલ હાઈવે, બ્રોડગેજ રેલ લાઈનથી જોડાયેલું છે અને ૨૫ જુનથી અમદાવાદ-મુંબઈ માટે નવી ફ્લાઈટ શરુ થશે. એરપોર્ટનો રન-વે ૧૩૦૦માંથી ૩૦૦૦ મીટર કરાઈ રહ્યો છે. ફર્નિચર પાર્ક સાથે 'કુછડી' પાસે આધુનિક શીપ બિલ્ડીંગ પાસે આધુનિક પણ દક્ષિણ કોરીયાની ટેકનોલોજીની મદદથી વિકસવાનું છે. નવો પાર્ક ૧૦૦ હેક્ટર જમીન પર બનશે. જ્યાં સૌર ઉર્જાથી ૨૪ કલાક સસ્તી વીજળી મળશે તેમ મનસુખભાઈ માંડવીએ જણાવ્યું હતું.

# અમેરિકામાં પ્લેન ક્રેશઃ ઉડાન ભરતા જ એન્જિન ફેઈલ, પાયલોટ સહિત તમામ ૧૨ લોકોના કરુણ મોત

(એજન્સી દ્વારા)
વોશિંગ્ટન : અમેરિકાના મિસોરી રાજ્યમાં રવિવારે સવારે એક મોટો વિમાની અકસ્માત સર્જાયો છે. કેન્સાસ સિટીથી આશરે ૬૫ માઈલ દક્ષિણમાં આવેલા બટલર મેમોરિયલ એરપોર્ટ નજીક સ્કાઈડાઈવિંગ કરાવતું એક ખાનગી પ્લેન ક્રેશ થઈને આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું. આ ભયાનક અકસ્માતમાં પ્લેનમાં સવાર તમામ ૧૨ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, આ દુર્ઘટના સ્થાનિક સમયાનુસાર રવિવારે સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે બની હતી.દુર્ઘટના અંગે ૯૧૧ ઈમરજન્સી લાઈન પર પ્લેન આગની લપેટો વચ્ચે તૂટી પડ્યું હોવાની માહિતી મળતા જ મિસોરી હાઈવે પેટ્રોલ, બટલર પોલીસ વિભાગ અને બેટ્સ કાઉન્ટી શેરિફ ઓફિસ સહિતની અનેક બચાવ એજન્સીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. મિસોરી હાઈવે પેટ્રોલના સાર્જન્ટ જસ્ટિન ઈવિંગે જણાવ્યું હતું કે, અકસ્માતનું દ્રશ્ય અત્યંત "ભયાવહ" હતું. વિમાન એરપોર્ટની નજીક આવેલા એક ખુલ્લા ખેતરમાં ખાબક્યું હતું. બચાવકર્મીઓએ ઘટનાસ્થળે પહોંચીને સળગતા વિમાનની આગ પર કાબૂ મેળવી લીધો છે.

# હનુમાનજીની મૂર્તિના ટ્રેડમાર્કનો જબરદસ્ત વિવાદ છેડાયો, જ્યોતિર્નાથ બાપુ ભડક્યા

નવી દિલ્હીઃ હનુમાનજીની મૂર્તિના ટ્રેડમાર્કને લઈને જબરદસ્ત વિવાદ છેડાયો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના આ કૃત્ય સામે હિંદુ સાધુ સંતો અને સનાતન ધર્મના અનુયાયીઓએ આહલેક જગાવી છે. આના પગલે સ્વામિનારાયણ સંપ્રદાય પર જ્યોતિર્નાથ બાપુએ આકરા પ્રહાર કર્યા છે. આ અંગે જ્યોતિર્નાથ બાપુએ જણાવ્યું હતું કે ભગવાનના ટ્રેડમાર્ક છે તેવું તો જીવનમાં પહેલી વખત સાંભળ્યું છે.મૂર્તિઓના કંઈ ટ્રેડમાર્ક હોતા હશે. આ નવી પ્રથા કેમ શરૂ કરવામાં આવી, તેની પાછળનું કારણ શું છે.તેમણે જણાવ્યું હતું કે હિંદુઓમાં કેટલાય દેવીદેવતા છે. આજે હનુમાનજીની મૂર્તિનો ટ્રેડમાર્ક કર્યો છે અને જો તેનો પ્રબળ વિરોધ નહી થાય તો આવતીકાલે તે ભગવાન શિવજીની મૂર્તિનો ટ્રેડમાર્ક અમલમાં લાવશે. આ તો રીતસરના મૂરખ બનાવવાના ધંધા ચાલી નીકળ્યા છે. તમે સનાતન ધર્મના લોકોને મૂર્ખ બનાવવાની વાતો કરો છો. સનાતન ધર્મના દેવીદેવતાઓના ઉપયોગના મુદ્દે પણ તેમણે સવાલ ઉઠાવ્યા હતા.તેમણે જણાવ્યું હતું કે વારંવાર આ પ્રકારના વિવાદો સર્જવા જાણે સ્વામિનારાયણ સંપ્રદાયને આદત બની ગઈ છે. બીજો કોઈપણ સંપ્રદાયની તુલનાએ તે વધારે પ્રમાણમાં વિવાદમાં રહે છે. તે સંપ્રદાય પોતે પણ સનાતની સંપ્રદાય છે તો પછી તે બીજા સંપ્રદાયની આસ્થા પર શું કામ કરે છે. તે પોતાના સંપ્રદાયનો પ્રચાર કરે, પ્રસાર કરે બીજા કોઈ સંપ્રદાયે વાંધો ઉઠાવ્યો નથી. બીજા કોઈ સંપ્રદાયનો વ્યક્તિ સ્વામિનારાયણ સંપ્રદાય વિશે વિપરીત ટિપ્પણી કરતો નથી.સ્વામિનારાયણ સંપ્રદાયને અગાઉ પણ ઘણી ચેતવણી આપવામાં આવી છે.

## કચ્છના હસ્તકલા કારીગરોની કઠણાઈ

# પ્રાઈમ લોકેશન પર આવેલ ભુજ હાટ કેન્દ્ર તંત્રની ઉદાસીનતાને કારણે બન્યું શોભાના ગાંઠિયા સમાન

ભુજ - કચ્છઉદય : કચ્છની વિશ્વવિખ્યાત હસ્તકલા અને કારીગરીને વૈશ્વિક ફલક પર પ્રોત્સાહન આપવાના દાવાઓ વચ્ચે ભુજનું હાર્દ ગણાતું 'ભુજ હાટ' તંત્રની ઘોર ઉદાસીનતા અને નબળા આયોજનને કારણે અત્યારે માત્ર શોભાના ગાંઠિયા સમાન બનીને રહી ગયું છે. દેશના વડાપ્રધાને પણ જે કચ્છી હસ્તકલા અને ટેક્સટાઈલ ઉદ્યોગને વિશ્વભરમાં લોકપ્રિય ગણાવ્યો છે, તે જ કલાના સર્જકો આજે પોતાના હકક અને રોજગારી માટે વલખાં મારી રહ્યા છે. ભુજના આ પ્રાઈમ લોકેશન પર આવેલા હબને વિકસાવવામાં તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે, જેના કારણે સ્થાનિક કારીગરો ભારે આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે.

કચ્છના હસ્તકલાના કારીગરોના ઉત્થાન માટે કાર્યકર્તા સામાજિક કાર્યકર વિનોદભાઈ સોલંકી જણાવ્યું હતું કે, ભુજ હાટની વર્તમાન પરિસ્થિતિ અત્યંત દયનીય અને ચિંતાજનક છે. અહીં સરકારી મેળાઓ યોજાય છે પરંતુ કાયમી સ્ટોલ ધારકોની સ્થિતિ સુધરવાનું નામ લેતી નથી. અહીં સેંકડો સ્ટોલ આવેલા છે, જેમાંથી અસંખ્ય સ્ટોલ અત્યારે જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયા છે.




**વરસાદી માહોલ વચ્ચે લાખો રૂપિયાનો માલ ઉધઈનો કોળિયો બનવાના ભય હેઠળ : એનજીઓની આડમાં દુકાનોને ગોડાઉન બનાવી તાળા મારી દેવાતા સ્થાનિક રોજગારી પડી ભાંગી**

ચોમાસાની શરૂઆત થવા જઈ રહી છે ત્યારે આ જર્જરિત શેડ અને છતને કારણે કારીગરોનો લાખો રૂપિયાનો કિંમતી માલ પલળી જવાનો ભય સતાવી રહ્યો છે. એટલું જ નહીં, યોગ્ય જાળવણીના અભાવે સ્ટોલની અંદર ઉધઈ ભરાઈ ગઈ છે, જેના કારણે કારીગરોનો તૈયાર માલ નાશ પામી રહ્યો છે. છેલ્લા બે-બે મહિનાથી બોણી પણ ન થઈ હોય તેવી સ્થિતિ વચ્ચે કારીગરો પોતાના મોંઘા માલસામાનને બચાવવા માટે જાતે જ ચોક અને અન્ય દેશી નુસખાઓ અપનાવવા મજબૂર બન્યા છે.

તંત્રની બેદરકારી ઉપરાંત અહીં એક મોટું કૌભાંડ પણ આકાર લઈ રહ્યું હોય તેમ દેખાય છે. ભુજ હાટમાં રોજનું માત્ર સાડા ઓગણત્રીસ રૂપિયા જેટલું નજીવું ભાડું હોવાથી કેટલાક તત્વોએ એનજીઓની આડમાં આ સરકારી મિલકત પર કબજો જમાવી લીધો છે. કાયમી ધોરણે વેપાર કરવાના બદલે આ લોકો દુકાનોનો ઉપયોગ માત્ર ગોડાઉન તરીકે કરી રહ્યા છે અને કાયમ ત્યાં તાળા લટકેલા જોવા મળે છે.

ચાલુ મેળા દરમિયાન પણ આ સ્ટોલ બંધ રહેતા હોવાથી બહારથી આવતી જનતાને એવું જ લાગે છે કે અહીં કશું નવું નથી, જેના કારણે ગ્રાહકોની અવર જવર સદંતર બંધ થઈ ગઈ છે. વળી જ્યારે પણ કોઈ સંસ્થા દ્વારા અહીં મેળો યોજવામાં આવે ત્યારે કાયમી અને ગરીબ કારીગરોને ત્યાંથી બળપૂર્વક ખસેડવામાં આવે છે, જેથી તેઓ ડરના માર્યા નવો માલ પણ ભરી શકતા નથી.

બીજીતરફ પ્રાગમહેલ જેવા સ્થળોએ ખાનગી મેળાઓમાં કારીગરો પાસેથી ત્રણથી ચાર મહિના માટે આઠ-આઠ કે પંદર-પંદર હજાર રૂપિયા જેટલું મોંઘું ભાડું વસૂલવામાં આવે છે, જે ગરીબ કારીગરોને પોસાતું નથી. તેની સરખામણીએ ભુજ હાટમાં વર્ષનું માત્ર એકાદ હજાર રૂપિયા જેવું ભાડું હોવા છતાં, તંત્ર દ્વારા આ સ્થળની કોઈ જાહેરાત કે પ્રચાર કરવામાં આવતો નથી. પ્રાગમહેલ સુધી પહોંચતી પ્રજા ભુજ હાટ સુધી કેમ નથી આવતી તે એક મોટો સવાલ છે.

ભુજ હાટ પાસે પાર્કિંગની વિશાળ જગ્યા હોવા છતાં નબળા વહીવટને કારણે આ કેન્દ્ર પડી ભાંગ્યું છે. જો તંત્ર આંખ આડા કાન કરવાનું બંધ કરીને ભુજ હાટને વ્યવસ્થિત રીતે ડેવલપ કરે, બંધ રહેતી દુકાનો સામે કડક પગલાં ભરે અને તેનો યોગ્ય પ્રચાર કરે તો જ કચ્છની દીકરીઓ અને બહેનો સ્વનિર્ભર બનીને આગળ વધી શકશે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ ગરીબ કારીગરોના હિતમાં ક્યારે જાગશે.

# સિનિયર સિટીઝનોને રેલવે ભાડામાં રાહત આપવા માંગ

**સાંસદ વિનોદભાઈ ચાવડા મારફતે રેલવે મંત્રાલય સમક્ષ રજૂઆત, વરિષ્ઠ નાગરિકોના હિતમાં ત્વરિત નિર્ણય લેવાની અપીલ**


ભુજ-કચ્છઉદય : વરિષ્ઠ નાગરિકોને ભારતીય રેલવે દ્વારા અગાઉ આપવામાં આવતી ભાડા રાહતની સુવિધા ફરીથી શરૂ કરવામાં આવે તેવી માંગ સાથે ભુજના ભાજપના વરિષ્ઠ સદસ્ય હરિદાન ગઢવી દ્વારા કેન્દ્ર સરકાર, રેલવે મંત્રાલય તેમજ કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે વર્ષો સુધી ભારતીય રેલવે દ્વારા સિનિયર સિટીઝનોને મુસાફરી દરમિયાન વિશેષ ભાડા રાહત આપવામાં આવતી હતી. આ સુવિધા હેઠળ મહિલાઓને ૫૮ વર્ષની ઉંમર બાદ અને પુરુષોને ૬૦ વર્ષની ઉંમર બાદ રેલવે ભાડામાં રાહત મળતું હતું. આ રાહતના કારણે દેશના લાખો વરિષ્ઠ નાગરિકોને ધાર્મિક યાત્રા, આરોગ્ય સારવાર, સામાજિક પ્રસંગો તથા પારિવારિક મુલાકાતો માટે મુસાફરી કરવામાં આર્થિક સહારો મળતો હતો. પરંતુ છેલ્લા ઘણા સમયથી આ કન્સેશનની સુવિધા બંધ હોવાથી વરિષ્ઠ નાગરિકોને સંપૂર્ણ ભાડું ચૂકવીને મુસાફરી કરવી પડી રહી છે. ખાસ કરીને નિવૃત્ત અને મર્યાદિત આવક ધરાવતા સિનિયર સિટીઝનો માટે આર્થિક રીતે વધારાનો બોજ ઊભો થયો છે. દેશભરમાં મોંઘવારીના વધતા પ્રભાવ વચ્ચે વરિષ્ઠ નાગરિકોને મળતી આ મહત્વપૂર્ણ સુવિધા પુનઃ શરૂ કરવાની જરૂરિયાત વધુ પ્રબળ બની હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

હરિદાન ગઢવીએ જણાવ્યું છે કે વરિષ્ઠ નાગરિકો સમાજનો અનુભવ સંપન્ન અને સન્માનનીય વર્ગ છે. તેમના જીવનના અંતિમ પડાવમાં સરકાર દ્વારા આપવામાં આવતી આવી સહાયરૂપ યોજનાઓ તેમના જીવનને વધુ સરળ અને સુગમ બનાવે છે. રેલવે કન્સેશન માત્ર ભાડામાં રાહત પૂરતું નથી, પરંતુ તે વરિષ્ઠ નાગરિકો પ્રત્યે સરકારની સંવેદના અને સન્માનનું પ્રતીક પણ છે. તેમણે કચ્છ અને મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાને આ મુદ્દે રેલવે મંત્રાલયનું ધ્યાન દોરી જરૂરી કાર્યવાહી કરવા અનુરોધ કર્યો છે સાથે જ કેન્દ્ર સરકારના સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે દેશના કરોડો સિનિયર સિટીઝનોને લાભદાયી બને તેવા આ નિર્ણયની જાહેરાત કરવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.

વરિષ્ઠ નાગરિકોના હિત, સુવિધા અને સન્માનને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવે દ્વારા અગાઉની જેમ મહિલાઓને ૫૮ વર્ષ અને પુરુષોને ૬૦ વર્ષ પછી મુસાફરી ભાડામાં કન્સેશનની સુવિધા ફરી અમલમાં મૂકવામાં આવે તેવી લાગણી અને માંગણી સાથે હરિદાન ગઢવીએ રેલવે મંત્રાલયને હકારાત્મક નિર્ણય લેવા વિનંતી કરી છે.

# લાકડિયાના ઘાયલ નંદીને એન્કરવાલા અહીંસાધામમાં સારવાર અપાઈ



મુન્દ્રા - કચ્છઉદય : મુન્દ્રા - પ્રાગપર એન્કરવાલા અહીંસાધામમાં જે અંધ, અપંગો પશુઓની સેવા કરવામાં આવે તે આવકાર દાયક છે ત્યારે વાગડના ચિત્રોડના એક ખેતરમાં જંગલી જાનરોથી રક્ષણ માટે વિસ્ફોટક પદાર્થ રાખે છે. જેમાં નંદી ખેતરમાં ખાવા જતા તેમના મોઢામાં વિસ્ફોટ થતા પ્રથમ લાકડિયા અને તે બાદ ઘાયલ નંદીને મુન્દ્રાના એન્કરવાલા અહીંસધામ લઈ આવતા લોહીથી તડબોડ નંદી મારાજને પ્રથમ સારવાર આપી વધુ સારવાર ચાલુ છે. આવા અનેક કેસો અહીંસાધામ મધ્યે આવે છે અને માનવ સેવાથી પણ વધુ સારી સેવા આ અબોલા જીવો માટે કરવામાં આવે છે. ફક્ત કચ્છ જ નહીં પણ ગુજરાતમાંથી આવા અનેક કેસો આવે છે. જેમના ઓપરેશન કરી તેમને સારી સારવાર કરી બરાબર કરવામાં આવે છે. પોતાના સ્વાર્થ માટે આવા ઘણા પશુ-જાનરો વિસ્ફોટના ભોગ બને છે તેવું સંસ્થાના સીઈઓ ગિરીશ નાગડા, મેનેજર રાહુલ સાવલા જણાવે છે કે, 'માનવ તું માનવ ક્યારે બનીશ'

# ભીરંડીયારાના આપઘાત કેસમાં યુવાનને મરવા માટે મજબુર કરાયાનો ઘટસ્ફોટ

**પોલીસમાં ફરિયાદ નોંધાવી ત્રાસ અપાતા પગલું ભર્યું : ધોરડો પોલીસમાં પાંચ સામે ફરિયાદ**

ભુજ - કચ્છઉદય : તાલુકાના ભીરંડીયારા ગામે હમધાણી વાંઢ જવાના કાચા રસ્તા પર ગત ૧૨ જુનના સવારે ત્રણ વાગ્યાના અરસામાં યુવાને આપઘાત કર્યો હતો. ભીરંડીયારાની ભંડારી વાંઢમાં રહેતા ૨૩ વર્ષિય રજાક વલીમામદ રાયશીએ ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ બનાવમાં તેને મરવા માટે મજબુર કરનારા પાંચ લોકો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ધોરડો પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદ મુજબ મૃતકના મોટા ભાઈ ચનેસર વલીભાઈ રાયશીએ જણાવ્યું કે, તેના ભાઈ રજાકને આરોપી ઈશાક સુમાર રાયશીની દિકરી સાથે પ્રેમ સબંધ હતો અને બન્ને જણા રાજસ્થાનના બાડમેર ખાતે જઈ મૈત્રી કરાર કરી નિકાહ કરી લીધા હતા. બાદમાં સમાજના રીત રીવાજ મુજબ થોડા દિવસોમાં લગ્ન કરાવી આપશું તેવી બાંહેધરી આપવામાં આવી હતી. બન્ને જણા બાડમેરથી પરત આવ્યા તે બાદ મૃતક રજાક વિરૂદ્ધ આદીપુર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દરમ્યાન તે જેલમાં હતો ત્યારે જેની સાથે મૈત્રી કરાર થયા હતા, તે યુવતીના લગ્ન દરીયા ગુલાબી રાયશી સાથે કરી દેવામાં આવ્યા હતા.

સતત ત્રાસ આપી યુવાનને અંતિમ પગલું ભરવા માટે મજબુર કરવામાં આવ્યો હતો. જેમાં જામીન સુમાર રાયશી, ઈશાક સુમાર રાયશી, કમાલશા અલીશા સૈયદ, ગુલાબી રમજાન રાયશી, દરીયા ગુલાબી રાયશી વિરૂદ્ધ મરવા માટે મજબુર કરવાની કલમો તળે ગુનો દાખલ કરીને પીઆઈ ટી. ડી. ચુડાસમાએ આગળની તપાસ હાથ ધરી છે.

# અદાણી ફાઉ. દ્વારા સીરાચા ગામે તળાવ નવીનીકરણ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત





મુંદરા - કચ્છઉદય : તાલુકાના સીરાચા ગામે અદાણી ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલી તળાવ નવીનીકરણ યોજના અંતર્ગત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગામના સર્વાંગી વિકાસ અને જળ સંરક્ષણને પ્રોત્સાહન આપતા આ પ્રોજેક્ટે ગ્રામજનોમાં નવી આશા જાગૃત કરી છે. કાર્યક્રમ દરમિયાન ગામના સરપંચ, ઉપસરપંચ, આગેવાનો તથા વિવિધ સમાજોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે અદાણી ગ્રુપના ઓપરેશન હેડ પંક્તિ શાહ, કોર્પોરેટ અફેર્સ ટીમના સભ્યો, અદાણી ફાઉન્ડેશન મુન્દ્રા ટીમ, સીએસઆર હેડ તેમજ સમગ્ર પ્રોજેક્ટ ટીમની ખાસ હાજરી રહી હતી. દાનેશ્વર મહાદેવ મંદિરના મહંતે પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યાં હતાં.

તળાવ નવીનીકરણ પ્રોજેક્ટ અંતર્ગત પાળાનું મજબૂતીકરણ, વોકિંગ પાથનું નિર્માણ, સોલાર લાઈટિંગ સુવિધા, બેસવાની વ્યવસ્થાઓ, બોક્સ કલ્વર્ટઈનલેટ - આઉટલેટ વિકાસ તેમજ તળાવનું ઊંડુકરણ જેવા મહત્વપૂર્ણ કાર્યોનો સમાવેશ થાય છે. આ પગલાંના અમલીકરણથી તળાવમાં વરસાદી પાણીના સંગ્રહમાં નોંધપાત્ર વધારો થશે. સીરાચા તળાવ નવીનીકરણ પ્રોજેક્ટ જળ સંરક્ષણ, પર્યાવરણ સંવર્ધન અને ટકાઉ વિકાસના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થવાનો વિશ્વાસ વ્યકત કરવામાં આવ્યો છે.

# માંડવીના રાજપર પાસે ટેમ્પો અને કાર વચ્ચે અકસ્માત



ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના વિરાણી - રાજપર રોડ પર ભેરૈયાથી રાજપર વચ્ચે અકસ્માતની ઘટના બની હતી. સ્થાનીકોના જણાવ્યા પ્રમાણે ગઈકાલે સાંજે આ બનાવ બન્યો હતો. જેમાં બન્ને વાહનો વચ્ચે ટક્કર થતા વાહનોમાં નુકશાન સાથે ગાડી રોડ સાઈડમાં આવી ગઈ હતી. આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી નથી. સ્થાનીકના લોકો એકત્ર થઈ ગયા હતા.

### અંજારમાં ઓનલાઈન ટ્રેડિંગના નામે ૭.૫૦ લાખની છેતરપિંડી

અંજાર - કચ્છઉદય : અંજાર શહેરમાં એક યુવતી સાથે ઓનલાઈન ટ્રેડિંગમાં વધુ નફો આપવાની લાલચ આપી ૭.૫૦ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપીએ વિવિધ ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે રકમ મેળવ્યા બાદ પરત ન આપતા ભોગ બનનાર દ્વારા અંજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નાના કપાયામાં જુગાર રમતા ચાર ખેલી ઝડપાયા

મુંદરા - કચ્છઉદય : તાલુકાના નાના કપાયા વિસ્તારમાં જુગાર રમતા ચાર ખેલીને એલસીબીએ ઝડપી લીધા હતા.

પોલીસના જણાવ્યા પ્રમાણે અમરીશ વિરેન્દ્ર પટેલ, દરશથ રાવત, કમલજીત દેવ યાદવ, પપ્પુ રામવિલાસ નામના ખેલી જિંદાલ કંપની કોલોની વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા હોઈ પકડી રોકડા રૂા. ૧૨૧૦૦ કબજે કરી જુગારધારાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

### છેલ્લા પાનાનું ચાલુ..

**માધાપરમાં બટુક**

મુકાઈ ગયા છે. હાલ બાળકોને જી.કે. જનરલ હોસ્પિટલના પીડીયાટ્રીક વિભાગમાં રાખવામાં આવ્યા છે અને બાળકો સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની ગંભીરતાને પગલે હોસ્પિટલમાંથી આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી હતી. જેથી સવારથી આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું અને આસપાસના આરોગ્ય કેન્દ્રમાંથી ટીમો બોલાવીને અસરગ્રસ્ત વિસ્તારમાં ઘરે ઘરે સર્વે શરૂ કરવામાં આવ્યો છે. જેમાં અસર ગ્રસ્ત બાળકોને શોધવા સાથે તકલીફ જણાય તો સારવાર કરવામાં આવી રહી છે. તેમજ ફૂડ વિભાગની ટીમે જે જગ્યાએથી દહીં લીધું હતું તે ડેરીમાંથી નમૂના લીધા હોવાનું જાણવા મળ્યું છે. હોસ્પિટલમાં હાજર વાલીઓએ છાસના કારણે બાળકોની તબીયત ખરાબ થઈ હોવાનું એકી સૂરે જણાવ્યું હતું. આ ઘટનાએ સમગ્ર માધાપર પંથકમાં વાલીઓમાં ઉચ્ચાટ ફેલાવ્યો છે.

# વરસાદી જળસંગ્રહ માટે રિચાર્જ બોરવેલના કામનું માંડવી ધારાસભ્યએ નિરીક્ષણ કર્યું



ભુજ- કચ્છ ઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જળસંચય પ્રત્યેની જાગૃતિ, અભિરૂચિ અને "કેચ ધ રેઈન" ની પ્રેરણાથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિધાનસભા ક્ષેત્રોમાં ૨૫૦થી વધારે ચેકડેમ - તળાવો અને ૨૮૬ જેટલા રીચાર્જ બોર વેલ બનાવવા માટે ગ્રાંટ ફાળવાઈ હતી. જેથી માંડવી વિધાનસભા વિસ્તારમાં કાર્ય પૂર્ણ થયા બાદ માંડવી ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ જાત મુલાકાત લઈને મુંદરાની નાગમતી નદી પર બનેલા બોર અને તે ચેકડેમમાંથી પીઓપી મોડેલ મુજબ કરવામાં આવેલા ઈન્ટરલીંકીગ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું. રિચાર્જ કરાયેલા બોરનું પાણી ૪૦૦ ફુટ પરથી ૧૨૫ ફુટે પહોંચ્યા અને ટીડીએસ ૩૦૦૦થી ૧૦૦૦ નજીક પહોંચ્યા હોવાનું સ્થળની જાત મુલાકાત દરમિયાન જાણવા મળ્યું હતું. સ્થાનિક આગેવાનો અને જે ગ્રામજનો આ ભગીરથ કાર્યમાં સહભાગી થયા હતા તેમની પણ તેમણે મુલાકાત લીધી હતી અને તેમને અભિનંદન આપ્યા હતા.

# ધામાયમાં પીવાનું પાણી ન મળતાં લોકોને મુશ્કેલી

**ગામની મહિલાઓએ મામલતદારને આવેદનપત્ર આપ્યું**



નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના ધામાય ગામે છેલ્લા ૨૦ દિવસથી પીવાનું પાણી ન મળતાં ગામની મહિલાઓએ મામલતદાર રાકેશભાઈ પટેલ, ધારાસભ્ય પી.એમ. જાડેજા, પાણી પુરવઠા બોર્ડને આવેદનપત્ર પાઠવી ગામમાં તાકીદે પાણીની વ્યવસ્થા કરવા ઉગ્ર માંગ કરી છે.

ગામની મહિલાઓ સોઢા બકિબા જીવણજી, જયશ્રીબા વખતસિંહ, આનંદબા જટુભા સહિત ૩૦ જેટલી મહિલાઓએ મામલતદારને રજૂઆત કરતાં કહ્યું હતું કે, ૨૦ દિવસથી પાણી મળતું નથી. આ બાબતે અનેક વખત લેખિત - મૌખિક રજૂઆતો કરેલ છતાં કોઈ પગલાં ન ભરાતા હવે પાણી માટે ગામ લોકો ગાંધી ચિધ્યા માર્ગે જશે. અગાઉ ગામમાં દુષિત અને લાલપાણી મળતું હતું, તેનાથી ૨૦થી ૨૫ લોકોને પથરીની બિમારી થઈ છે, હવે લોકો ૩૦થી ૪૦ રૂપિયામાં પાણીની બોટલ વેચાતી લે છે. ૩૦૦ની માનવ વસતી અને ૪૦૦થી ૫૦૦ પશુઓની વસતી ધરાવતા ધામાય ગામે કયા કારણોસર પાણી મળતું નથી. આ પંથકની લાઈન પાણી વાટે આવે છે, ત્યાં ગેરકાયદેસર કનેકશન હોય તો તેના પર કાર્યવચાહી થવી જોઈએ અને ગામ લોકોને નિયમિત પાણી મળવું જોઈએ તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

# પશુપાલકોમાં ખુશીની લહેર : સરહદ ડેરીએ દૂધના ખરીદ ભાવ વધારી પ્રતિ કિલો ફેટે રૂ. ૮૪૦ કર્યા



**એક જ મહિનામાં ૨ વખત દૂધના ખરીદ ભાવોમાં વધારો**

અંજાર - કચ્છઉદય : કચ્છ જિલ્લાના હજારો પશુપાલકો માટે અત્યંત આનંદ અને ગૌરવના સમાચાર સામે આવ્યા હતા. "સરહદ ડેરી" દ્વારા પશુપાલકોના હિતમાં એક વધુ ઐતિહાસિક અને કલ્યાણકારી નિર્ણય લેવામાં આવ્યો છે. સરહદ ડેરીએ દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂ. ૧૦નો વધારો જાહેર કરી તા.૧૬-૬-૦૨૬ થી રૂ. ૮૪૦ પ્રતિ કિલો ફેટ મુજબ ભાવ ચૂકવવાની જાહેરાત કરી છે.ઉલ્લેખનીય છે કે માત્ર એક મહિના અગાઉ જ દૂધના ખરીદ ભાવમાં રૂ. ૧૦નો વધારો કરવામાં આવ્યો હતો અને હવે ફરીથી રૂ. ૧૦નો વધારો જાહેર થતાં પશુપાલકોને સતત બીજી વખત લાભ અપાવીને સરહદ ડેરીએ પશુપાલકોને સતત લાભ આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ અંગે સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતું કે, આ મહત્વપૂર્ણ નિર્ણયના પરિણામે કચ્છ જિલ્લાના પશુપાલકોને ૮૨૦ રૂપિયા ભાવ ની સરખામણી એ હવેથી૮૪૦ થવાથી પશુપાલકનેદર મહિને અંદાજિત રૂ. ૨ કરોડથી વધુની વધારાની આવક પ્રાપ્ત થશે, જે પશુપાલકોના આર્થિક સશક્તિકરણ તરફનું એક મજબૂત પગલું સાબિત થશે. કચ્છના અનેક પશુપાલકો સરહદ ડેરી સાથે સંકળાઈ દૂધ ઉત્પાદનના વ્યવસાય થકી આત્મનિર્ભરતા અને આર્થિક સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યા છે. સરહદ ડેરી દ્વારા ચૂકવવામાં આવનાર નવા દૂધના ભાવોને પશુપાલકો માટે "ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ભેટ" તરીકે જોવામાં આવી રહ્યા છે. ચાલુ વર્ષે ઉનાળાની કપરા સંજોગોમાં પશુપાલકોને વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને આ ભાવવધારો કરવામાં આવ્યો છે, જેથી પશુપાલકોને આર્થિક રીતે વધુ સધ્ધરતા પ્રાપ્ત થાય. દૂધના ભાવમાં વધારો થતા ગામે ગામ અને મંડળી સ્તરે પશુપ ાલકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.સરહદ ડેરી પશુપ ાલકોના વિકાસ અને સમૃદ્ધિ માટે સતત પ્રયાસરત છે. તેઓ એ પશુપાલકો ને પશુસંવર્ધન ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરવા તથા નવીન ટેક્નોલોજી અપનાવીને દૂધ ઉત્પાદન વધારવા તથા પૌષ્ટિક આહાર આપવા માટે આહ્વાન કર્યું હતું. આમ ઉપરોક્ત ખુશીને ધ્યાનમાં લઈએ તો એક હાથે અંતિમ ભાવ, બીજા હાથે દૂધનો વધારો - "પશુપાલકોના બંને હાથમાં લાડવા" વાળીકહેવત સાચી પડી રહી છે.

# જાયન્ટસ ગ્રુપ ભુજ દ્વારા સમર કેમ્પનું આયોજન કરાયું

**૬૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો**




ભુજ - કચ્છ ઉદય : જાયન્ટસ ગ્રુપ ભુજ દ્વારા વિવિધ વિવિધ પ્રકલ્પો પૈકી ઉનાળુ વેકેશન દરમિયાન બાળકોમાં રચનાત્મક પ્રવૃત્તિઓનો વિકાસ થાય જેમ કે વકતૃત્વ, બુદ્ધિમતા, રમતગમત, ચિત્રકલા અને સામાન્ય જ્ઞાન તથા વેકેશનના સમયનો સદુપયોગ થાય એ હેતુથી જાયન્ટસ હોલ ભુજ ખાતે એક દિવસીય નિઃશુલ્ક સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬ થી ૧૪ વર્ષની વયના લગભગ ૬૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ અને બાળકોના કિલકિલાટથી સમગ્ર હોલ ગુંજી ઉઠ્યો હતો. બાળકોની શારીરિક શક્તિઓને જાગૃત કરવા પ્રાણાયામ, મ્યુઝિકલચેર, લીંબુ ચમચી, બાળગીતો પર ડાન્સ સ્ટેચ્યુ જેવી મનગમતી રમતો ભાવિનીબેન ત્રિપાઠી, નિષદભાઈ મહેતા, ઉષ્માબેન શુક્લ, જયશ્રીબેન પરમાર, કિરીટસિંહ જાડેજા, પરેશભાઈ ગુજરાતી અને બિપિનભાઈ ઠક્કર દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું. દ્વિતિય સેશનમાં અતિથિ વિશેષ તરીકે સ્પેશિયલ કમિટી મેમ્બર શાંતિલાલ પટેલ, ફેડરેશન સેકેટરી પ્રદીપકુમાર જોષી, કોષાધ્યક્ષ હેમંતભાઈ ઠક્કર, ઓફિસર મીનાબેન વાઘમશી,યુડી જયસિંહભાઈ પરમાર, કન્વીનર વિનોદભાઈ ચૌહાણ, સહ કન્વીનર અરૂણકુમાર જોષી, હરિલાલ યાદવ, ઝવેરીલાલ સોનેજી, ગૌતમભાઈ જોષી, રસિકભાઈ મકવાણા, દલપતભાઈ પાણીધરીયા, જયપ્રકાશ ગોર, સંજયભાઈ ત્રિપાઠી અને જીયા ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ અભિલાષ મહેતાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી જાયન્ટસ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપેલ. ફેડરેશન પ્રમુખ દ્વારા સમર કેમ્પનું મહત્વ અને જાયન્ટસની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો ખ્યાલ આપેલ હતો.

કવિઝ સ્પર્ધામાં બાળકોને રસ પડે એ રીતની પ્રશ્નાવલી નિષદભાઈ મહેતા દ્વારા તૈયાર કરવામાં આવેલ. બાળકોની રચનાત્મક શક્તિ વિકસાવવા જયસિંહભાઈ પરમાર દ્વારા અલગેરીધમ અને વિવિધ જાતની આકૃતિઓ બનાવડાવામાં આવી. જાદના વિવિધ પ્રોગ્રામ દર્શાવવામાં આવ્યા. હેમાલીબેન માંડલિયાએ સાયમન પધ્ધતિ થી બાળકોને જ્ઞાન આપેલ. બાળકોને વિવિધ વાર્તાઓ દ્વારા જ્ઞાન આપવામાં આવ્યું અને બાળકોએ પણ વિવિધ વાર્તાઓ રજુ કરી. નિરવભાઈ ગઢાઈએ આગવી શૈલીમાં બાળકોને આનંદીત કરેલ. જયસુખભાઈ પારેખ દ્વારા પક્ષી જગતને લગતી રસપ્રદ ડોક્યુમેન્ટરી વિવરણ સાથે દર્શાવવામાં આવી અને જીયા ત્રિપાઠીની શોર્ટ ફિલ્મ દર્શાવવામાં આવી. વિજેતા બાળકો અને ભાગ લેનાર તમામ બાળકોને ઈનામો તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા તથા સમગ્ર દિવસ દરમ્યાન ભોજન અને અન્ય સુવિધાઓ આપવામાં આવી. કાર્યક્રમને શંકરલાલભાઈ માણેક, રણજીતભાઈ ઠક્કર, શશીકાંતભાઈ ઠક્કર અને ગ્રુપ ના સભ્યો દ્વારા આર્થિક અનુદાન આપવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા ફેડરેશન અધિકારી વાડીલાલ મોરબીયા, હરિશભાઈ હંસોરા,મયુરસિહ જાડેજા, રક્ષાબેન ત્રિપાઠી, શૈલેશભાઈ વસા, કાન્તિભાઈ દાવડા, મહેશભાઈ ચાવડા,વિનોદભાઈ ગોર, રાજેશભાઈ ઠક્કર, પરેશભાઈ ગણાત્રા,તરૂણભાઈ કોઢિયા, અશોકભાઈ માંડલિયા, આરતીબેન ઝાલા, રાજુલાબેન કારાણી, ગોપીબેન રાઠોડે ખાસ જહેમત ઉઠાવેલ. આભારવિધી અરૂણકુમાર જોષી દ્વારા કરવામાં આવી હતી.

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ**

જન્મ નોંધણી અરજી રજિ નં.૨૩૮/૨૦૨૬

**શ્રી મણીલાલ જેચંદ શેઠ,**
રહે. મુ.જેસડા, હાલે, રાપર, તા.રાપર-કચ્છ. ........................ અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, જેસડા, તા. રાપર-કચ્છ. ...................... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી મણીલાલ જેચંદ શેઠ, રહે. મુ.જેસડા, હાલે.રાપર. તા.રાપર વાળાએ તા.૦૮/૦૫/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના બહેન પ્રભાબેન જેચંદ શેઠ નો જન્મ મોજેઃ જેસડા, તા.રાપર-કચ્છ મુકામે તા.૨૦/૦૬/૧૯૬૨ ના રોજ થયેલ છે. પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ જેસડા,તા.રાપર-કચ્છના વર્ષ-૧૯૬૨ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૨૩૮/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખઃ ૨૨/૦૫/૨૦૨૬

**(એચ.બી. વાઘેલા)**
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર, રાપર-કચ્છ

# રેડક્રોસની કામગીરી પ્રશંસનીય : કાંતિભાઈ અમૃતિયા





### રાજ્યમંત્રીએ રેડક્રોસ ભવન ખાતે બ્લેડ બેંકની મુલાકાત લીધી : બ્લડ ડોનર દિવસ નિમિત્તે રક્તદાન કરીને લોકોનું જીવન બચાવવા અનુરોધ કરતાં સાંસદ વિનોદ ચાવડા : બેઝિક લાઈફ સેવિંગ કોર્સના વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવીને તેમના ઉજ્જવળ ભવિષ્યના કામના કરતા મહાનુભાવો



ભુજ - કચ્છ ઉદય : બ્લડ ડોનર દિવસ નિમિત્તે કચ્છ જિલ્લાના પ્રભારીમંત્રીકાંતિભાઈ અમૃતિયાએ રેડક્રોસ ભવન ભુજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો. રાજ્યમંત્રીએ બ્લડ સ્ટોરેજ ફેસિલિટી અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબની સુવિધાઓનું નિરીક્ષણ કરીને રેડક્રોસ સંસ્થાની કામગીરીને પ્રસંશનીય ગણાવી હતી. રાજ્યમંત્રીએ બેઝિક લાઈફ સેવિંગ કોર્સની તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓ સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, જ્યારે કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે તમામ હોસ્પિટલ પડી ભાંગી હતી. આ કપરા સમયે ભુજમાં ટેન્ટમાં જ બેઝ હોસ્પિટલ શરૂ કરીને રેડક્રોસ સંસ્થાએ અનેક લોકોના જીવને બચાવ્યા હતા. રેડક્રોસની હયાત બ્લડ બેંક, સ્ટોરેજ ફેસિલિટી અને ફિઝિયોથેરેપી જેવી સુવિધાઓ કચ્છના લોકો માટે આર્શીવાદરૂપ બની છે.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, યુવક યુવતીઓ બેઝિક લાઈફ સેવિંગ કોર્ષની તાલીમ રેડક્રોસ ખાતે લઈ રહ્યા છે તે આવનારા સમયમાં કોઈ માટે જીવનદાન બનશે. સાંસદે રેડક્રોસની સેવાભાવનાને બિરદાવીને લોકોને રક્તદાન કરવા અપીલ કરી હતી. રેડક્રોસના ચેરમેન ધવલભાઈ આચાર્યે રેડક્રોસ સંસ્થા કચ્છમાં અનેક જિંદગીઓને બચાવવામાં નિમિત્ત બની રહી છે તે વાતનો આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, કચ્છના દરેક તાલુકાઓમાં બ્લડ બેંક, બ્લડ સ્ટોરેજ જેવી ખૂબ જ જરૂરી ફેસિલિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. વેક્સિનેશન, ફિઝિયોથેરેપી અને હેલ્થ ચેકએપ સહિતની સેવાઓનો લાભ કચ્છના લોકોને મળી રહ્યો છે.

રેડક્રોસના પ્રેસિડેન્ટ અને જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા, અગ્રણી ફલજીભાઈ ચૌધરી, હિતેશભાઈ ખંડોર, ભીમજીભાઈ જોધાણી, જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, રેડક્રોસના સેક્રેટરી મીરાં સાવલિયા, વાઈસ ચેરમેન વિમલ મહેતા, સભ્યો ધર્મેન્દ્ર કચ્છી, પરાગ લિયા, હિરાલાલ સોની સહિત તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**એક પેડ મા કે નામ ૩.૦ અભિયાન અંતર્ગત આયોજિત**

# રાજ્યમંત્રીએ ભુજમાં બીએસએફ ૧૭૬ બટાલિયન ખાતે વૃક્ષારોપણ કરીને વન કવચ નિર્માણનો શુભારંભ કરાવ્યો





ભુજ - કચ્છ ઉદય : એક પેડ મા કે નામ ૩.૦ અભિયાન અંતર્ગત કચ્છના પ્રભારીમંત્રી કાંતિભાઈ અમૃતિયાએ બીએસએફ ૧૭૬ બટાલિયન પરિસર મુન્દ્રા રોડ ભુજ ખાતે નિર્માણ પામનારા વન કવચ અન્વયે ૩૦,૦૦૦ વૃક્ષના વાવેતરનો શુભારંભ કરાવ્યો હતો. આ વન કવચનું નિર્માણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષના સુશાસન કાર્યકાળની ઉજવણીના ઉપલક્ષ્યમાં સામાજિક વનીકરણ વિભાગ કચ્છ, બીએસએફ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી રહ્યું છે. રાજ્યમંત્રીએ વૃક્ષારોપણ કરીને વાવેતરનો શુભારંભ કરાવતા જણાવ્યું

### વડાપ્રધાનના ૧૨ વર્ષના ઉપલક્ષ્યમાં બીએસએફ ૧૭૬ બટાલિયન ખાતે ૩૦ હજારથી વૃક્ષો વાવીને વન કવચનું નિર્માણ કરાશે : સામાજિક વનીકરણ વિભાગ, બીએસએફ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત પ્રયાસોથી ભુજની મધ્યમાં થશે વિશાળ વન કવચનું નિર્માણ

હતું કે, ફળ ફળાદી વૃક્ષોના વાવેતરને પ્રાથમિકતા આપવામાં આવે જેથી મનુષ્યોની સાથે પશુ પક્ષીઓને પણ લાભ થાય.

ઉલ્લેખનીય છે કે, સ્મૃતિવન પરિસરમાં મિયાવાંકી પદ્ધતિથી વન વાવેતરના સફળ પ્રયોગ બાદ હવે બીએસએફ પરિસરમાં ત્રીસ હજારથી વધારે વૃક્ષો સામાજિક વનીકરણ વિભાગ કચ્છ દ્વારા ઉછેરીને ભુજ શહેરની મધ્યમાં વન કવચનું નિર્માણ કરાશે. રાજ્યમંત્રીએ બીએસએફ જવાનોની વીરતા અને અદમ્ય સાહસને બિરદાવીને તેમની સાથે વૃક્ષારોપણ કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો.

સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક જયનકુમાર પટેલે વન કવચ વિકાસના આયોજન અંગે રાજ્યમંત્રીને માહિતગાર કર્યા હતા. ર

ાજ્યમંત્રીની સાથે તમામ મહાનુભાવો અને ઉપસ્થિત બીએસએફના જવાનોએ વૃક્ષારોપણ કર્યું હતું. બીએસએફ જવાનોને સામાજિક વનીકરણ વિભાગ દ્વારા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કચ્છ મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડા, અગ્રણી ભીમજીભાઈ જોધાણી, હિતેશભાઈ ખંડોર, ધવલભાઈ આચાર્ય, કચ્છ કલેક્ટર અનિલ રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, બીએસએફ ડીઆઈજી યોગેન્દ્રસિંહ રાઠોડ, વન સંરક્ષક ધીરજ મિત્તલ, રેન્જ ફોરેસ્ટ ઓફિસર એચ.એચ.આલ સહિત બીએસએફ જવાનો અને વન વિભાગના કર્મયોગીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજ પાસેના ભગાડીયા ગામે પશુચારો ન મળતા પશુપાલકો મુશ્કેલીમાં

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના ભગાડીયા અને આસપાસના વિસ્તારમાં પશુઓ માટેના ઘાસચારાની ભારે અછત સર્જાઈ હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. આ અંગે સ્થાનિક પશુપાલકો દ્વારા જિલ્લા કલેક્ટરને એક લેખિત રજૂઆત કરીને ઘાસ વિતરણ વ્યવસ્થામાં ચાલી રહેલી ગેરરીતિઓ અંગે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે અને સમગ્ર મામલે તટસ્થ તપાસની માંગણી દોહરાવવામાં આવી છે.

### ડેપો પરથી અન્ય ગામના લોકોને ઘાસ વિતરણ કરાતું હોવાના આક્ષેપ સાથે કલેક્ટરને રજૂઆત : જરૂરિયાતમંદ સ્થાનિક માલધારીઓ ઘાસથી વંચિત રહેતા હોવાથી તાત્કાલિક તપાસ કરી જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવા માંગ

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ભગાડીયા ગામે આવેલ સરકારી ઘાસના ગોડાઉન પરથી આસપાસના પાંચથી સાત ગામના પશુપાલકો અને પશુઓ માટે ઘાસ પૂરું પાડવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ ડેપો પરથી સ્થાનિક અને ખરેખર હકદાર એવા પશુપાલકોને ઘાસ આપવાને બદલે અન્ય ગામના વગદાર લોકોને નિયમો નેવે મૂકીને ઘાસ આપી દેવામાં આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. આ પ્રકારના પક્ષપાત અને ભ્રષ્ટાચારભર્યા વલણને કારણે ગામના અસંખ્ય માલધારીઓ પોતાના પશુઓ માટે ઘાસ મેળવવાથી વંચિત રહી ગયા છે, જેને લીધે પશુધનના જીવ પર જોખમ ઊભું થયું છે.

પશુપાલકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું છે કે સરકારી કાગળો પર ગામમાં ઘાસ પહોંચી ગયું હોવાનું અને તેનું વિતરણ થઈ ગયું હોવાનું દર્શાવવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ભગાડીયા ગામના મોટાભાગના પશુપાલકોને હજુ સુધી એક પણ તણખલું ઘાસ મળ્યું નથી.

આ પરિસ્થિતિને કારણે પશુધનને બચાવવું મુશ્કેલ બની ગયું છે. આ ગંભીર બાબતને ધ્યાને લઈને ઉચ્ચ કક્ષાએથી તાત્કાલિક તપાસ સમિતિ નીમવામાં આવે અને વિતરણ વ્યવસ્થા પર દેખરેખ રાખવા માટે કોઈ નિષ્પક્ષ જવાબદાર અધિકારીની નિમણૂક કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ સાથે જ ખોટા આંકડા દર્શાવી ગેરરીતિ આચરનારા તત્વો સામે કાયદેસરના પગલાં ભરવા તેમજ માલધારીઓને તાકીદે પૂરતો ઘાસચારો પૂરો પાડવા માટે વહીવટી તંત્રને નમ્ર અપીલ કરવામાં આવી છે. ગામના હારુન સુમાર જત, અમીન અલા સાવરીયા, ભૂલા જીવા, દીના જત વગેરેએ રજુઆતમાં સુર પુરાવ્યો હતો.

# ઝુરા વાડી વિસ્તારમાં અવારનવાર વીજ વિક્ષેપથી ખેડૂતોને હાલાકી

ભુજ-કચ્છઉદય : ઝુરા વાડી વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી સતત વીજ પુરવઠામાં કાપ મૂકાતા ખેડૂતો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. હાલ કપાસની વાવણીનો મહત્વનો સમય ચાલી રહ્યો હોવાથી સિંચાઈ માટે નિયમિત વીજળીની જરૂરિયાત છે, પરંતુ અવારનવારના વીજ વિક્ષેપ અને ફોલ્ટના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિસ્તારના ખેડૂતોના જણાવ્યા અનુસાર નાના-મોટા તમામ ખેડૂતોએ પોતાની ક્ષમતા મુજબ કપાસનું વાવેતર કર્યું છે. વરસાદ નિયમિત ન પડતા પાકને બીજા કે ત્રીજા દિવસે પાણી આપવાની જરૂરિયાત રહે છે, પરંતુ વીજળીના અભાવે સમયસર સિંચાઈ થઈ શકતી નથી, જેના કારણે પાકને નુકસાન થવાની ભીતિ ઊભી થઈ છે. ખેડૂતોનો આક્ષેપ છે કે નિયત ૮ કલાકના વીજ પુરવઠા દરમિયાન પણ અંદાજે ૫૦ જેટલી વખત લાઈટ આવ-જાવ કરતી રહે છે. ઉપરાંત દર ૮ દિવસમાં ૪ દિવસ સુધી ફોલ્ટના કારણે વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. લોરિયા સબ-સ્ટેશન ખાતે અનેક વખત ફોન દ્વારા રજૂઆતો કરવામાં આવી હોવા છતાં માત્ર "ઉપર જાણ કરી છે" એવો જવાબ મળે છે. સવારથી વીજ પુરવઠો બંધ હોય તો ઘણીવાર રાત સુધી વીજળી પુનઃસ્થાપિત થતી નથી. ખેડૂતોન જણાવી રહ્યા છે કે તેઓ ૮ કલાકની વીજળી મેળવવા માટે ૨૪ કલાક વાડીઓમાં હાજર રહેવા મજબૂર બને છે. બીજી તરફ વીજ બિલની ચુકવણીમાં વિલંબ થાય તો વિભાગ દ્વારા મીટર કાપ વાની ચેતવણી આપવામાં આવે છે, ત્યારે વીજ પુરવઠામાં સર્જાતા વિક્ષેપને કારણે પાકને થતા નુકસાનની જવાબદારી કોણ લેશે તેવો સવાલ ખેડૂતો ઉઠાવી રહ્યા છે. ઝુરા વિસ્તારના ખેડૂતો રાજેશ શિવજીભાઈ ભાનુશાલી અને જયેશ શિવજીભાઈ ભાનુશાલી સહિત અન્ય ખેડૂતોએ વીજ વિભાગના ઉચ્ચ અધિકારીઓને ઘટતું કરી વીજ પુરવઠો નિયમિત કરવા અને ફોલ્ટની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માંગ કરી છે. ખેડૂતોનું કહેવું છે કે જો વહેલી તકે સમસ્યાનો નિવેડો નહીં આવે તો કપાસના પાકને વ્યાપક નુકસાન થવાની સંભાવના છે, જેના ગંભીર આર્થિક પરિણામો ખેડૂતોને ભોગવવા પડશે.

# ગઢશીશા ગામે જન કલ્યાણ શિબિર યોજાઈ





ગઢશીશા - કચ્છઉદય : માંડવી તાલુકાના ગઢશીશા ગામે ગઢશીશા જિલ્લા પંચાયત સીટમાં આવતા ગામોનાં વિવિધ યોજનાઓનાં લાભાર્થીઓ માટે જનકલ્યાણ શિબિરનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં આયુષ્યમાન ભારત યોજના, આયુષ્યમાન વય વંદના યોજના, નમોશ્રી યોજના, પીએમજેએવાય માં (અટલ), પીએમ સૂર્યઘર યોજના, લખપતિ દીદી યોજના, વીબીજીરામજી યોજના, પીએમ સ્વનિધિ યોજના, ફ્રી શિપકાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમિયાન, રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃધ્ધોને અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, મુખ્યમંત્રી સડક યોજના, સરસ્વતી યોજના વગેરે ૧૫ જેવી યોજનાઓની સેવાઓનો લાભ લેવા માટે તેમજ યોજનાઓની નોંધણી કરવા માટેનાં આ કાર્યક્રમની શરૂઆત આઈશ્રી ચંદુમાના હસ્તે દિપ પ્રાગટય કરીને કરવામાં આવી હતી, જેમાં માંડવી તાલુકા પંચાયતનાં પ્રમુખ રેખાબેન છાભૈયા, મામલતદાર પ્રદ્યુમનસિંહ જેઠવા, તાલુકા વિકાસ અધિકારી મયુરકાન્ત પરમાર, જીવરાજભાઈ ગઢવી, તાલુકા પંચાયતનાં કારોબારી ચેરમેન બળવંતસિંહ જાડેજા, ગઢશીશા ગ્રામ પંચાયતના સરપંચ કોમલબેન ગોસ્વામી, તાલુકા પંચાયતના સદસ્ય અંકિત ગોસ્વામી તેમજ રાજાભાઈ રબારી, મહેન્દ્રભાઈ રામાણી, ઉપસરપંચ વિજયભાઈ છાભૈયા, સંગઠન પ્રમુખ સામતભાઈ, એપીએમસી ચેરમેન ભાઈલાલભાઈ છાભૈયા, બટુકસિંહ જાડેજા, સંજયભાઈ ગોસ્વામી, તલાટી અનિલ પટેલ, અર્જુનસિંહ રાઠોડ, તાલુકા પંચાયતનાં કર્મચારી પ્રવીણભાઈ મોવલીયા તેમજ મનરેગા યોજના અને એનઆરએલએમ યોજનાનાં કર્મચારીઓ, નવીનભાઈ આહુ, ભવ્ય સોની, રાજુભા જાડેજા, રાજુભાઈ ગોસ્વામી, કિશોર ગણાત્રા, આશોક ગરવા, ઉષાબેન પટેલ,જાસ્મીનબેન રાયમા, પ્રવિણભાઈ ઉકાણી, વિરમભાઈ રબારી, વિનોદભાઈ જબુઆણી, દિલીપભાઈ જોશી, તેમજ સામાજિક આગેવાનો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપરાંત સ્વચ્છ ભારત મિશન યોજના અંતર્ગત સ્વચ્છતા સપ્તાહનાં છેલ્લા દિવસનાં કાર્યક્રમ અંતર્ગત હાજર રહેલાં તમામને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવેલ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૨૬ વાંચન કરી સમજાવવામાં આવ્યા હતા. ગામના પ્રથમ નાગરિક એવા કોમલબેન સંજયગિરિ ગોસ્વામીએ સૌને આવકારી સરકારની વિવિધ યોજનાઓનો લાભ સૌ ગ્રામજનો લે અને કોઈ લાભાર્થી યોજનકીય લાભથી વંચિત ન રહે તે જોવા માટે અપીલ કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલુકા ભાજપ મહામંત્રી મહેન્દ્રભાઈ રામાણીએ કર્યું હતું. પ્રદેશ ભાજપ કારોબારીના પૂર્વ સદસ્ય કાનજીભાઈ સંઘાર, લઘુમતિ સમાજના અબ્દુલ ઉમરભાઈ રાયમા, જાકબભાઈ માંજોઠી સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી.

# લખપત અને બન્ની પચ્છમ વિસ્તારમાં પાણી માટે લોકોના વલખા

ભુજ - કચ્છઉદય : ઉનાળો હવે પૂરો થવાના આરે છે, ત્યારે છેવાડાના ગામડાઓમાં પૂરતા પાણીનુ વિતરણ થતું ન હોવાની ફરિયાદો સામે આવી રહી છે. લખપત તથા બન્ની પચ્છમ વિસ્તારના ગામડાઓ પાણી વગર વલખી રહ્યા છે. છેલ્લાવાંઢ નજીક ગામો અને વાંઢોમાં અઠવાડિયે એકાદ વાર પાણી આવતું હોવાની બૂમ છે. લોકોને પાણી માટે ટેન્કર ઉપર આધાર રાખવો પડે છે. ૧૦૦૦થી ૧૪૦૦ રૂપિયામાં પાણીનું ટેન્કર મંગાવો પડે છે. જયારે પાણીનું ટેન્કર આવે છે, ત્યારે લોકો ટોળે વળી જાય છે. જેની પાસે જે જેટલા અને જેવા સાધનો હોય તેમાં પાણી ભરવાનો પ્રયાસ કરે છે.

### હજારથી ૧૪૦૦ રૂપિયાના મોંઘા પાણી મંગાવવા લોકો મજબૂર : પાણીની વહેંચણીમાં જિલ્લા કક્ષાએથી લોકોના ભોગે ઉદ્યોગોને વધારે પાણી અપાતા જનજીવન પર અસર

ઉલ્લેખનીય કે, બન્ની અને લખપત તાલુકા પશુપાલન ધરાવતો તાલુકો છે, જેના કારણે માણસોની સાથે પશુઓ પણ પાણી વગર બેહાલ થાય છે. બન્નીની ભેંસ દુનિયાભરમાં વખણાય છે પરંતુ પાણી વગર તેમના જીવન ઉપર ભારે અસર થાય છે. સવારે નજીકના શહેરોને પુરૂ પાડતા દૂધ ઉત્પાદનના વ્યવસાય ઉપર પણ અસર થાય છે કારણ કે અહીંના અનેક ગામડાના લોકો પાણીના અભાવે ઉનાળામાં નછૂટકે હિજરત કરી જાય છે. છેવાડાના વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસની સાથે સ્થાનિક લોકોને પણ પૂરતા પ્રમાણમાં પાણી મળે તે જરૂરી છે.

કચ્છનો ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે પરંતુ તેની સાથે વધતી જતી વસ્તીના પ્રમાણમાં લોકોને જીવન જીવવા માટે પીવાનું પૂરતું પાણી મળતું નથી જયારે ઉદ્યોગોને પૂરતું પાણી મળે છે તેવી લોકોની ફરિયાદ છે.

જાણકારોના કહેવા મુજબ કચ્છની પાણીનો સપ્લાય તો સરકાર દ્વારા પૂરતો કરાય છે પરંતુ તેનો મોટોભાગ ઉદ્યોગો પાછળ વપરાઈ જાય છે અને પાણીની વહેંચણીમાં જિલ્લા કક્ષાએ ન્યાય રાખવામાં આવતો નથી. લોકોના ભોગે ઉદ્યોગોને વધારે પાણી આપી દેવાય છે. તેની સીધી અસર લોકોના જનજીવન ઉપર પડે છે. સામાન્ય લોકોને અને પશુઓને પીવાનું પાણી માટે પૂરતુ પાણી પહોંચાડવું તે ફક્ત એક વ્યવસ્થાનું કામ નથી, પરંતુ માનવતાનું પણ કામ છે. પ્રજાકીય પ્રતિનિધિઓ સરકાર સાથે મળી અને અંતરિયાળ ગામોમાં પીવાનું પાણી વ્યવસ્થિત પહોંચતું રહે તે માટે યોગ્ય વ્યવસ્થા કરે એ ખૂબ જ જરૂરી છે. હાલમાં મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી પાસે લોકોને ઘણી અપેક્ષા છે. બન્નીમાં પાણીની યોગ્ય કાયમી વ્યવસ્થા ચોક્કસ થશે. દૂર દૂરના ગામડાઓ દુધી પીવાનું પાણી યોગ્ય પ્રમાણમાં અને સમયસર પહોંચશે. કચ્છમાં વરસાદ પહેલા જળસંગ્રહની યોગ્ય વ્યવસ્થા થઈ જશે તો ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી થશે.

# ભુજના મુંદરા રિલોકેશન સાઈટ ખાતે વોલ્ટેજની વધ-ઘટના કારણે ઉપકરણોને નુકશાન

ભુજ - કચ્છઉદય : ભૂકંપ બાદ વિકસેલા મુંદરા રોડ રિલોકેશન સાઈટમાં હજુ પણ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા તેની સેવાઓને હજુ સુધી સલામત તબક્કે લાવી શકાઈ નથી. આ વિસ્તારમાં અવાર નવાર દિવસમાં લગભગ ચારથી પાંચ વખત વીજ પૂરવઠો ખોરવાઈ જાય છે અને સંખ્યાબંધ સ્થળોએ રોડ લાઈટો બંધ જ રહે છે. આ બાબતે તંત્રને પુછવામાં આવે તો 'જમ્પર' બદલવાની કામગીરી થઈ રહી હોવાનું જણાવી દેવામાં આવે છે. રવિવારે વીજ પુરવઠો ખોરવાયા બાદ સંખ્યાબંધ વીજ ઉપકરણોને ભારે નુકશાન પહોંચ્યું હોવાનું જાણવા મળે છે. રવિવારે વીજ પુરવઠો ખોરવાઈ ગયા બાદ ઘરોમાં રેફ્રિજરેટર, વોશિંગ મશીન, એર કંડીશનર, ઈન્ડક્શન જેવા ઉપકરણો તો ઠીક છે પણ મોબાઈલ ચાર્જરની સ્વિચોને અડતાં શોર્ટ લાગવાની ફરિયાદ રહીશોએ કરી છે.

### મકાનોમાં સ્વીચ ચાલુ કરતા લાગી રહ્યો છે શોર્ટ : સ્થાનિકો દ્વારા પીજીવીસીએલમાં ફોન લગાવે તો કહેવામાં આવે જમ્પર બદલાવાની કામગીરી ચાલુ છે

જાણવા મળતી વિગતો પ્રમાણે અર્થિંગનો પાવર- રિટર્ન ન થતો હોવાની સમસ્યા લાંબા સમયથી આ વિસ્તારમાં રહેતા લોકો માટે ભારે જોખમરૂપ બની છે. આ વિસ્તારમાં ભરવાડ ચોકડીથી આગળ ધન્વંતરિ સ્કૂલની પાછળના વિસ્તારોમાં કચરો ઉપાડવાનું કામ ટ્રેકટર દ્વારા કરાતું નથી અને ગાંડા બાવળોની ઝાડી કાપવાની કામગીરી પણ હાથ ધરાતી નથી. આ વિસ્તારમાં ખાસ કરીને ધન્વંતરિ સ્કૂલની પાછળની ગલીમાં આવેલા પાંચથી છ વીજપોલ પર સ્ટ્રીટ લાઈટ બંધ રહે છે, તેથી ગીચ બાવળોની ઝાડીમાં અંધકાર વચ્ચે અસામાજિક તત્વો અડ્ડો જમાવતા હોવાની ફરિયાદ રહીશો કરી રહ્યા છે. રહેવાસીઓએ જણાવ્યું હતું કે, આ વોર્ડના તમામ કાઉન્સિલરો 'બિન હરીફ' ચૂંટાયા છે અને તેઓ સમક્ષ રજૂઆતો વારંવાર કરાઈ છે પણ તેમના દ્વારા પણ લોકોની સમસ્યાઓ તરફ ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે. કોઈ સમસ્યા માટે કાઉન્સીલરોને ફોન કરતાં તેઓ દરેક વખતે નામ અને લોકેશન વ્હોટ્સએપ પર મોકલી દેવા જણાવે છે પણ ત્યારબાદ આ સંદેશાઓ જોવાની પણ તસ્દી લેવામાં આવતી નથી. જુદા-જુદા ઘરોમાં વીજ આંચકા લાગવાની સમસ્યા ગંભીર છે અને આ માટે પશ્ચિમ કચ્છ વીજ વિભાગના અધિકારીઓએ જાતે આ વિસ્તારની મુલાકાત લઈ, ઘરો ઘર જાત તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ રહેવાસીઓએ કરી રહ્યા છે. કચરાઓના ગંજ અને બાવળોની ગીચ ઝાડીઓને કારણે મચ્છરોનું આક્રમણ મેલેરિયા કે ડેન્ગ્યુ જેવી બીમારીઓ ફેલાવવાનો ભય પણ ઉભો થયો છે.

# પવિત્ર પુરૂષોત્તમ માસના અંતિમ દિવસે કચ્છના દેવાલયોમાં ભક્તિનું ઘોડાપૂર



રામેશ્વર મહાદેવ-ભુજ



દ્વિધામેશ્વર મહાદેવ-ભુજ

### મહિલાઓ દ્વારા કાંઠાગોર મહારાજનું ભાવપૂર્વક વિસર્જન અને પાર્થિવ શિવલિંગની વિશેષ પૂજા

ભુજ - કચ્છઉદય : આજે દર ત્રણ વર્ષે આવતા પવિત્ર અધિક એટલે કે પુરૂષોત્તમ માસની પૂર્ણાહુતિ થઈ છે. અધિક માસની અમાસ નિમિત્તે શ્રદ્ધાળુઓમાં ભારે ધાર્મિક ઉત્સાહ જોવા મળ્યો છે. હિન્દુ ધર્મમાં આ માસનું વિશેષ મહત્વ હોવાથી સ્થાનિક મહિલાઓ દ્વારા આખો મહિનો ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ભુજના પ્રમુખસ્વામી નગર ખાતે આવેલા રામેશ્વર મહાદેવ મંદિરે પણ સમગ્ર અધિક માસ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના પૂજ્ય જીગ્નેશ મહારાજએ જણાવ્યું હતું કે, આજે પવિત્ર પુરુષોત્તમ માસના અંતિમ દિવસે સત્સંગ અને પૂજન સહિતના વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. અહીંના રામેશ્વર મહિલા મંડળના દીપાબેન ઠક્કરે વિગતો આપતા જણાવ્યું હતું કે, પવિત્ર અધિક માસના પ્રારંભથી આજ દિન સુધી દરરોજ મંડળની ૮૦ થી ૧૦૦ જેટલી બહેનોએ ભક્તિ ભાવ સાથે પૂજન અર્ચન કર્યા હતા પવિત્ર અધિક માસ નિમિત્તે સત્યનારાયણની કથા તીર્થસ્થાનોના પ્રવાસ સહિતના કાર્યક્રમો યોજાયા હતા આજે અમાવસ્યાના દિવસે તમામ બહેનો દ્વારા વિશેષ પૂજન અને સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત ભુજના દ્વિધામેશ્વર મહાદેવ મંદિર ખાતે એકત્રિત થયેલી મહિલાઓએ જણાવ્યું કે, દર ત્રણ વર્ષે આવતા આ મહિનાને ભગવાન વિષ્ણુએ પોતાનું નામ આપ્યું છે. આ પવિત્ર માસ દરમિયાન મહિલાઓ માટીમાંથી કાંઠાગોર મહારાજની મૂર્તિ બનાવીને તેને બાજોઠ પર એક મહિના માટે સ્થાપિત કરે છે અને વિધિ-વિધાન પૂર્વક પૂજા-અર્ચના, કથા-વાર્તા અને ભજન-કીર્તન કરે છે. આ મહિનામાં પવિત્ર નદીઓમાં સ્નાન તેમજ ૧૦૮ ફળ અને ૧૦૦૮ તુલસીદલ અર્પણ કરીને વિશેષ પૂજા કરવાનું અને દાન-પુણ્ય કરવાનું અનંત ગણું મહત્વ રહેલું છે, જેમાં અગિયારસ અને વ્યતિપાતનું દાન સવર્શ્રેષ્ઠ મનાય છે. આજે અમાસના અંતિમ દિવસે તમામ મહિલાઓ પોતાના ઘરેથી ભગવાન માટે વિશેષ ભોગ બનાવીને લાવ્યા હતા. માતાજી, શંકર ભગવાન અને કાંઠાગોર મહારાજને ભોગ ધરાવી, આરતી કર્યા બાદ સાંજે વનેડો એટલે કે કાંઠાગોર મહારાજની મૂર્તિને તળાવે લઈ જઈને શાસ્ત્રોક્ત વિધિથી વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સાથે જ આજના વિશેષ દિવસે પાર્થિવ શિવલિંગનું પણ સુંદર આયોજન કરીને તેની પૂજા-અર્ચના કર્યા બાદ ભાવભેર વિસર્જન કરવામાં આવ્યું હતું. પુરુષોત્તમ માસના આ પવિત્ર મહોત્સવમાં તમામ મહિલાઓએ ખૂબ જ આનંદ, પ્રેમ અને ધાર્મિક ઉત્સાહપૂર્વક જોડાઈને ધન્યતા અનુભવી હતી. જિલ્લા મથક ભુજ સહિત કચ્છ બારના દેવાલયો ખાતે આજે અધિક માસની અમાવસ્યા નિમિત્તે ભક્તિ સભર માહોલ જોવા મળ્યો હતો.

## રાપરમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

રાપર - કચ્છઉદય : રાપર પોલીસ દ્વારા જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી પાડી તેમની પાસેથી રોકડ રકમ સહિત કુલ ૧૦,૯૮૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ તા. ૧૪/૬/૨૦૨૫ના રોજ રાપર ટાઉન વિસ્તારમાં માંડવીચોકથી આગળ ભરવાડ વાસની ખુલ્લી શેરીમાં કેટલાક લોકો જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર મકવાણજી ચમનજી વાઘેલા તથા સ્ટાફે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન જયસુખ બાબુલાલ કેવલી, અશીમાન ઈસ્માઈલભાઈ તાહ, ધર્મેશ કાંતિલાલ ઠક્કર, હમીરભાઈ ભીમાભાઈ ચાવડા અને બાબુ અયરાલાલ રજપૂત જાહેરમાં પાનાં વડે હારજીતનો જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે સ્થળ પરથી જુગારમાં વપરાતી રોકડ રકમ ૯૩૦, આરોપીઓ પાસેથી મળેલી રોકડ રકમ ૧૦,૦૫૦ તથા ગંજીફાના પત્તાં સહિત કુલ ૧૦,૯૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ અંગે રાપર પોલીસ સ્ટેશનમાં ગુજરાત જુગાર અધિનિયમ કલમ-૧૨ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**જાહેર હરાજી**

કચ્છ જિલ્લાના રાપર તાલુકાની શ્રી ભુટકિયા પ્રા. શાળાના ૫ (પાંચ) જર્જરિત ઓરડા તોડી નાખીને કાટમાળ ખસેડી જમીન સમથળ કરી આપવાની હરાજી શ્રી ભુટકિયા પ્રા.શાળા ખાતે તારીખ ૧૯/૦૬/૨૦૨૬ ને સવારે ૧૦:૦૦ કલાકે રાખેલ છે. તો રસ ધરાવતા લોકોએ હાજર રહેવુ. શરતો સ્થળ પર જણાવવામા આવશે.

(નોધ : હરાજી શરૂ થતાં પહેલા ભાગ લેનારે ૧૦,૦૦૦ ડીપોજીટ જમાં કરાવવાની રહેશે.)

આચાર્યશ્રી, રાવળ હેતલબેન જે. મો.નં. - ૯૭૨૪૫ ૭૮૭૫૪


S.M.C. અધ્યક્ષ, ભુટકિયા પ્રા.શાળા પરમાર વેલાભાઈ આર. મો.નં. - ૯૬૮૭૮૯૦૮૭૯


NEWS PAPER

# ૧૬મી જૂને કચ્છની ભૂગોળ પલકવારમાં બદલી નાખનાર ભૂકંપને ૨૦૭ વર્ષ થશે

**સાંજના ૭:૪૫ વાગે ૮.૨ રિક્ટર સ્કેલનો અતિ ભયાનક ભૂકંપ આવ્યો હતો જેણે સિંધુ નદીના વહેણ બદલી નાખ્યા : ૯૦ કિલોમીટર લાંબો, ૧૬ કિ.મી. પહોળો અને ત્રણ મીટર ઊંચો કુદરતી બંધ ફક્ત એક જ મિનિટમાં અચાનક જ બનાવી નાખ્યો હતો જે ઇતિહાસ : સિંધુના મીઠા પાણી કચ્છમાં આવતા બંધ થઈ જતા સદીઓથી ધમધમતું લખપત બંદર સુનકાર પટ થઈ ગયું : ભુજ શહેરનો કિલ્લો પડી ગયો હતો અને કાઠમંડુથી કાશ્મીર સુધી ધણણાટી થઈ હતી**

ભુજ - કચ્છઉદય : આજથી ૨૦૭ વર્ષ પહેલાં ૧૬મી જુનના બુધવારના ઈસ ૧૮૧૯ના સાંજના પોણા સાત વાગ્યે અચાનક કોઈએ કલ્પના પણ ન કરી હોય એટલી ભયંકર રીતે ધરતી ધ્રુજવા લાગી હતી. બેથી ત્રણ મિનિટના ભયાનક ધરતીકંપ આવ્યો જે સદીઓથી ભારત ઉપખંડમાં ક્યારે પણ આવ્યો ન હતો, તેટલું જ નહીં દુનિયાની બે જુદા જુદા ખંડોની પ્લેટ વચ્ચે સર્જાતી અથડામણથી આવતા ભૂકંપમાં પણ અત્યાર સુધીનો તાકાતવર ભૂકંપ મનાય છે. ભૂકંપના કારણે કચ્છના મોટા રણમાં અંદાજે ૯૦ કિમીલાંબી, ૧૬ કિમી પહોળી અને ૩-૪ મીટર જેટલી ઉંચી એક દિવાલ જેવો ઢાંચો તૈયાર થઈ ગયો હતો. નાની - નાની ટેકરીઓની હારમાળા જેવા આટલા વિશાળ તખ્તાને તૈયાર થતા એક મિનિટથી પણ ઓછો સમય લાગ્યો હતો, જે દર્શાવે છે કે તે સમયે આવેલો ભૂકંપ કેટલો



**૨૦૭ વર્ષ પહેલાં ૧૮૧૯માં આવેલા ભૂકંપથી જમીન ઊચી આવતા કુદરતી બંધ બની જતા કચ્છમાં આવતું સિંધુ નદીનું મીઠું પાણી કચ્છમાં આવતું બંધ થઈ ગયું અને એ દિવસોમાં લીલાછમ કચ્છને સુકુભઠ્ઠ કરી અને તરસ્યું કરી દીધું**

તીવ્ર અને ભયાનક હશે. સાથે ધરતી પર જુદા જુદા પર્વતો અને ખીણ તેમજ દરિયાની રચના પણ બદલાઈ ગઈ. આજે પણ ભૂસ્તર વૈજ્ઞાનિકો માટે એક રહસ્યમય અને રસ જગાડતી જગ્યા છે.

ભૂકંપના કારણે તે સમયે અહીં આવેલ સિંદરી કિલ્લો જે એક વિશાળ વેપારી બંદરની પણ ગરજ સારતો હતો અને અહીંથી ભારતનો ખૂબ મોટો વિદેશી વેપાર તે સમયે થતો હતો તેને પણ ખૂબ નુકસાન પહોંચ્યું હતું. સિંદરી ફોર્ટથી કોરી ક્રિક સુધી જતી કેનાલમાં ઉભેલા વહાણો અને માલસામાનનું નિકંદન નીકળી ગયું હતું. તેમજ લખપત નજીક તત્કાલીન સમયે થતા લાલ ચોખાના ખેતરોને પણ નુકસાન થયું હતું. દરિયાનું પાણી આ જમીન પર ફરી વળ્યું હતુ. અંદાજીત ૧૦૦૦ ચો. કિમી જેટલી જમીન ભૂકંપના કારણે નોર્મલ લેવલ કરતા નીચે બેસી ગઈ અને કોઈ જગ્યાએ ઉપસી આવી હતી. આજ સુધી અનેક વૈજ્ઞાનિકો અને ભૂસ્તરશાસ્ત્રીઓએ ધરતીકંપના એપી સેન્ટરની અભ્યાસ મુલાકાત લીધી છે. મોટા રણમાં ઉપસી આવેલી જગ્યાનું નામ “અલ્લાહબંધ” પડ્યું તેની પાછળ એવું માનવામાં આવે છે કે ભૂકંપ પહેલા અહીં સિંધુ નદીની એક શાખા વહેતી હતી. કચ્છના રણમાં મીઠા પાણીનો સ્ત્રોત હતી, જેને કોરી નદી તરીકે ઓળખવામાં આવી છે. હાલ અહીં આવેલ કોરીક્રિક તે સમયે ન હતી, આજે કચ્છમાં જ્યાં સિંદરી લેક હતુ તેને પણ કોરી નદી પોતાના મીઠા પાણીથી ભરતી હતી, ત્યાર બાદ વિશાળ મુખ સાથે દરિયામાં ભળી જતી હતી. આ કારણે સમગ્ર કચ્છ રાજ્યને મીઠુ પાણી આપતી જીવાદોરી સમાન હતી. આજે પણ ભારત -પાકિસ્તાનની બોર્ડર આ વિસ્તારમાં નદીના વહેણના નિશાનને આધારે જ માર્ક કરવામાં આવી છે. જોકે ભૂકંપ બાદ નદીનું પાણી દરિયામાં ભળવાની જગ્યાએ બ્લોક થવા લાગ્યું. જેના કારણે જાણે ભૂકંપને કોઈ કુદરતી બંધ બાંધી દીધો હોય તેવું દ્રશ્ય નિર્માણ પામ્યું. આ જગ્યાએ રહીને વેપાર કરતા મોટાભાગ લોકો મુસ્લિમ હતા જેમણે તેને ભગવાનના ચમત્કાર સાથે ગણાવીને “અલ્લાહને બંધ બના દીઆ’ એવું કહેવા લાગ્યા. સમય જતા અપભ્રંશ સાથે આ જગ્યાને નામ મળ્યુ “અલ્લાહ બંધ”. આ ભૂકંપના કારણે ભુજ, અંજાર, માંડવી અને તે સમયના સિંધ પ્રદેશમાં ભારે તબાહી મચી હતી. હજારો લોકોએ જીવ ગુમાવ્યા અને ભુજનો કિલ્લો તથા અનેક ઐતિહાસિક ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ હતી.

ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે તેના આંચકા છેક કલકત્તા (કોલકાતા) અને ચેન્નઈ સુધી અનુભવાયા હતા. ભૂકંપ દરમિયાન જમીનની અંદર રહેલી ‘ફોલ્ટ લાઈન’ સક્રિય થઈ. “અલ્લાહ બંધ’ના નિર્માણને કારણે કચ્છ અને સિંધ પ્રદેશની આર્થિક અને ભૌગોલિક સ્થિતિ પર ખૂબ જ ગંભીર અસરો પડી. સિંધુ નદીનો પ્રવાહ બદલાયો ભૂકંપ પહેલા સિંધુ નદીની એક શાખા કચ્છના લખપત અને સિંધ સરહદ તરફ વહેતી હતી, જેના કારણે આ વિસ્તાર ખૂબ જ હરિયાળો અને ખેતીલાયક હતો. લખપત તે સમયે એક સમૃદ્ધ બંદર હતું જ્યાંથી મોટો વેપાર થતો હતો, પરંતુ નદીનો પ્રવાહ અટકી અને પાણી સિંધ (પાકિસ્તાન) તરફ ફંટાઈ જતા લખપત વિસ્તાર ઉજ્જડ થઈ ગયો. ભૂકંપથી જ લખપતની બરબાદી અને રણનું સર્જન થયું હતું. આસપાસની ફળદ્રુપ જમીન ધીમે-ધીમે સૂકાઈ ગઈ અને તે વિસ્તાર આજે આપણે જે જોઈએ છીએ. લંડનની જીઓલોજિકલ સોસાયટીના વૈજ્ઞાનિક સર ચાર્લ્સ લાયેલે પોતાના પુસ્તકમાં આ ઘટનાની નોંધ લીધી હતી. દુનિયાભરના ભૂસ્તરશાસ્ત્રીઓ માટે અલ્લાહ બંધએ વાતનો જીવતો જાગતો પુરાવો છે કે ભૂકંપ કેવી રીતે પૃથ્વીની ભૂગોળને પલકવારમાં બદલી શકે છે. આજે પણ સેટેલાઇટ ઈમેજમાં પણ અલ્લાહ બંધ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

## કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય છાત્રસભા દ્વારા વિદ્યાર્થીઓ માટે રાહત દરે નોટબુકનું વિતરણ કરાયું

ભુજ - કચ્છ ઉદય : શિક્ષણને પ્રોત્સાહન આપવા અને વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થવાના આશય સાથે કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય છાત્રસભા દ્વારા એક સરાહનીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સભાના પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજાની પ્રેરણાથી વિદ્યાર્થીઓ માટે રાહત દરે નોટબુક (ચોપડા) વિતરણ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ સેવાકાર્યને વિરેન્દ્રસિંહ જાડેજા, છાત્રસભાના ઋષિરાજસિંહ જાડેજા (સમાઘોઘા) તેમજ અનિરુદ્ધસિંહ વાઘેલાના હસ્તે વિધિવત રીતે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સામગ્રી મળી રહે તે માટે આ આયોજનમાં ‘ડોમ્સ‘ અને ‘ધ્રુવીંગ‘ જેવી નામાંકિત કંપનીઓની નોટબુક્સનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

કાર્યક્રમના પ્રથમ દિવસે અંજાર અને ભચાઉ તાલુકાના



વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુક આપવામાં આવી હતી. બીજા દિવસે મુન્દ્રા તાલુકાના વિદ્યાર્થીઓએ આ સેવાનો લાભ લીધો હતો. આગામી દિવસોમાં આ અભિયાન અંતર્ગત સમગ્ર કચ્છ જિલ્લાના તમામ વિસ્તારોમાં રાહત દરે નોટબુક વિતરણ કરવામાં આવશે. સમગ્ર કચ્છના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ યોજનાનો લાભ લીધો છે. આ ભગીરથ કાર્યક્રમને સફળ બનાવવા માટે કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય છાત્રસભાના ઋષિરાજસિંહ ડી. જાડેજા (સમાઘોઘા), અનિરુદ્ધસિંહ વાઘેલા, ક્રિષ્નારાજસિંહ જાડેજા તથા વિજયસિંહ સોઢાએ ભારે જહેમત ઉઠાવી સમગ્ર વ્યવસ્થાપનની ભાગદોડ સંભાળી હતી. છાત્રસભાના આ શૈક્ષણિક અને સામાજિક કાર્યને સમગ્ર કચ્છ પંથકમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે અને વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ તરફથી સંસ્થાની આ પહેલને બિરદાવવામાં આવી છે.

## નખત્રાણાના વિશ્રામ બાગને સોળે કળાએ વિકસીત કરાશે

**દાન પેટે આપેલા બગીચાના દાતા પરિવારે નખત્રાણા તાલુકામાં ૨૩૦૦ શૌચાલયો તેમજ ૧૩૦ જેટલા તળાવો બંધાવી આપ્યા : સરકારની વિવિધ ગ્રાન્ટની જોગવાઈથી બગીચો વિકસિત કરાશે સમર્થ ટ્રસ્ટના માધ્યમથી બગીચાના વિકાસમાં ખૂટતી કડી પૂરવામાં આવશે**

નખત્રાણા - કચ્છઉદય : કે.વી. હાઈસ્કૂલ પાસે આવેલા વિશ્રામ બાપાના સ્મરણાર્થે પોપટ પરિવાર દ્વારા વિશ્રામ બાગ બનાવવામાં આવ્યો છે. સ્વ. વેલજી વિશ્રામ પોપટ દ્વારા અહીં બગીચામાં ટ્રસ્ટના માધ્યમથી અનેક ખૂટતી કડીઓ પૂર્વમાં આવી રહી છે. નરેન્દ્ર વેલજી પોપટ પરિવાર દ્વારા તાલુકામાં અન્ય પ્રજાલક્ષી કાર્યો પણ થયા છે, જેમાં તાલુકામાં ૨૩૦૦ જેટલા શૌચાલયો, તળાવોના ખાણેત્રા તેમજ ૧૩૦ જેટલા નવા તળાવો પણ બંધાવી આપવામાં આવ્યા છે. સમર્થ સંસ્થાના માધ્યમથી હજુ પણ અહીં બગીચાના વિકાસ માટે આર્થિક સહયોગ આપવાની પણ સમર્થ ટ્રસ્ટના આશિષભાઈ મહેતાએ ખાતરી આપી હતી. મૂળ નખત્રાણાના હાલે અમેરિકા રહેતા વેલજી પોપટ પરિવાર દ્વારા સતત ચિંતા કરવામાં આવે છે. નખત્રણા તાલુકામાં અનેક પ્રજાલક્ષી કાર્યોની સુવાસ પ્રસરાવવા મા આવી છે હજુ પણ વિશ્રામ બાગ માટે ફંડની પણ નરેન્દ્ર ભાઈ પોપટ પરિવાર દ્વારા જરૂરત પુરી કરવામાં આવશે.






વિશ્રામ બાગમાં લોકો આવીને વિશ્રામ મેળવે એવો જ દાતા પરિવારનો આશ્ચર્ય છે. અહીં કોમ્યુનિટી હોલ, દ્વીપ પદ્ધતિથી પાણી, ચોકીદાર રૂમ, પાણીનો બોર, ફરતે ફેન્સીંગ બાઉન્ડ્રી, બાળકો માટે રમતગમતના સાધનો વિકસાવવામાં આવશે. પાલિકાના પદાધિકારીઓએ પણ વિશ્રામ બાગના વિકાસ માટે ખૂટતી કડી પુરવા માટે પ્રયાસો કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

પાલિકાના પ્રમુખ વસંતભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, પાણીના અભાવે બગીચો મુર્જાશે નહીં, વિવિધ સરકારી ગ્રાન્ટોમાંથી બગીચાનો વિકાસ કરી નખત્રાણાનો શોભાયમાન બગીચો બનાવવામાં આવશે. દાતાએ આપેલું દાન લેખે લાગશે જેને પેઢીઓ યાદ રાખશે.

પૂર્વ સરપંચ ડાયાલાલભાઈ સંઘાણીએ વિશ્રામ બાગ વિશે માહિતી આપી હતી અને નગરપાલિકાના માધ્યમથી બગીચાને ખૂટતી કડી પૂરી કરી વિવિધ સંવલતો ઊભી કરવામાં આવશે એવી ખાતરી આપી હતી. વેપારી મંડળ હેમેન્દ્રભાઈ કંસારાએ કહ્યું કે, નગરપાલિકા દ્વારા અનેક વિકાસકામો થઈ રહ્યા છે, જેનું નખત્રાણાને સંતોષ છે. રોડ, રસ્તા તેમજ હાલની ટીમ દ્વારા સંકલનથી કાર્ય થઈ રહ્યા છે. જૂની ગ્રામ પંચાયતની બિલ્ડીંગમાં વેરા વસુલાતની કચેરી બનાવવામાં આવે જેથી લોકોને ભાડામાંથી મુક્તિ મળે એવું વેપારી મંડળના પ્રમુખે જણાવ્યું હતું. આ વેળાએ લાલજીભાઈ રામાણી, વેપારી મંડળ મહામંત્રી અરવિંદભાઈ રૈયાણી, તાલુકા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ મામદભાઈ ખત્રી, પાલિકા ઉપપ્રમુખ દમયંતીબેન સેંધાણી, સવિતાબેન, જાગૃતીબેન ઠક્કર, મનોજભાઈ રૈયાણી, અમિતભાઈ ગોસાઈ, ખુશ્બુબેન હાર્દિક સોની, હર્ષાબેન વેણીલાલ રૈયાણી, વેણીલાલ રતનસિંહ રૈયાણી, ચંદ્રિકાબેન કેસરાણી, નીતિનભાઈ સુરાણી, મનનભાઈ લુહાર, સંગીતાબેન, રેણુબેન પટેલ, હિરેન ભટ્ટ, ભાવિકભાઈ ઠક્કર, વંદનાબેન કેસરાણી, કરમશીભાઈ બડીયા, દેવા કાના રબારી, હાર્દિક સોની સહિતના નગરપાલિકાના કાઉન્સિલરોનું વેલજી વિશ્રામ પોપટ પરિવાર દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

સમારોહમાં સમર્થ ટ્રસ્ટના આશિષભાઈ મહેતા, વેરશીભાઈ ભજુભાઈ રબારી, સામત દેવા રબારી, મિલનભાઈ રબારી, સોનાભાઈ રબારી, સોના કાના રબારી, પેના ભજુ રબારી, ખેંગારભાઈ રબારી, રાજુબેન રબારી, લાખુબેન રબારી, કરમીબેન રબારી, શંકરભાઈ પારસીયા સહિતનાઓએ પાલિકાના અધિકારીઓને સન્માનિત કર્યા હતા.

## નખત્રાણામાં જન કલ્યાણ શિબિરમાં લાભાર્થીઓએ લાભ લીધો





નખત્રાણા - કચ્છઉદય : વેપારી હોલ ખાતે નગરપાલિકાના ઉપક્રમે જનકલ્યાણ શિબિરનું ધારાસભ્ય પી.એમ. જાડેજા, મામલતદાર રાકેશભાઈ પટેલ, નગરપતિ વસંતભાઈ વેલજી વાઘેલાએ દિપ પ્રાગટય કરી ખુલ્લી મુકી હતી. ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાએ કહ્યું કે, જન કલ્યાણ શિબિરમાં સરકારની વિવિધ ૧૭ જેટલી યોજનાના લાભ લાભાર્થીને ઘર બેઠા મળી શકે છે. પારદર્શક પ્રશાસન માટે સરકાર પ્રતિબદ્ધ છે.

નગરપતિ વસંતભાઈ વાઘેલા, મામલતદાર રાકેશભાઈ પટેલે જન લક્ષ્મી સુખાકારી યોજનાના લાભાર્થી વધુ પ્રમાણમાં લાભ લે તેવો અનુરોધ કર્યો હતો. તા.પં. પ્રમુખ ભારતીબેન નીતિનગિરિ ગોસ્વામી, ઉપપ્રમુખ દમયંતીબેન સેંઘાણી, કા.ચે. ચંદનસિંહ રાઠોડ, જાગૃતિબેન પલણ, હંસાબેન વેણીલાલ રૂપાણી, ધર્મેશભાઈ કેસરાણી, હરિસિંહ રાઠોડ, હિરેન ભટ્ટ, સંગીતાબેન સાધુ, વંદનાબેન ડાયાલાલ સેંઘાણી, અમીત ગોસ્વામી, ભાવિન પલણ, નયનાબેન પટેલ, કિરણ પટેલ, લાખાભાઈ રબારી સહિત નગરપાલિકાના તમામ સદસ્યો, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પવિત્ર અધિક માસ નિમિત્તે દરિયા સ્થાન મહિલા મંડળ દ્વારા ડાયાલિસિસના દર્દીઓ માટે અપાયું દાન



ભુજ-કચ્છઉદય : પવિત્ર પુરુષોત્તમ માસ (અધિક માસ) દરમિયાન ધાર્મિક અને સેવાકીય કાર્યોનું વિશેષ મહત્વ હોય છે. આ ભાવનાને સાર્થક કરતા ભુજ શહેરના ચોક ફળીયા સ્થિત દરિયા સ્થાન મહિલા મંડળ દ્વારા માનવસેવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું. મંડળની બહેનો દ્વારા ડાયાલિસિસના જરૂરિયાતમંદ દર્દીઓની વહારે આવવાના ઉદ્દેશ્યથી, આ ક્ષેત્રમાં નિઃસ્વાર્થ ભાવે કાર્યરત મિતેષભાઈ શાહને સંસ્થાના માધ્યમથી રૂા. ૬, ૮૦૦નો આર્થિક દાનરાશિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત મહિલા મંડળના સભ્યોએ જણાવ્યું હતું કે, પુરુષોત્તમ માસના પવિત્ર દિવસોમાં જરૂરિયાતમંદ દર્દીઓને મદદરૂપ થવાનો પ્રયાસ એ જ સાચી ઈશ્વર ભક્તિ છે. દાન સ્વીકારતા મિતેષભાઈ શાહે મંડળના આ સેવાભાવી અભિગમની પ્રશંસા કરી હતી અને આ રકમનો ઉપયોગ ડાયાલિસિસ કરાવતા દર્દીઓની સારવારમાં કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## પીપલેશ્વર મહાદેવ મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા બાળકોને બેગ અને ફૂડ કિટનું વિતરણ કરાયું




ભુજ-કચ્છઉદય : સમાજ સેવાના ઉમદા હેતુ સાથે કાર્યરત પીપલેશ્વર મહાદેવ મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શાળા બેગ, લંચ બોક્ષ, વોટર બોટલ તેમજ ફૂડ કિટનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યક્રમનો મુખ્ય હેતુ શિક્ષણને પ્રોત્સાહન આપવાનો તથા જરૂરિયાતમંદ પરિવારોને સહાયરૂપ થવાનો હતો.

આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી રામબાઈ પટેલ, હર્ષાબેન સુથાર, રામબાઈ આતુ, નર્મદાબેન ઝંડારિયા, ધનબાઈ વિસરીયા, સોનબાઈ વિસરીયા, જમનાબેન મહેશ્વરી, સામાબેન, લખમીબાઈ, તુલસીબેન, દર્શકભાઈ અંતાણી, રામજીભાઈ ગરવા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સમાજના નબળા વર્ગના લોકોની સેવા કરવા અને માનવતાના કાર્યોમાં સતત આગળ રહેવા માટે સૌને પ્રેરણા આપી હતી. ટ્રસ્ટના સભ્યો, દાતાઓ અને સ્થાનિક આગેવાનોની હાજરીમાં કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. લાભાર્થીઓએ ટ્રસ્ટના આ સેવાકીય કાર્ય બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## આશા વર્કરોનો ચૂકવણું ન થાય ત્યાં સુધી કામગીરી બંધ રાખવાનો નિર્ધાર

**જિલ્લા કલેક્ટરને પાઠવ્યુ આવેદનપત્ર**

ભુજ - કચ્છઉદય : ભુજમાં આશા વર્કર સંગઠન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને વિવિધ સરકારી યોજનાઓના બાકી નીકળતા નાણાં તાત્કાલિક ચૂકવવાની માંગ કરવામાં આવી છે. ભુજ ખાતે એકત્રિત થયેલી આશા વર્કર બહેનોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, તેઓને ચૂકવવાપાત્ર રકમ લાંબા સમયથી ન મળવાને કારણે તમામ કામગીરીમાં મોટી બાધા ઊભી થઈ છે. સામાન્ય રીતે દર વર્ષે



માર્ચ મહિનામાં જે કામગીરીનું ચુકવણું કરી દેવામાં આવતું હોય છે, તે હજુ સુધી થયું નથી. છેલ્લા બે વર્ષથી ટીબી, પીએમજેવાય તેમજ પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળના લાભાર્થીઓ અને આશા બહેનોના નાણાં ચૂકવવાના બાકી છે.

આ ઉપરાંત, નમો શ્રી યોજના હેઠળ પણ લાભાર્થીઓને તેમના હકનાં નાણાં ન મળ્યા હોવાથી, લાભાર્થીઓ દ્વારા આશા વર્કરો પર સતત દબાણ કરવામાં આવી રહ્યું છે. હેલ્થ એન્ડ વેલનેસ અને જોખમી માતાના સાત દિવસના ચુકવણા તેમજ મમતા દિવસની કામગીરીના નાણાં પણ છેલ્લા બે વર્ષથી અટકાવી રાખવામાં આવ્યા છે. આશા સંગઠને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે આવી અનેક યોજનાઓમાં નાણાં ન મળવાને કારણે કામગીરી કરવી મુશ્કેલ બની ગઈ છે. આથી, જ્યાં સુધી તમામ યોજનાઓનું બાકી ચુકવણું પૂર્ણ નહીં થાય ત્યાં સુધી કોઈ પણ આશા બહેન દ્વારા ફરજ પર હાજર નહીં થાય અને કામગીરી સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે.


જિલ્લા કલેક્ટરને આ આવેદનપત્ર આપતી વખતે આશા વર્કર સંગઠનના અગ્રણીઓ છાયાબેન સોલંકી, શિલ્પાબેન, પૂજાબેન પિત્રોડા, જીજ્ઞાબેન ગોર, ભાવનાબા જાડેજા, ક્રિષ્નાબેન કન્નડ, નિશાબેન સોલંકી, જયશ્રીબેન બુચિયા, કોકીલાબેન, રેખાબેન રાઠોડ અને હીનાબા જાડેજા સહિત મોટી સંખ્યામાં આશા વર્કરો ઉપસ્થિત રહ્યા હતા.

# અરાવલીના જંગલોમાંથી પ્રાગૈતિહાસિક કાળના પથ્થરના પાસા અને ચિહ્નો મળી આવ્યા

**માનવ સભ્યતાના ક્રમિક વિકાસનો અનોખો પુરાવો**

ભુજ - કચ્છ ઉદય : હરિયાણામાં ગુરુગ્રામના ભોંડસી વિસ્તારમાં આવેલા અરાવલીના પહાડી જંગલોમાંથી આદિમાનવ કાળના અત્યંત દુર્લભ અને ચોંકાવનારા પુરાવા મળી આવ્યા છે. વન્યજીવોની ભાળ મેળવવા નીકળેલા નિષ્ણાતોની એક ટીમને અરાવલીના ખડકો પરથી પ્રાચીન શિલાચિત્રો (પેટ્રોગ્લિફ્સ), પથ્થર પર કોતરેલી રમતની બોર્ડ ગેમ્સ (ચોપાટ જેવી રચનાઓ) અને પથ્થરના પ્રાચીન ઓજારો મળી આવ્યા છે. આ શોધથી સાબિત થાય છે કે આ વિસ્તારમાં પ્રાગૈતિહાસિક કાળથી લઈને ક્રમિક રીતે માનવ વસવાટ અને સભ્યતાનો વિકાસ થતો રહ્યો છે.

આ ઐતિહાસિક શોધ પાછળ એક રસપ્રદ કિસ્સો જોડાયેલો છે. ચાર મહિના પહેલાં વન્યજીવ ફોટોગ્રાફર યતિન વર્મા અને રામકુમાર ભોંડસીના જંગલોમાં પક્ષીઓનું નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે તેમને નજીકની ભેખડ પરથી દીપડાનો અવાજ સંભળાયો હતો. દીપડો ત્યાંથી ચાલ્યો ગયા બાદ જ્યારે તેઓ એ પહાડી પર પહોંચ્યા, ત્યારે તેમનું ધ્યાન ખડકો પર કાળજીપૂર્વક કોતરેલા પ્યાલા આકારના ખાડા (કપ્યુલ્સ), ભૌમિતિક રેખાઓ અને એક માનવ પગના મોટા પંજાની આકૃતિ પર પડ્યું હતું. તેમણે આ તસવીરો સંશોધકો સાથે શેર કરી હતી. ત્યારબાદ ડૉ. બી.આર. આંબેડકર યુનિવર્સિટીના પીએચડી સ્કોલર શૈલેષ બૈસલા અને સ્થાનિક નિષ્ણાત તેજવીર માવીએ આ સ્થળની મુલાકાત લઈને વિસ્તૃત તપાસ શરૂ કરી હતી.




ભોંડસીમાં ભુવનેશ્વરી માતા મંદિર સંકુલ નજીક આવેલી આ સાઈટ એટલા માટે ખાસ છે કારણ કે અહીં એક જ જગ્યાએથી અલગ-અલગ કાળના પુરાવા મળ્યા છે. દિલ્હી યુનિવર્સિટીના સંશોધક આકાશ ગુપ્તાના જણાવ્યા અનુસાર, અહીં લોઅર પેલિયોલિથિક (પ્રારંભિક પાષાણ યુગ) થી લઈને મેસોલિથિક (મધ્ય પાષાણ યુગ) સુધીના અવશેષો સાબિત કરે છે કે લાખો વર્ષો સુધી અહીં માનવ પ્રવૃત્તિઓ સતત ચાલતી રહી હતી. અહીંથી મળેલા પથ્થરના હાથકુહાડી અને હથિયારો પ્રારંભિક સમય દર્શાવે છે, જ્યારે ૩ લાખથી ૫૦ હજાર વર્ષ જૂના ઓજારો મધ્ય પાષાણ યુગના સંકેતો આપે છે. ખડકો પર કરાયેલી કોતરણીઓ અને રમતના ચોકઠા દર્શાવે છે કે પાછળના ગાળામાં માનવી માત્ર અસ્તિત્વ ટકાવી રાખવા પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ તેનામાં વૈચારિક અને સામાજિક બદલાવ આવ્યો હતો અને તે ધાર્મિક વિધિઓ, પ્રતીકો તથા સામાજિક રમતો તરફ વળ્યો હતો.

ખડકો પર ખુલ્લા આકાશ નીચે પડેલા આ અતિ પ્રાચીન પુરાવાઓનું હવામાન, ગેરકાયદેસર ખનન અને બાંધકામના કારણે નુકસાન ન થાય તે માટે અત્યાધુનિક 'લિડાર' સ્કેનિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ લેઝર-આધારિત રિમોટ સેન્સિંગ તકનીક દ્વારા આ શિલાચિત્રોની ઊંડાઈ અને આકારનો ચોક્કસ ડિજિટલ રેકોર્ડ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જેથી ભવિષ્ય માટે તેને સાચવી શકાય. આ તમામ વિગતો વન્યરાવલી ફાઉન્ડેશન નામની એનજીઓ દ્વારા ડિજિટલ પ્લેટફોર્મ પર જાહેર જનતા માટે ઉપલબ્ધ કરાવાશે.

પુરાતત્વ વિભાગ દ્વારા સંરક્ષણની અપીલ આ અદભુત શોધ બાદ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણની ચંદીગઢ વિંગ અને હરિયાણા પુરાતત્વ વિભાગની ટીમોએ સ્થાનિક ગ્રામીણ લોકોની મદદથી આ સાઈટનું દસ્તાવેજીકરણ કરીને સરકારને પ્રાથમિક અહેવાલ સોંપ્યો છે. એએસઆઈના સુપરિન્ટેન્ડિંગ આર્કિઓલોજિસ્ટ કામેઈ અથોઈલુ કાબુઈએ જણાવ્યું હતું કે, "આ એક અત્યંત મહત્વપૂર્ણ ઐતિહાસિક સ્થળ છે અને તેને જમીન માફિયાઓથી બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક કડક પગલાં લેવામાં આવે તે જરૂરી છે."

અધિકારીઓના મતે આ સમગ્ર અરાવલી પટ્ટામાં સંશોધનનો હજી મોટો અવકાશ છે. અરાવલી પર્વતમાળાના દિલ્હી રિજ, સંજય વન, જેએનયુ રિજ, સૂરજકુંડ, ધોજ, કોટ અને રાજસ્થાનના અલવર સુધીના વિસ્તારોમાં પણ આવા અસંખ્ય પ્રાગૈતિહાસિક ચિહ્નો અગાઉ જોવા મળ્યા છે, જે આ સમગ્ર વિસ્તારને માનવ ઈતિહાસનું એક મુખ્ય કેન્દ્ર સાબિત કરે છે.

# એનઆરઆઈ દાતાના સહયોગથી ૨૦ પેટી કેસર કેરીના વિતરણ સાથે જીવદયાના કાર્યો કરાયા




ભુજ - કચ્છઉદય : છેલ્લા ૧૬ વર્ષથી સ્વ. ચેતન મહેતાની સ્મૃતિમાં વિવિધ સેવા ક્ષેત્રે સતત કાર્યરત જૈન સેવા સંસ્થા નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે એનઆરઆઈ દાતા મંજરીબેન સોની પરિવાર દુબઈના સહયોગથી તારીખ જનરલ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ અને શ્રમજીવી પરિવારોમાં ૨૦ પેટી કેસર કેરીનું વિતરણ સાથે સેવા કાર્યો કરાયા હતા.

પ્રથમ ચરણમાં ગૌવંશને લીલાચારાનું નીરણ, શ્વાનોને દૂધ, રોટલી, ખીચડી, પક્ષીને ચણ વિગેરે જીવદયાના કાર્યો કરાયા હતા. માનવ સેવાના દોરમાં લાલ ટેકરી પર આવેલા સંસ્થાના નિઃશુલ્ક છાસ કેન્દ્ર પરથી શ્રમજીવીઓ વટેમાર્ગુઓ વિગેરેને ઉનાળાનું અમૃત ૩૦૦ લીટર છાશનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું તેમજ જનરલ હોસ્પિટલમાં ૨૦૦ કરતા પણ વધારે દર્દીઓને રૂબરૂ મળી કેસર કેરીનું વિતરણ કરાયું હતું અને કચરો ભંગાર એકઠો કરી પેટિયું રળતા શ્રમજીવી પરિવારો વિગેરેને ૨૦ પેટી કેસર કેરીનું વિતરણ કરાયું હતું.

આ અવસરે કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મોભી વેલજીભાઈ ગણેશભાઈ મહેતાના નેતૃત્વમાં પ્રોજેક્ટ ચેરમેન હિરેન દોશી, પ્રદીપભાઈ દોશી, શાંતિલાલ મોતા, ભાવનાબેન જોશી, ઓજસ શેઠ, હર્ષદભાઈ નિર્મલ, પૂર્વીબેન નિર્મલ, ગિરીશભાઈ પારેખ, કે. બી. પરમાર, કૌશિક મહેતા, ડોક્ટર રૂપાલીબેન મોરબીયા, વિજય મહેતા વિગેરે જહેમત ઉઠાવી હતી.

# નલિયામાં યોજાયેલા હોમિયોપેથીક સારવાર કેમ્પમાં ૯૨ દર્દીઓએ લાભ લીધો




નલિયા - કચ્છઉદય : નલિયામાં નાનજી સુંદરજી સેજપાલ લોહાણા મહાજન વાડીમાં તેમજ કોઠારા સાર્વજનિક દવાખાનામાં ટ્રસ્ટી ગણ અને નલિયા ગાયત્રી પરિવારનાં સાથ સહકારથી યોજાયેલા સફળ હોમિયોપેથીક સારવાર કેમ્પમાં ૯૨ દર્દીઓએ લાભ લીધો હતો.

રામ કૃષ્ણ મઠના સેવાભાવી નિષ્ણાત એમડી ડૉ. મનોજભાઈ માકાણીના માર્ગદર્શન હેઠળ અન્ય ચાર ડોકટરોની ટીમે ખુબ જ ઉત્સાહથી સેવા આપી હતી. ડૉ.ઉષા ભાલિયા, ડૉ. પ્રિયંકા ઝાલા, ડૉ. ઈશા ભાટિયા અને ડૉ. વિશાલ વ્યાસ વિગેરેએ વિગતવાર તપાસણી, નિદાન કરીને ફ્રી સારવાર કરી હતી. છેલ્લા બે વર્ષથી નિયમિત દર મહિને યોજાતા ખુબ જ અસરકારક હોમિયોપેથ સારવારનો વ્યાપ વધતો જ જાય છે. આ કેમ્પમાં જુના રેગ્યુલર આવતા ઈમ્પ્રુવડ ૭૫ દર્દીઓ સાથે નવા વધારાના ૧૭ દર્દીઓએ લાભ લીધો હતો.

રામ કૃષ્ણ મઠના તરફથી ટીમના જાવેદભાઈએ મોંઘી કિંમતની દવાઓ એક મહિના માર્ટની નિઃશુલ્ક આપી હતી. આ કેમ્પના આયોજન, વ્યવસ્થા અને પ્રચાર પ્રસારમાં રામ કૃષ્ણ મઠ ના ડૉ.મનોજભાઈ જોશી, નલિયા ગાયત્રી પરિવારના હરેશભાઈ ઠક્કર અને કોઠારાના સેવાભાવી પ્રભાતસિંહ જાડેજાનો મુખ્યત્વે સહયોગ રહ્યો હતો. નલિયાના કેમ્પમાં ડૉ. રોનક છેડાની અને કોઠારાના કેમ્પમાં ડૉ. શ્રી અહિત, સમગ્ર સ્ટાફ મિત્રોની સુંદર અવિરત સેવાને કારણે આ કેમ્પમાં સારી સફળતા મળી હતી.

# રાયધણપરના ગુનેગારોને કડક સજા આપવા સમસ્ત હિન્દુ સમાજ દ્વારા માંગ

ભચાઉ - કચ્છ ઉદય : સમસ્ત હિન્દુ સમાજ દ્વારા મુખ્યમંત્રીને સંબોધી આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ભચાઉ ખાતે સમસ્ત હિન્દુ સમાજના અગ્રણીઓ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં રાયધણપર ખાતે થયેલા સામૂહિક હુમલા અને વખોડવામાં આવ્યો હતો અને જે પણ અસમાજિક તત્વો દ્વારા રાત્રે જે કૃત્ય કરવામાં આવ્યું છે તે ક્યારે પણ સાખી લેવામાં આવશે નહીં તેવું સમગ્ર હિન્દુ સમાજે જણાવ્યું હતું.



ભુજ તાલુકાના નાના વરનોરાના અમુક તત્વો દ્વારા જે આ કૃત્ય કરી સમગ્ર ગામને બાન લેવું કેટલું વ્યાજબી છે તો આ સમગ્ર ઘટનાની કડકમાં કડક તપાસ કરી અને તોહમતદારોને તાત્કાલિક ધોરણે સજા આપવામાં આવે અને કચ્છની ધરતી પર ફરીથી આવું કોઈ કૃત્ય કરવાની હિંમતના કરે તેવું જણાવવામાં આવ્યું હતું.

આવેદનપત્રની નકલ ગુજરાતના મુખ્યમંત્રી, ગૃહ મંત્રી, સાંસદ તથા પ્રધાનમંત્રી કાર્યાલયે મોકલવામાં આવી હતી. કાર્યક્રમમાં અવિનાશભાઈ જોશી, મહેશભાઈ સોની, પંકજભાઈ લકુમ, ચંદુભાઈ સોની, રમેશભાઈ જોશી, વિજયરાજસિંહ રાણા, રાઘુભાઈ ઠાકોર, દિનેશભાઈ પીઠડીયા, ખોડાભાઈ કોળી, કપિલભાઈ સાધુ સાથે મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપ-૨૦૨૬માં હીના રાજગોરે ભારતને અપાવ્યો સુવર્ણચંદ્રક

ગાંધીધામ - કચ્છ ઉદય : કચ્છની પ્રતિભાશાળી યોગાસન ખેલાડી હીના રાજગોરે વિશ્વ કક્ષાની સ્પર્ધામાં અદભૂત સફળતા મેળવી કચ્છ અને ગુજરાતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવભેર ઉજ્જવળ કર્યું છે. પહેલી વર્લ્ડ યોગાસન ચેમ્પિયનશિપ - ૨૦૨૬માં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર હીનાએ ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે ગોલ્ડ મેડલ પોતાના નામે કરી દેશને ગૌરવ અપાવ્યું છે.

વિશ્વના ૭૫ દેશોના ૪૦૦થી વધુ ખેલાડીઓ વચ્ચે યોજાયેલી આ પ્રતિષ્ઠિત ચેમ્પિયનશિપમાં હીનાએ પોતાની કુશળતા, મહેનત અને આત્મવિશ્વાસના બળે શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. ભારતીય ટીમના વાઈસ કેપ્ટન તરીકેની જવાબદારી પણ તેમણે સફળતાપૂર્વક નિભાવી હતી. તેમની સિદ્ધિ માત્ર વ્યક્તિગત સફળતા નહીં, પરંતુ ભારતના યોગાસન ક્ષેત્રની વૈશ્વિક ઓળખને વધુ મજબૂત બનાવનારી સાબિત થઈ છે. હીના રાજગોર અગાઉ પણ અનેક આંતરરાષ્ટ્રીય મંચો પર ભારતનું ગૌરવ વધારી ચૂકી છે. વર્ષ ૨૦૨૫માં યોજાયેલી એશિયન યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં પણ તેમણે ગોલ્ડ મેડલ જીતીને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો. તેમની આ સિદ્ધિઓ બદલ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સન્માનિત થવાનું ગૌરવ પણ તેમને પ્રાપ્ત થયું છે. યોગાસન ક્ષેત્રે હીના રાજગોરની કારકિર્દી સતત સફળતાઓથી શોભી રહી છે. અત્યાર સુધીમાં તેમણે ૧૦૦થી વધુ મેડલો જીતી યોગાસન જગતમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની અસાધારણ સિદ્ધિઓને કારણે તેઓ 'યોગા ક્વિન' તરીકે જાણીતા બન્યા છે, જ્યારે ગુજરાત માટે સતત સુવર્ણચંદ્રકો જીતવાના કારણે તેમને 'ગુજરાતની ગોલ્ડન ગર્લ' તરીકે પણ ઓળખવામાં આવે છે. હીના રાજગોરની આ ઐતિહાસિક સિદ્ધિથી કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં ખુશીની લાગણી પ્રસરી છે. રમતગમત, યોગાસન અને સામાજિક ક્ષેત્રના આગેવાનોએ તેમને અભિનંદન પાઠવી ભવિષ્યમાં વધુ ઊંચાઈઓ સર કરવાની શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

# કૈલાસનગર ખાતે ચકલીઘર અને પાણીના કુંડાંનું વિતરણ કરાયું

ભુજ - કચ્છ ઉદય : તાલુકાના કૈલાસ નગર ખાતે આવેલી હરિઓમ મિશન સંસ્થા દ્વારા ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓ અને નિરાધાર પ્રાણીઓની સેવા માટે જીવદયાનો અનોખો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ચકલીઘરો, પાણીના કુંડાં તેમજ ચણનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા પક્ષીઓ માટે ચણ અને પાણીની વ્યવસ્થા કરવા લોકોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. સાથે જ રસ્તા પર રહેતા કૂતરાઓ માટે રોટલાનું વિતરણ તેમજ દેશી બાજરો અને ઘઉં જેવી ખાદ્ય સામગ્રી પણ અર્પણ કરવામાં આવી હતી. ઉનાળામાં પક્ષીઓ અને પશુઓને પાણી તથા ખોરાકની તીવ્ર જરૂરિયાત રહેતી હોય છે ત્યારે હરિઓમ મિશન દ્વારા કરવામાં આવતું આ સેવાકીય કાર્ય જીવદયાની ઉત્તમ ભાવનાનું પ્રતિબિંબ બની રહ્યું છે.

નારણબાપાની પ્રેરણાથી યોજાયેલા આ કાર્યક્રમમાં ગામના સરપંચ મનસુખભાઈ માકાણી, હરિભાઈ ભાનુશાળી, સુભાષભાઈ માકાણી, નર્મદાબેન માકાણી, દુર્ગાબેન માકાણી, હીરાભાઈ રબારી સહિત આગેવાનો અને ગ્રામજનોએ હાજરી આપી હતી. ઉપસ્થિત આગેવાનોએ હરિઓમ મિશનના આ સેવાકીય પ્રયાસને બિરદાવી વધુમાં વધુ લોકો પક્ષીઓ અને પ્રાણીઓ માટે ચણ-પાણીની વ્યવસ્થા કરે તેવી અપીલ કરી હતી.



# નખત્રાણા તાલુકા પંચાયત ખાતે ૧૮મીએ તાળાબંધ કરાશે : કોંગ્રેસ

**ઉપપ્રમુખ અને કા.ચેરમેનની ગેરકાયદેસર ચેમ્બરના મુદ્દે**

**નિયમો અને બંધારણ વિરૂદ્ધ આ ચેમ્બરની તંત્રને તા. ૨૨/૫ ના રજૂઆત છતાય પગલાં ન ભરાતા સામાન્ય સભા બાદ તાળાબંધી કરાશે : કોંગ્રેસ**


રવાપર - કચ્છ ઉદય : નખત્રાણા તાલુકાના પંચાયત કચેરી ખાતે આગામી તા.૧૮/૬ ના મળનારી ૧ થી ૬ ની સામાન્ય સભામાં કોંગ્રેસ દ્વારા તા.૨૨/૫ ના બંધારણ વિરૂદ્ધ ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન ચેમ્બરની ફાળવણી બાબતે રૂબરૂ રજૂઆત છતાય કોઈ પગલાં ન ભરાતા તાલુકાના તમામ ચૂંટાયેલ સદસ્યો દ્વારા તા.૧૮/૬ ના બપોરે ૧૨:૧૫ કલાકે ગેરકાયદેસર ચેમ્બરને તાળાબંધી કરાશે જે બાબતે તાલુકા વિકાસ અધિકારીને પત્ર દ્વારા જાણ કરાઈ છે.

આ અંગે વિગતો આપતા તાલુકા પંચાયત સભ્ય અશ્વિનભાઈ રૂપારેલના જણાવ્યા અનુસાર તંત્ર સ્ટાફના બહાને કોઈપણ પત્રનો જવાબ વિપક્ષને નથી આપતો તો તાલુકાની પ્રજાની સ્થિતિ શું હશે ? અગાઉ પત્ર મુજબ કાર્યવાહી હાથ ન ધરાતા તા. પં. સૌસભ્ય જેમાં રિદ્ધિબેન શાંતિલાલ નાયાણી (વિથોણ), શારદાબેન રમેશભાઈ આયર (બિબ્બર), ગીતાબેન નારાણભાઈ આયર (વંગ), કાજલબેન કૃષ્ણદાન ગઢવી (કોટડા જ), ઓસમાનખાન સુમરા (નેત્રા), સલીમ મુસાભા જીયેજા (દેશલપર ગું) સહિત તાલુકા/જિલ્લાના કોંગ્રેસ પક્ષના આગેવાનો, કાર્યકરો આ કાર્યક્રમમાં જોડાશે તેવું યાદીમાં જણાવ્યું હતું.

# આફતમાંથી અવસર સુધીની યાત્રાનો ઉત્સવ

# હાટકેશ મંદિર દશાબ્દી મહોત્સવે જગાવી હતી અદ્વિતીય ભક્તિભાવના

ભુજ-કચ્છઉદય : ભુજના નાગર સમાજ માટે ૧૪ જૂન, ૨૦૧૬નો દિવસ માત્ર એક ધાર્મિક કાર્યક્રમ નહીં, પરંતુ સંકલ્પ, એકતા અને શ્રદ્ધાની ઉજ્જવળ ગાથાને ફરી જીવંત કરતો અવસર હતો. વિનાશક ભૂકંપમાં ધરાશાયી થયેલા હાટકેશ મહાદેવ મંદિરના પુનઃનિર્માણને દસ વર્ષ પૂર્ણ થતાં યોજાયેલા દશાબ્દી મહોત્સવે સમગ્ર સમાજને એક અનોખા ભક્તિમય માહોલમાં બાંધી દીધો હતો.

નાગર સમાજની આગવી ઓળખ તેની હોંશ, આયોજન શક્તિ અને પરંપરા પ્રત્યેની અવિચળ લાગણીમાં સમાયેલી છે. આ દશાબ્દી મહોત્સવમાં પણ એ જ ભાવનાઓનું ભવ્ય પ્રતિબિંબ જોવા મળ્યું હતું. મંદિર પરિસર રંગબેરંગી રોશની, આકર્ષક શણગાર અને આધ્યાત્મિક વાતાવરણથી ઝળહળી ઉઠ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં એવો માહોલ સર્જાયો હતો કે જાણે હાટકેશ દાદાનો પાટોત્સવ જ ઉજવાઈ રહ્યો હોય. ધાર્મિક કાર્યક્રમોની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર સાથે રુદ્રી અને વિશેષ પૂજનવિધિથી થઈ હતી. દિવસભર ભક્તોની અવરજવર ચાલુ રહી હતી. સાંજ પડતાં દીપમાળાની અદભૂત છટાએ મંદિરને દિવ્ય તેજથી પ્રકાશિત કરી દીધું હતું. ત્યારબાદ યોજાયેલી સંગીતમય મહાઆરતી અને સમૂહ મહિમ્ન સ્તોત્ર પાઠમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ સહભાગી બની ભક્તિનો અનોખો અનુભવ કર્યો હતો.

મહોત્સવ દરમિયાન પ્રસાદ અને અલ્પાહારની સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી હતી. વૃદ્ધો, યુવાનો અને બાળકો સહિત દરેક વયના લોકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં હાટકેશ દાદા પ્રત્યેની શ્રદ્ધા અને સમાજની સંગઠિત શક્તિ સ્પષ્ટપણે જોવા મળી હતી. ભૂકંપ પછી મંદિરના પુનઃનિર્માણનું કાર્ય માત્ર એક ઈમારત ઊભી કરવાનો પ્રયાસ નહોતો, પરંતુ સમાજના આત્મવિશ્વાસ અને સંકલ્પનું પ્રતિક હતું. દશ વર્ષ બાદ યોજાયેલી આ ઉજવણી એ જ સંઘર્ષ અને સફળતાની યાત્રાને વંદન કરવાનો અવસર બની હતી.આ યાદગાર પ્રસંગે ભક્તિ, ઉત્સાહ અને સામાજિક એકતાનો એવો સમન્વય સર્જાયો હતો કે મંગળા આરતીની પવિત્રતા, મહાશિવરાત્રીનો ઉમંગ, શ્રાવણી ભક્તિનો રંગ અને પાટોત્સવની ભવ્યતા એકસાથે સાકાર થઈ હોય તેવી અનુભૂતિ થઈ હતી. હાટકેશ મંદિરનો આ દશાબ્દી મહોત્સવ આજે પણ નાગર સમાજની હોંશ અને હાટકેશ દાદા પ્રત્યેની અખંડ આસ્થાનું જીવંત સ્મરણ બની રહ્યો છે.

# અંજારમાં હાર્મની સંસ્થા દ્વારા રવાપરની દીકરીનું સન્માન કરાયું

ભુજ-કચ્છ ઉદય: તાજેતરમાં અંજાર હોલ ખાતે હાર્મની આર્ટસ એન્ડ કલ્ચરલ સંસ્થા દ્વારા હાર્મની એવોર્ડ્સ-૨૦૨૬ યોજાયેલ જેમાં સામાજિક, શૈક્ષણિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક જેવા વિવિધ ક્ષેત્રમાં યોગદાન આપનાર વ્યક્તિઓને સન્માનિત કરવાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મૂળ રવાપર (કચ્છ) ગામના અને હાલમાં પોરબંદર ખાતેની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ધારા રવજીભાઈ બારમેડા (માતા- જશોદાબેન) ને વિવિધ ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ બદલ પ્રોત્સાહન ઈનામ રૂપે ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.



સમગ્ર આયોજન હાર્મની આર્ટ્સ એન્ડ કલ્ચર સંસ્થાના સંજયભાઈ શાહે કર્યું હતું. આયોજનને સફળ બનાવવા માટે પૂજાબેન ગઢવી, રમેશભાઈ ભટ્ટ, નારાયણભાઈ, મહેન્દ્રભાઈ તેમજ સમગ્ર સંચાલક ટીમનો સહયોગ મળેલ હતો. કાર્યક્રમના સૂત્ર સંચાલક તરીકે વિરાજબેન દેસાઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ભુજની કલાવૃંદ ક્લબ દ્વારા સંગીત સંધ્યા યોજાઈ



ભુજ - કચ્છ ઉદય : અહીંની જાણીતી કલાવૃંદ ક્લબ દ્વારા સંગીત સંધ્યામાં હેમાબેન તેજવાણીના ગીતથી શરૂઆત કરવામાં આવી હતી ત્યારબાદ ટીઆના માંડલિયા, પ્રદિપભાઈ ઐયર, વિણાબેન માંડલિયા, આનંદભાઈ શાહ, હેમાલીબેન માંડલિયા, પ્રેમ બહાદુર હમાલ, દર્શનાબેન મુન્શી, જયાબેન તેજવાણી, આશિષભાઈ વૈદ્ય, ઈન્દુબેન ઠાકર, ગોમાબેન તેજવાણી, હેતાલી ઐયર, આરતીબેન ઝાલા તથા અશોકભાઈ માંડલિયાએ ગીતો રજૂ કર્યા હતાં. આ પુર્વે પ્રાર્થના ગીત બાદ કલબના સક્રીય સભ્ય જયંતભાઈ કે. શાહ ના અવસાન સબબ બે મીનીટ મૌન પાળવામાં આવ્યું હતું.

## અધિકની અમાસ

આવી પહોંચી અધિકની અમાસ,
પૂર્ણ થયો પાવન પુરૂષોત્તમ માસ.
ભક્તોએ કરી ભાવ ભક્તિ જકાસ,
પરભુ પૂરી કરજો ભક્તોની આશ.
ભક્તોએ કથા, વાર્તા, કિર્તન કરી,
ખૂબ ભેગો કર્યો છે પુણ્યનો પ્રસાદ.
ભક્તોએ આંબુડું જાંબુડું ગાઈને,
ચારેકોર રેલાવ્યા છે ભક્તિનાં સૂર.
ભક્તોએ નદી-તળાવે સ્નાન કરી,
ગજાવ્યા છે ગંગાને, ગોમતીઘાટ.
ભક્તોએ સંગમસ્થળે ડૂબકી મારી,
ધોયા છે કઈક જન્મોજન્મના પાપ.
ભક્તોએ એકટાણા, ઉપવાસ કરીને,
દૂર ભગાવ્યા છે તનમનના વિકાર.
ભક્તોએ જપ-તપ, હોમહવન કરીને,
શુધ્ધ કર્યો છે આસપાસનો માહોલ.
ભક્તોએ દાન દક્ષિણાનું પુણ્ય કરી,
રાખ્યો છે કોઈકની ભલાઈમાં ભાગ.
ભક્તોએ અબોલજીવની સેવા કરી,
કેળવી છે પ્રેમ, દયા, સત્કર્મની રીત.
ભક્તોએ તીર્થસ્થાનોના દર્શન કરી,
ખોલી નાખ્યા છે બંધ મોક્ષના દ્વાર.
ભક્તોની અધિકની ભક્તિ જોઈને
ખુદ પુરૂષોત્તમ પ્રભુ કરશે વિચાર,
આવે જો દર વર્ષે પુરૂષોત્તમ માસ,
ધરતી પર ન રહે પાપનો અવકાશ.
'નિશુ'કે થોડી ભક્તિ અધિક ગણી,
પ્રભુ દેજો ભક્તોને અધિક આશિષ..
નિશા ભરતભાઈ ઠાકર'નિશુ'

# પ્લેન ક્રેશ દુર્ઘટનાને એક વર્ષ પૂર્ણ :અવસાન પામેલાઓને શ્રદ્ધાંજલિ અપાઈ

ભુજ : અમદાવાદ ખાતે સર્જાયેલી દુઃખદ વિમાન દુર્ઘટનાને આજે એક વર્ષ પૂર્ણ થતાં તેમજ આ દુર્ઘટનામાં અવસાન પામેલા તમામ નામી-અનામી મૃતકો અને સ્વર્ગસ્થ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીની પ્રથમપુણ્યતિથિ નિમિત્તે ભુજની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા શ્રદ્ધાંજલિ સભા તથા વિવિધ જીવદયા અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.શ્રદ્ધાંજલિના ભાગરૂપે ગાયોને ઘાસચારો, પક્ષીઓને ચણ તથા શ્વાનોને બિસ્કિટ અને રોટલાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ઝૂંપડપટ્ટી વિસ્તાર આસપાસ બાળકો, દર્દીઓના સ્વજનો તેમજ રાહદારીઓને છાશ અને પાણીનું વિતરણ કરીને માનવસેવાનું કાર્ય પણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના કાર્યકરોએ જણાવ્યું હતું કે અમદાવાદની દુર્ઘટનામાં માનવજીવન ઉપરાંત ગાયો, પક્ષીઓ અને શ્વાનો સહિતના મૂંગા જીવોએ પણ જીવ ગુમાવ્યા હતા. તેમની સ્મૃતિમાં જીવદયા પ્રવૃત્તિઓ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન દુર્ઘટનાના મૃતકો તથા સ્વ. વિજયભાઈ રૂપાણીની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે સત્યમ સંસ્થાના અધ્યક્ષ દર્શક અંતાણી, અંકિતાબેન ધોકાઈ, રાજુલાબેન શાહ, નર્મદાબેન ગામોટ, મનજીભાઈ ગામોટ, નરેન્દ્રભાઈ સ્વાદિયા, માલશ્રીબેન ગઢવી, અંકિતાબેન ધોકાઈ, નયનભાઈ શુક્લ, રામુબેન પટેલ, જટુભાઈ ડુડીયા, શિવાંગભાઈ અંતાણી, કાર્તિકભાઈ અંતાણી, તેમજ ભુજ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર અને જૈન સમાજના અગ્રણી ધીરેનભાઈ લાલન,ભુજ કોમર્શિયલ બેંકના એમડી ધીરેનભાઈ ઠક્કર તથા ભુજ નગર સેવા સદનના પૂર્વ અધ્યક્ષ અને જાણીતા ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદે વગેરે શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. સંસ્થાએ દુર્ઘટનામાં અવસાન પામેલા તમામ આત્માઓને શાંતિ મળે તેવી પ્રાર્થના કરી હતી તથા સેવા અને જીવદયાના કાર્યો કપડાઓનું વિતરણ અને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો દ્વારા તેમની સ્મૃતિને વંદન કર્યું હતું.

# જર્મનીએ રચ્યો ઈતિહાસ : કુરાકાઓ સામે ૭-૧થી જીત : બ્રાઝિલનો રેકોર્ડ તોડ્યો

(એજન્સી દ્વારા)

ન્યુયોર્ક : જર્મનીએ ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ માં પોતાના અભિયાનની શરૂઆત ડેબ્યુ કરનાર કુરાકાઓ સામે ૭-૧ થી શાનદાર હાર સાથે કરી હતી. આ જીત સાથે, જર્મનીએ માત્ર ત્રણ પોઈન્ટ જ નહીં પરંતુ બ્રાઝિલ દ્વારા અગાઉના વર્લ્ડ કપ રેકોર્ડ પણ મેળવ્યો. જર્મન ટીમે શરૂઆતથી જ ગ્રુપ ઈ મેચમાં સંપૂર્ણ પ્રભુત્વ મેળવ્યું. તેઓએ એ જ આક્રમક રમત દર્શાવી જેના કારણે તેમને વિશ્વની સૌથી સફળ ફૂટબોલ ટીમોમાંની એક તરીકે ઓળખ મળી. રસપ્રદ વાત એ છે કે, જર્મનીએ ફરી એકવાર ૭-૧ નો સ્કોર કર્યો, ૨૦૧૪ ના વર્લ્ડ કપ સેમિફાઇનલની યાદો તાજી કરી, જ્યાં જર્મનીએ બ્રાઝિલને ૭-૧ થી હરાવીને ઈતિહાસ રચ્યો હતો. કુરાકાઓ સામેના પોતાના સાત ગોલ સાથે, જર્મની ફિફા વર્લ્ડ કપ ઈતિહાસમાં સૌથી વધુ ગોલ કરનારી ટીમ બની. જર્મનીના હવે વર્લ્ડ કપમાં કુલ ૨૩૯ ગોલ



છે, જ્યારે બ્રાઝિલ ૨૩૮ સાથે બીજા સ્થાને સરકી ગયું છે. જર્મની હવે વર્લ્ડ કપ ઈતિહાસમાં ૨૫૦ ગોલ સુધી પહોંચવા માટે તૈયાર છે. આટલું જ નહીં, આ ચોથી વખત છે જ્યારે જર્મનીએ વર્લ્ડ કપ મેચમાં સાત કે તેથી વધુ ગોલ કર્યા છે. અગાઉ, આ રેકોર્ડ હંગેરીના નામે હતો, જેણે ત્રણ વખત આ સિદ્ધિ હાંસલ કરી હતી.

જર્મનીએ મેચની શરૂઆત મજબૂત શરૂઆતથી કરી. ફેલિક્સ ન્મેચાએ છઠ્ઠી મિનિટમાં શાનદાર ગોલ કરીને ટીમને લીડ અપાવી. જોકે, કુરાકાઓએ ૨૧મી મિનિટમાં બરાબરીનો ગોલ કરીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. ઝડપી વળતા હુમલા દરમિયાન, લિવાનો કોમેન્સિયાનો શોટ મેન્યુઅલ ન્યુઅરની બાજુમાં ફસાઈને નેટમાં ગયો.આ કુરાકાઓનો પહેલો ફિફા વર્લ્ડ કપ ગોલ બન્યો.જોકે, જર્મનીએ ઝડપથી મેચ પર નિયંત્રણ મેળવી લીધું. ૩૮મી મિનિટે, નિકો સ્લોટરબેકે કોર્નર પરથી શાનદાર હેડર વડે તેમને લીડ અપાવી. હાફટાઈમ પહેલા, કાઈ હાવર્ટ્ઝે પેનલ્ટીમાં રૂપાંતર કરીને સ્કોર ૩-૧ કર્યો. બીજા હાફની માત્ર ૬૯ સેકન્ડમાં,જમાલ મુસિયાલાએ મેચ લગભગ સીલ કરી દીધી. ત્યારબાદ નાથાનીએલ બ્રાઉન, ડેનિઝ ઉન્ડાવ અને કાઈ હાવર્ટ્ઝે ગોલ કરવાનું ચાલુ રાખ્યું, કારણ કે જર્મનીએ ૭-૧થી ઐતિહાસિક વિજય નોંધાવ્યો.

## શિવમ દુબેની એઆરસીએસ અંધેરી ટીમ સામે ૧૫૫ રન ડિફેન્ડ કરીને બૅક-ટુ-બૅક ટાઈટલ જીત્યું મરાઠા રૉયલ્સે

(એજન્સી દ્વારા)

મુંબઈ : વાનખેડે સ્ટેડિયમમાં ગઈકાલે સાંજે મેન્સ ટી૨૦ મુંબઈ લીગની ચોથી સીઝનની ફાઈનલ મૅચ રમાઈ હતી. ડિફેન્ડિંગ ચૅમ્પિયન મરાઠા રૉયલ્સે પાંચ વિકેટ ગુમાવીને ૧૫૫ રનનો ટાર્ગેટ સેટ કર્યો હતો. જવાબમાં એઆરસીએસ અંધેરી ૮ વિકેટે ૧૪૬ રન કરીને આઠ રને હાર્યું હતું.



મરાઠા રૉયલ્સ માટે ચિન્મય સુતારે બાવન બૉલમાં ૬૧ રન કર્યા હતા. એઆરસીએસ અંધેરી માટે ફાસ્ટ બોલર અર્જુન તેન્ડુલકરે ૪ ઓવરમાં ૩૬ રન આપીને બે વિકેટ લીધી હતી. તેની ઓવરમાં બે કૅચ પણ છૂટ્યા હતા. ફાસ્ટ બોલર શિવમ દુબે અને સ્પિનર મુશીર ખાનને પણ એક-એક વિકેટ મળી હતી. એઆરસીએસ અંધેરી માટે રન-ચેઝમાં ઓપનર દિવ્યાંશ સક્સેનાએ ૪૦ બૉલમાં ૫૧ રન કર્યા હતા. ૧૪ બૉલમાં પચીસ રનની જરૂર હતી ત્યારે શિવમ દુબે ૧૦ બૉલમાં ૧૫ રન કરીને સ્ટાર બોલર તુષાર દેશપાંડે સામે કૅચ-આઉટ થયો હતો. ફાસ્ટ બોલર ઈરફાન ઉમૈરે ૧૯મી ઓવરમાં બે વિકેટ લઈને રસાકસી વધારી હતી. અંતિમ ઓવરમાં ૧૪ રન ડિફેન્ડ કરીને મરાઠા રૉયલ્સ ચૅમ્પિયન બન્યું હતું.

### ખેલાડીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી, મારપીટ થતાં રહી ગઈ!

(એજન્સી દ્વારા) મુંબઈ : ટી૨૦ મુંબઈ ૨૦૨૬ની ફાઈનલ મેચમાં મેદાન પર જોરદાર ડ્રામા જોવા મળ્યો હતો. આર્ક્સ અંધેરી અને મરાઠા રોયલ્સ વચ્ચે વાનખેડે સ્ટેડિયમમાં ખિતાબી મુકાબલો રમાયો હતો. બીજી ઈનિંગની ૧૯મી ઓવરમાં અંધેરીના બેટ્સમેન ગૌરવ જઠાર અને રોયલ્સના ખેલાડી રોહન રાજે વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ દરમિયાન માહોલ ગરમા ગરમીનો થઈ ગયો હતો. ૧૯મી ઓવરના બીજા બોલ પર ગૌરવ જઠારે સિક્સર ફટકારી હતી પરંતુ આગામી બોલ પર ઈરફાન ઉમૈરે



તેની વિકેટ લઈ લીધી. પેવેલિયન પરત ફરતી વખતે ડગઆઉટ પાસે ફિલ્ડિંગ કરી રહેલા રોહન રાજે સાથે ગૌરવની દલીલ થવા લાગી. પહેલા ચોથા અમ્પાયરે બંનેને અલગ કર્યા પરંતુ બંને ફરી એકબીજાની નજીક આવી ગયા અને જોરદાર દલીલ કરવા લાગ્યા. આ પછી અંધેરીની આખી ટીમે આવવું પડ્યું અને બંનેને અલગ કરવા પડ્યા. આ દરમિયાન મરાઠા રોયલ્સના ખેલાડીઓ પણ આવી ગયા અને તેમણે રાજેને દૂર કર્યો હતો.

## મહિલા ટીર૦ વર્લ્ડકપ- : ભારતનો પાકિસ્તાન સામે ૬૪ રને ભવ્ય વિજય


(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : બર્મિંગહામના એજબેસ્ટન મેદાન પર રમાયેલા વિમેન્સ ટી૨૦ વર્લ્ડ કપના છઠ્ઠા રોમાંચક મુકાબલામાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શાનદાર પ્રદર્શન કરીને કટ્ટર હરીફ પાકિસ્તાનને ૬૪ રનથી કચડી નાખ્યું છે. ભારતે આપેલા ૧૭૧ રનના મજબૂત લક્ષ્યાંક સામે પાકિસ્તાનની આખી ટીમ ભારતીય બોલરોના ઘાતક આક્રમણ સામે પત્તાના મહેલની જેમ માત્ર ૧૦૬ રનમાં જ ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી બેટિંગમાં ઓપનર સ્મૃતિ મંધાનાએ ધમાકેદાર અર્ધસદી ફટકારી હતી, જ્યારે બોલિંગમાં દીપ્તિ શર્માએ પાકિસ્તાની બેટિંગ લાઈન-અપની કમર તોડતા ૫ વિકેટ ઝડપીને આ ભવ્ય જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પાકિસ્તાન સામેની આ મેચમાં ભારતીય મહિલા ટીમ તરફથી ઓપનર સ્મૃતિ મંધાનાએ શાનદાર અર્ધસદી ફટકારતા ૪૪ બોલમાં ૯ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી સૌથી વધુ ૬૮ રન બનાવ્યા હતા. જ્યારે બીજી ઓપનર શફાલી વર્મા ૫ બોલમાં ૧ છગ્ગા સાથે ૬ રન બનાવી આઉટ થઈ હતી. ત્રીજા નંબરે આવેલી જેમિમા રોડ્રિગ્સ ૭ બોલમાં માત્ર ૧ રન જ કરી શકી હતી. કેપ્ટન હરમનપ્રીત કૌરે



મક્કમ બેટિંગ કરતા ૩૫ બોલમાં ૪ ચોગ્ગાની મદદથી ૩૬ રનનું યોગદાન આપ્યું હતું. ભારતી ફુલમાલી ૩ બોલમાં ૧ રન બનાવી પેવેલિયન ભેગી થઈ હતી, જ્યારે વિકેટકિપર રિચા ઘોષે તોફાની ઈનિંગ રમતા માત્ર ૧૭ બોલમાં ૫ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ધમાકેદાર ૩૪ રન જોડ્યા હતા. દીપ્તિ શર્મા ૯ બોલમાં ૧ ચોગ્ગા સાથે ૧૨ રન અને શ્રેયંકા પાટીલ ૧ બોલમાં ૧ રન બનાવી નોટ આઉટ રહી હતી. આ સાથે ભારતીય ટીમે નિર્ધારિત ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૭૦ રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ભારતીય ઈનિંગ્સ દરમિયાન પાકિસ્તાન તરફથી સાદિયા ઈકબાલે ૪ ઓવરમાં ૪૧ રન આપીને ૨ વિકેટ ઝડપી હતી. કેપ્ટન ફાતિમા સનાએ પણ સારી બોલિંગ પ્રદર્શન કરતા ૪ ઓવરમાં ૩૩ રન આપીને ૨ વિકેટ મેળવી હતી. આ સિવાય તસ્મિયા રુબાબે ૪ ઓવરમાં ૪૧ રન આપીને ૧ વિકેટ અને રામીન શમીમે ૪ ઓવરમાં ૩૦ રન આપીને ૧ વિકેટ લીધી હતી. નશરા સંધુએ કરકસરયુક્ત બોલિંગ કરતા ૪ ઓવરમાં માત્ર ૨૫ રન ખર્ચ્યા હતા, જોકે તેને કોઈ વિકેટ મળી નહોતી.

### હરમનપ્રીત કૌર બની નંબર-૧ બેટ્સમેન




ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે ટી૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે મેદાનમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી હતી. મેચમાં પહેલો રન લેતા જ હરમનપ્રીત હવે મહિલા ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારતની સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગઈ હતી. તેણે ભારતની દિગ્ગજ ખેલાડીને પાછળ છોડી દીધી હતી. આ મેચ પહેલા ભૂતપૂર્વ દિગ્ગજ કેપ્ટન મિતાલી રાજના નામે ટી૨૦ વર્લ્ડ કપમાં ભારત માટે સૌથી વધુ રનનો રેકોર્ડ હતો. મિતાલી રાજ અને હરમનપ્રીત કૌરે ૭૨૬-૭૨૬ રન બનાવ્યા હતા. પાકિસ્તાન સામે એક રન બનાવતા જ હરમનપ્રીતે મિતાલી રાજને પાછળ છોડી દીધી અને આ યાદીમાં નંબર ૧ ભારતીય બની હતી.

## રન આઉટ થયા બાદ રોહિત શર્માએ શુભમન ગિલને શું કહ્યું?

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ધર્મશાલામાં રમાયેલી પહેલી વનડે મેચમાં એક હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. ભારતીય ટીમના સ્ટાર ઓપનર રોહિત શર્મા આ મેચમાં કમનસીબે રન આઉટ થઈ ગયો હતો. જેના કારણે સોશિયલ મીડિયા પર ફેન્સ વચ્ચે જોરદાર ચર્ચા શરૂ થઈ ગઈ છે. રસપ્રદ વાત એ છે કે, આ રન આઉટ બાદ પણ ક્રિઝ પર ટકી રહેલા શુભમન ગિલે બેટિંગથી એવી ધમાકેદાર વાપસી કરી કે માત્ર મેચ જ ન જીતાડી પરંતુ એક મોટો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો. મેચ દરમિયાન રોહિત શર્માએ લેગ સાઈડમાં એક શાનદાર શોટ રમીને રન લેવા માટે દોડ લગાવી હતી. બીજી તરફ રહેલા શુભમન ગિલ પણ થોડો આગળ નીકળ્યો, પરંતુ અચાનક પીછેહઠ કરીને ક્રીઝમાં પાછો ફરી ગયો. રોહિત શર્માએ પણ અધવચ્ચે રોકાઈને પાછા ફરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ત્યાં સુધીમાં મોડું થઈ ચૂક્યું હતું



અને તેઓ રન આઉટ થઈ ગયો. વર્ષ ૨૦૨૪થી અત્યાર સુધીમાં રોહિત શર્મા ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કુલ ૨ વાર રન આઉટ થયો છે અને આ બંને વખતે બીજા છેડે શુભમન ગિલ જ હાજર હતો!

## ઈંગ્લેન્ડને બીજી ટેસ્ટ મેચ પહેલા મોટો ઝટકો



(એજન્સી દ્વારા)

લંડન : પ્રથમ ટેસ્ટમાં શાનદાર વાપસી કરનાર અને મેચ જીતનાર ઓલી રોબિન્સનને બીજી ટેસ્ટમાંથી બહાર કરવામાં આવ્યા છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમે પુષ્ટિ આપી છે કે રોબિન્સન ઘૂંટણની સમસ્યાથી પીડાઈ રહ્યો છે અને ૧૯ જૂનથી ઓવલ ખાતે શરૂ થનારી બીજી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે.

## યુપી બ્રિજ સ્ટાર્સે રોમાંચક ફાઇનલમાં ગુજરાત ડાયમંડ્સને હરાવીને ટાઇટલ જીત્યું




(એજન્સી દ્વારા) લખનઉ : યુપી બ્રિજ સ્ટાર્સે બિગ ક્રિકેટ લીગ સીઝન ૨નો ખિતાબ જીત્યો છે. ગ્રેટર નોઈડાના શહીદ વિજય સિંહ પથિક સ્પોર્ટસ કોમ્પલેક્સમાં રમાયેલી રોમાંચક ફાઈનલમાં યુપી બ્રિજ સ્ટાર્સે ગુજરાત ડાયમન્ડને ૫ રનથી હરાવ્યું હતુ. લીગની ૨ ટીમો વચ્ચે રમાયેલી ફાઈનલ ખુબ રોમાંચક રહી હતી. અંત સુધી મેચ રસપ્રદ રહી હતી. મેચમાં ટોસ જીતી ગુજરાત ડાયમંડસે યુપી બ્રિજ સ્ટાર્સને પહેલા બેટિંગ માટે મેદાનમાં ઉતાર્યુ હતુ. યુપી બ્રિજ સ્ટાર્સે પહેલા રમતા ૨૦ ઓવરમાં ૮ વિકેટ પર ૧૬૬ રન બનાવ્યા હતા. યુપી બ્રિજ સ્ટાર્સ દ્વારા સૌથી વધારે રન ચિરાગ ગાંધીએ બનાવ્યા હતા. તેમણે ૪૫ બોલમાં ૭૬ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. હવે ગુજરાત ડાયમંડસની સામે ૧૬૭ રનનો ટાર્ગેટ હતો. આ ટાર્ગેટને પૂર્ણ કરવા માટે સંઘર્ષ અંત સુધી જોવા મળ્યો હતો. તેમ છતાં જીત ૫ રનથી દુર રહી હતી.

## રીચા ઘોસે ઈતિહાસ રચ્યો




રિચા ઘોષ ટી૨૦ વર્લ્ડકપમાં છઠ્ઠા કે તેથી નીચેના નંબર પર બેટિંગ કરીને ભારતની સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગઈ છે. આઈસીસી વર્લ્ડકપ ૨૦૨૬ની છઠ્ઠી મેચમાં તેણે પાકિસ્તાન સામે ૨૦૦ ના સ્ટ્રાઈક રેટથી ૩૪ રન બનાવ્યા હતા. ફક્ત ૧૭ બોલ સુધી ચાલેલી આ તોફાની ઈનિંગમાં તેણે ૧ છગ્ગો અને ૫ ચોગ્ગા ફટકાર્યા હતા. ૧૯મી ઓવર ખાસ કરીને નોંધપાત્ર હતી, જેમાં ૩ ચોગ્ગા અને ૧ છગ્ગો ફટકારવામાં આવ્યો હતો. આ ઓવરમાંથી કુલ ૨૩ રન બન્યા હતા.

# આમિર ખાનની સુપરહિટ ફિલ્મ લગાનને ૨૫ વર્ષ પૂર્ણ : ગ્રાન્ડ સેલિબ્રેશન યોજાયું





ભુજ - કચ્છઉદય : લગાનને સિનેમાઘરોમાં રિલીઝ થયેલાં ૨૫ વર્ષ પૂરાં થઈ ગયા છે. આ ખાસ દિવસે ગ્રાન્ડ સેલિબ્રેશન કર્યું હતું જેમાં ફિલ્મનાં કાસ્ટ જોવા મળ્યા હતા.

વર્ષ ૨૦૦૧ માં રિલીઝ થયેલી આમિર ખાનની સુપરહિટ ફિલ્મ લગાન આ વર્ષ એટલે કે ૨૦૨૬માં ૨૫ વર્ષ પૂરાં કર્યા છે. આ ખાસ દિવસનું જોરદાર રીતે સેલિબ્રેશન કર્યું છે. પૂરી ટીમ અને ફિલ્મના કાસ્ટ એકસાથે જોવા મળ્યાં અને લોકોએ ભરપૂર એન્જોય કર્યું. આ દરમિયાન અનેક ફિલ્મનાં સિતારાઓ પણ જોવા મળ્યાં, જેમણે લાઈમલાઈટ લૂંટી હતી. આ વચ્ચે કરીના કપૂર પણ જોવા મળી હતી. આ દરમિયાન સૌથી વધારે ધ્યાન ફિલ્મનાં બાઘાએ ખેંચ્યું હતું જેનો વર્ષો પછી એકદમ લુક બદલાઈ ગયો છે. મહત્વની બાબત એ છે કે, આ ફિલ્મનું મોટા ભાગનું શુટીંગ ભુજ તાલુકાના કુનરીયા ગામે અને કચ્છના અલગ અલગ વિસ્તારોમાં થયું છે. કોસ્ટાર તરીકે કચ્છના ગ્રામ્ય વિસ્તારના લોકોએ તેમાં રોલ ભજવ્યો છે. આ ફિલ્મના એક એક દ્રશ્યો આજે પણ કચ્છના લોકોના માનસ પટ પર અંકિત છે. કુનરીયા ગામે આજે પણ લગાન ફિલ્મના ક્રિકેટ ગ્રાઉન્ડમાં બાળકો ક્રિકેટ રમે છે.

ફિલ્મને ૨૫ વર્ષ પૂર્ણ થતા કરાયેલી ઉજવણીમાં આમીરખાને શુટીંગ દરમ્યાન કચ્છમાં રહેવાનો અનુભવ, અહીંના લોકોની આત્મીયતા રજુ કરી હતી. આમીરખાન કચ્છમાં રહ્યો ત્યારે લોકો સાથે સબંધ એટલા ગાઢ બની ગયા કે જે આજે પણ અકબંધ રહ્યા છે. આજે પણ આમીરખાન કચ્છના લોકોને નામથી ઓળખે છે. કોટાય ગામે તાજેતરમાં આવી બાળકોને સીતારે જમીન પર ફિલ્મ બતાવી હતી.

## પુણેમાં કોકટેલ ૨ના મ્યુઝિક ફેસ્ટિવલમાં ભયંકર ભીડને કારણે સર્જાયો હોબાળો




(એજન્સી દ્વારા) મુંબઈ : પુણેના વિમાનનગર સ્થિત ફીનિક્સ માર્કેટ સિટી નામના મૉલમાં યોજાયેલા 'કૉકટેલ ૨' મ્યુઝિક ફેસ્ટિવલ એક ગ્લૅમરસ કાર્યક્રમ બનવાનો હતો પણ શાહિદ કપૂર, ક્રિતી સૅનન અને રશ્મિકા મંદાનાની એક ઝલક જોવા માટે ઊમટેલી હજારોની ભીડને કારણે સમગ્ર કાર્યક્રમમાં અફરાતફરી મચી ગઈ. રિપોર્ટ પ્રમાણે કલાકારો મંચ પર પહોંચ્યાની થોડી જ મિનિટોમાં પરિસ્થિતિ કાબૂ બહાર જવા લાગી હતી. મોટી સંખ્યામાં ચાહકોએ બૅરિકેડ્સ તોડી નાખ્યાં અને સ્ટેજ તરફ આગળ વધવાનો પ્રયાસ કર્યો જેના કારણે સુરક્ષાવ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી.

## બિકિની પહેરીને પુલમાં ઉતરતા જ એક્ટ્રેસે વધાર્યા ચાહકોના ધબકારા


(એજન્સી દ્વારા)

મુંબઈ : જાણીતી ટીવી અભિનેત્રી કનિકા માનના નવા ફોટાએ ઈન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. કનિકા વિવિધ બિકીની લુકમાં ખૂબ જ સુંદર દેખાઈ રહી છે. એક તસવીરમાં, કનિકા મરૂન રંગની બિકીની પહેરીને પૂલમાં ડૂબકી લગાવતી જોવા મળી હતી, તે સિમ્પલ નો-મેકઅપ લુક સાથે પણ ખૂબ જ સુંદર દેખાતી હતી. કનિકાએ ગોવામાં પોતાનો સમય ખૂબ જ એન્જોય કર્યો, તેણે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો અને સ્પા ટ્રીટમેન્ટનો પોતાને રિલેક્સ કરી. અભિનેત્રી દરેક ક્ષણનો એન્જોય કરતી જોવા મળી.કનિકાના બિકીનીમાં બોલ્ડ લુકથી ચાહકો દંગ



રહી ગયા છે. તેઓ તેના મોહક આકર્ષણથી મોહિત થઈ ગયા છે. કમેન્ટ સેક્સનમાં કેટલાક તેને 'વોટર બેબી' કહી રહ્યા છે, જ્યારે કેટલાક તેને 'હોટ' તરીકે વર્ણવી રહ્યા છે.

## ચાર ચાર બંગડી ફેમ સિંગર કિંજલ દવે ફરી ચર્ચામાં




(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ: ચાર ચાર બંગડી ફેમ સિંગર કિંજલ દવે ફરી એક વખત ચર્ચામાં આવી છે. ધ્રુવીન શાહ સાથે સગાઈના કારણે તેને ન્યાત બહાર મૂકવામાં આવી હતી. આ વિવાદ વચ્ચે તે અને ધ્રુવીન માલદિવ્સમાં વેકેશન માણવા ગયા હતા. જેની તસવીરો તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. જોકે આ તસવીરો તેણે હટાવી દીધી છે, જેના કારણે કિંજલ દવે ફરી ચર્ચામાં આવી છે. લોકો કિંજલ દવે અને ધ્રુવીન શાહ વચ્ચે સંબંધમાં તિરાડ પડી તેવી અટકળો કરી રહ્યા છે, જ્યારે કેટલાક લોકો આને પબ્લિસિટી સ્ટંટ ગણાવી રહ્યા છે. કિંજલે કેમ તસવીરો હટાવી તે અંગે તેની કે ધ્રુવીન શાહ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

## ૩૮ વર્ષની ઉંમરે મા બની 'નાગિન' એક્ટ્રેસ સુરભી જ્યોતિ

(એજન્સી દ્વારા)

મુંબઈ : ટેલિવિઝનના લોકપ્રિય શો નાગિનની ત્રીજી સીઝનમાં 'નાગરાણી બેલા' તરીકે ખ્યાતિ મેળવનાર સુરભી જ્યોતિએ તેના ચાહકો સાથે તેના અંગત જીવન વિશેના કેટલાક અદ્ભુત સમાચાર શેર કર્યા છે. સુરભી માતા બની છે અને તેણે એક બાળકીને જન્મ આપ્યો છે. સુરભી જ્યોતિએ તેના ચાહકો સાથે આ સમાચાર શેર કર્યા અને એક સુંદર સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા કૃતજ્ઞતા વ્યક્ત કરી. તેની સરળ પોસ્ટમાં લખ્યું છે: "દીકરીનો જન્મ થયો છે, ૧૩ જૂન ૨૦૨૬ ન્દી, સુરભી અને



સુમિત." પોસ્ટ સાથેના કેપ્શનમાં, સુરભીએ લખ્યું: "અમારી દીકરી આવી ગઈ છે. અમારા હૃદય પ્રેમ અને કૃતજ્ઞતાથી ભરાઈ ગયા છે." સુરભીની દીકરીના જન્મની જાહેરાત કરતી પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે.

# ડિઝલના નવા નિયમોથી કચ્છનો ખાણ ઉદ્યોગ ઠપ્પ થવાની ભીતિ




**કચ્છના ચાઇના ક્લે ઉદ્યોગ પર મોટું સંકટ : બેરલમાં ડિઝલ મેળવવા પર ૨૦૦ લીટરની મર્યાદા લાદવામાં આવતા શ્રી કચ્છ ચાઇના ક્લે એસોસિએશને કલેક્ટરને પત્ર લખી વિશેષ મંજૂરી આપવા કરી રજૂઆત**

ભુજ - કચ્છઉદય : ભારત સરકારના પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા અસ્થાયી નિયમન આદેશ અન્વયે કચ્છ જિલ્લાના જીવાદોરી સમાન ચાઇના ક્લે માઇનિંગ અને પ્રોસેસિંગ ઉદ્યોગ સામે મોટું વ્યાવહારિક સંકટ ઊભું થયું છે. નવા સરકારી નિયમ મુજબ પેટ્રોલ પંપ પરથી વાહન સિવાય બેરલ કે કન્ટેનરમાં ડિઝલ આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને દૈનિક માત્ર ૨૦૦ લીટરની મર્યાદા લાદવામાં આવી છે. આ આદેશના કારણે સમગ્ર કચ્છ જિલ્લાના માઇનિંગ લીઝ હોલ્ડર્સ અને પ્લાન્ટ ઓનર્સ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે, જેને પગલે શ્રી કચ્છ ચાઇના ક્લે એસોસિએશન દ્વારા કચ્છ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટને એક વિસ્તૃત આવેદન પત્ર પાઠવીને જૂની પદ્ધતિ મુજબ ડિઝલનો જથ્થો મેળવવા સામૂહિક મંજૂરી આપવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

એસોસિએશને કલેક્ટર સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું છે કે કચ્છ જિલ્લાનો ચાઇના ક્લે અને મિનરલ ઉદ્યોગ દેશના સિરામિક, પેપર અને અન્ય મેન્યુફેક્ચરિંગ સેક્ટર માટે કરોડરજ્જુ સમાન છે, જેની સાથે હજારો શ્રમિકો અને સ્થાનિક પરિવારોની રોજીરોટી જોડાયેલી છે. ગ્રાઇન્ડિંગ, માઇનિંગ અને પ્રોસેસિંગના આ વ્યવસાયમાં ક્રશર પ્લાન્ટ્સ, હેવી લોડર્સ, હિટાચી, જેસીબી અને હાઇ-કેપેસિટી જનરેટર સેટ્સ જેવા અત્યંત ભારે મશીનરીઓ સતત કાર્યરત રહે છે.

આ તમામ મશીનરીઓ માત્ર ખનન વિસ્તાર કે ફેક્ટરી કમ્પાઉન્ડની અંદર જ ચાલતી હોય છે અને તેમનું કદ તથા વજન એટલું વધારે હોય છે કે તેમને ઈંધણ ભરાવવા માટે સામાન્ય રસ્તાઓ પર ચલાવીને નજીકના છૂટક પેટ્રોલ પંપ સુધી લઈ જવી કોઈપણ સંજોગોમાં શક્ય નથી. આ હેવી મશીનરીઓનો દૈનિક વપરાશ ૨૦૦ લીટર કરતાં ક્યાંય વધારે હોવાથી વર્તમાન મર્યાદા ખૂબ જ અપૂરતી સાબિત થઈ રહી છે.

જો ખાણ અને પ્લાન્ટ સાઈટ પર અગાઉની જેમ જ જૂની પદ્ધતિ મુજબ બેરલો દ્વારા ડિઝલ લાવવાની મંજૂરી તાત્કાલિક નહીં મળે, તો સમગ્ર કચ્છ જિલ્લાનો ચાઈના ક્લે ઉદ્યોગ સંપૂર્ણપણે ઠપ્પ થઈ જશે તેવી ચિંતા એસોસિએશને વ્યક્ત કરી છે. ઉદ્યોગો બંધ થવાને કારણે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે સપ્લાય ચેઈન તૂટશે અને ઉદ્યોગકારોને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવું પડશે, જેની સીધી અસર દેશના અર્થતંત્ર અને શ્રમિકોના રોજગાર પર પડશે. સરકારી આદેશના ક્લોઝ નંબર ચાર હેઠળ સ્થાનિક વહીવટી તંત્રને જનહિત તેમજ ઉદ્યોગોની અનિવાર્ય જરૂરિયાતને ધ્યાને રાખીને ખાસ કિસ્સામાં આ નિયમોમાંથી મુક્તિ આપવાની સત્તા આપવામાં આવેલી છે. આ જોગવાઈનો હવાલો આપીને એસોસિએશને ખાતરી આપી છે કે તમામ સભ્યો દ્વારા મેળવવામાં આવતા ડિઝલનો ઉપયોગ માત્ર ને માત્ર ખાણ અને પ્લાન્ટની કાયદેસરની મશીનરીઓ માટે જ કરવામાં આવશે. ચાઈના ક્લે ઉદ્યોગ અને હજારો શ્રમિકોના હિતમાં સ્થાનિક પુરવઠા વિભાગ અને જિલ્લાના તમામ પેટ્રોલ પંપ ધારકોને વ્યાજબી જરૂરિયાત મુજબ બેરલ કે કન્ટેનરમાં ડિઝલનો જથ્થો ઉપાડવાની વિશેષ મુક્તિ આપતો આદેશ કરવા વહીવટી તંત્રને વિનંતી કરવામાં આવી છે.

આ રજૂઆત પ્રસંગે કચ્છ જિલ્લા ચાઈના ક્લે એસોસિએશનના પ્રમુખ ગોકુલભાઈ ડાંગર, ઉપપ્રમુખ શામજીભાઈ ઢીલા, શિવજીભાઈ બરાડીયા, ભરતભાઈ ડાંગર, સહમંત્રી દીપક ડાંગર, માવજીભાઈ આહીર, હરિભાઈ ડાંગર, પુનમભાઈ મકવાણા, શિવજીભાઈ પટેલ, અરજનભાઈ આહીર, રૂપેશભાઈ છાંગા, ગણેશ રાજપૂત, રત્ના પટેલ, સરમણ જાટીયા, શામજીભાઈ કેરાસીયા, અનીલ હુંબલ, લક્ષ્મણ ગાગલ, બકાભાઈ, દીપક આહીર, નિલેશ પટેલ, મલાય શેઠ તથા લીઝ ધારકો, પ્લાન્ટ ધારકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કેબીનેટ મંત્રીએ સામખિયાળીમાં લોકગાયક સાથે મુલાકાત કરી



કેબીનેટ મંત્રી કુવરજીભાઈ બાવળીયાએ સામખિયાળીમાં લોકગાયક રાજ ઠાકોર સાથે મુલાકાત કરી હતી. તેની કલા કારીગરીને બિરદાવી હતી. મુલાકાત બદલ એમ. બી. ઠાકોર વતી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં લાંચિયાઓ બેફામ : ૬ મહિનામાં ૫૦ સરકારી બાબુઓ પર એસીબીની 'ટ્રેપ'!

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુક્ત શાસનના દાવાઓ વચ્ચે એક વરવું સત્ય બહાર આવ્યું છે. વર્ષ ૨૦૨૬ના માત્ર પ્રથમ ૬ મહિનામાં જ રાજ્યના ૫૦ જેટલા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ચૂક્યા છે. પોલીસ વિભાગથી લઈને પંચાયત અને મહેસૂલ સુધીના વિભાગોમાં ફેલાયેલું આ ભ્રષ્ટાચારનું નેટવર્ક સામાન્ય જનતા માટે આશીર્વાદને બદલે શ્રાપ બની રહ્યું છે.

ગયા વર્ષે ૧૬૪ ભ્રષ્ટાચારીઓ પકડાયા હતા, જેની સરખામણીએ આ વર્ષનો આંકડો સૂચવે છે કે ભ્રષ્ટાચારની આ ગતિ અટકવાનું નામ નથી લઈ રહી. ભ્રષ્ટાચારની પરાકાષ્ઠા તો ત્યારે જોવા મળી જ્યારે ગાંધીનગરના ઈલેક્ટ્રિકલ ઈન્સ્પેક્ટર ઓફિસના ક્લાસ-૧ અધિકારી એ.બી. ચૌધરી ૫ લાખની લાંચ લેતા ઝડપાયા. તેમની તપાસ દરમિયાન ૨.૬૪ કરોડની જ્વેલરી અને મિલકતો મળી આવી, જે દર્શાવે છે કે સત્તાના જોરે કેવી કમાણી કરવામાં આવે છે. આ માત્ર મોટા અધિકારીઓ પૂરતું મર્યાદિત નથી, જન્મના દાખલાથી લઈને બીલ પાસ કરાવવા સુધીના પાયાના કામોમાં પણ તલાટી અને ક્લાર્ક કક્ષાના કર્મચારીઓ કમિશન માંગી રહ્યા છે. આણંદમાં તો બે મહિલા પોલીસ કર્મીઓ પણ ૧.૧૦ લાખની લાંચ લેતા ઝડપાઈ જતા ચકચાર મચી ગઈ હતી. સૌથી મોટો પ્રશ્ન એ છે કે શા માટે આ અધિકારીઓ નિર્ભય છે? એન્ટી કરપ્શન બ્યુરો ત્યારે જ એક્શનમાં આવે છે, જ્યારે કોઈ ફરિયાદ કરે, પરંતુ સરકારી વિભાગોમાં પોતાનું કોઈ આંતરિક સર્વેલન્સ તંત્ર હોય તેવું દેખાતું નથી. શિસ્તભંગના પગલાં લેવામાં થતો વિલંબ અને કોર્ટમાં નીચો કન્વિક્શન રેટ (સજાનો દર) ભ્રષ્ટાચારીઓને પ્રોત્સાહન પૂરું પાડે છે.

## નેત્રા ખાતે ચાલુ વર્ષથી શરૂ થતી મહિલા કોલેજ માટે ગામે ગામ બેઠકો યોજાઈ

**૨૦ જૂન સુધી એડમીશન લેવા અપીલ કરાઈ : શિક્ષણક્ષેત્રે વિસ્તારને કચ્છ યુનિવર્સિટી દ્વારા અપાયેલ એક સ્ટેશન સેન્ટરમાં વધુ મહિલા લાભ લે તે માટે કોંગ્રેસ - ભાજપ અને આગેવાનો જહેમત ઉઠાવી**






રવાપર - કચ્છ ઉદય : કચ્છ યુનિવર્સિટીના સહયોગથી નેત્રા સારસ્વત્‌મ હાઈસ્કૂલ ખાતે ચાલુ વર્ષથી શરૂ થતા મહિલાઓ માટેના એક સ્ટેશન સેન્ટરમાં આગામી છેલ્લા રાઉન્ડ તા.૨૯ જૂન સુધી એડમીશન મેળવવા આ વિસ્તારના ગામેગામ બેઠકો યોજી શિક્ષણ જેવા પવિત્ર હેતુનો લાભ તમામ મહિલા સુધી પહોંચે તે હેતુસર કોંગ્રેસ ભાજપ સામાજિક અને રાજકીય આગેવાનો એક થઈ લાભ લેવા અપીલ કરી હતી.

આ અંગે વિગતો આપતા તા.પં. સભ્ય અશ્વિન રૂપારેલના જણાવ્યા અનુસાર આ વિસ્તારને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે હારૂન કુંભાર, શિવજી સીજુ (નેત્રા)ની સ્થાનિક ટીમ સતત બે વર્ષની જહેમત બાદ કચ્છ યુનિવર્સિટી અને સારસ્વત્‌મ સંસ્થાના સહયોગ મળતા આ વિસ્તારનું સ્વપ્ન સાકાર થયું હતું. કોલેજની જીકાસ સાઈડ પર એડમીશન શરૂ થતા આ વિસ્તારની તમામ મહિલાને આ લાભ મળે તે હેતુસર જિલ્લા પંચાયત સભ્ય નેહા રૂપારેલ તા.પં. સભ્યો અશ્વિન રૂપારેલ, ઓસ્માણ સુમરા, કલ્પેશભાઈ સચદે, ભરતભાઈ વાઘેલા સહિત વિવિધ સંરપંચો બહાદુરસિંહ જાડેજા (નેત્રા), પરેશ રૂપારેલ (રવાપર), જેન્તીભાઈ વાઘેલા (રસલીયા), શ્રીમતી કાપડી અને નવુભા જાડેજા (ખોંભડી), શ્રી ગઢવીભાઈ (રામપર સર્વા), રાણાભાઈ રબારી (ખિરસરા), મોહસીન લુહાર (નાગવીરી), રતનબેન લોચા (નવાવાસ) સહિત બાંડિયા, ઉસ્તીયા, ઉખેડા, ટોડિયા, મથલ જેવા ગામોમાં માર્ગદર્શન કેમ્પનું આયોજન કરાયું હતું. અબડાસા તા.પં. પ્રમુખ જયેન્દ્રસિંહ જાડેજા પણ જહેમત ઉઠાવી સહયોગી બન્યા હતા.

નેત્રા ખાતે શરૂ થતી આ કોલેજ માટે સ્થાનિક આગેવાનો હરીભાઈ ચારણ (પૂર્વ સભ્ય તા.પં.), હેમંતભાઈ સાધુ, દીપકભાઈ દવે, ઈશાભાઈ વૈદ્ય, ફકીરમામદ કુંભાર, ઓસમાણભાઈ સાટી, હિતેન્દ્ર દીવાકર સહિત ટીમો જહેમત ઉઠાવી હતી. કોલેજ એડમીશનની સંપૂર્ણ માર્ગદર્શન શિવજીભાઈ સીજુએ આપ્યું હતું. આભારવિધિ હારૂનભાઈ કુંભાર દ્વારા કરાઈ હતી. ગામે ગામ સરપંચ, આગેવાનો, મહિલાઓ, યુવાનો મોટી સંખ્યામાં હાજરી આપી સહયોગી બન્યા હતા તેવું યાદીમાં જણાવાયું હતું.

## કુકમા ટોલનાકા પાસે ફરી એકવાર અકસ્માત

ભુજ - કચ્છઉદય : તાલુકાના કુકમા ગામ નજીક આવેલ ટોલનાકા પાસે આજે ફરી એકવાર અકસ્માત સર્જાયો હતો. અંજારથી આવતી બલેનો કાર અને યુટીલીટી વચ્ચે આ અકસ્માતનો બનાવ બન્યો હતો. કારમાં સવાર બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે તો સાથે જ માધાપરથી કામ અર્થે અંજાર જઈ રહેલા યુટીલીટી વાહનના ચાલક સહિત અન્ય લોકોને પણ નાની મોટી ઈજાઓ થઈ છે. અકસ્માતના બનાવને લઈ લોકો એકત્ર થઈ ગયા હતા અને ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર સાથે યુટીલીટી વાહન અથડાઈને રોડ નીચે ઉતરી ગયું હતું. ભુજ - અંજાર રોડ પર રોજીંદા અકસ્માતો થતા હોવા છતાં નેશનલ હાઈવે ઓથોરિટી, રોડ સેફટી કમિટી દ્વારા પગલાં લેવામાં આવતા નથી.

## મુંબઇના સપ્લાયર સાથે વડોદરાના ચાર કેમિકલ વેપારીની ૨.૪૮ કરોડની ઠગાઇ

વડોદરાઃ મુંબઈના કેમિકલના એક વેપારી સાથે વડોદરાના ચાર વેપારીઓએ માલ મંગાવી રૂ.૨.૪૮ કરોડ નહિ ચૂકવતાં ક્રાઇમ બ્રાન્ચમાં પોલીસ ફરિયાદ નોંધાઇ છે. મુંબઇના મલાડ(ઇસ્ટ) ખાતે ગાર્ડનિયા બિલ્ડિંગ ખાતે રહેતા રિષભ પાદારે પોલીસને કહ્યું છે કે,વડોદરાના વેપારી દિપેશ ઠક્કર મુંબઇથી કેમિકલ ખરીદતા હોવાની જાણ થતાં જુલાઇ-૨૦૨૨માં મેં તેમનો છાણીના અક્ષરધામ શોપિંગ સેન્ટરમાં આવેલી તેમની ઇન્ટિગ્રિટી ફાર્માસ્યુટિકલ નામની ઓફિસમાં સંપર્ક કરી કેમિકલના ધંધાની વાત કરી હતી. આ વખતે દિપેશ સુરેશભાઇ ઠક્કરે (ગોપાલ સોસાયટી, બાજવા) તેમની ઓફિસ માં જિગ્નેશ કાંતિભાઇ પરમાર(આનંદવન કોમ્પ્લેક્સ,સુભાનપુરા)નામના કેમિકલના વેપારી મિત્રનો પણ પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ મેં તેમને જુદાજુદા કેમિકલ સપ્લાય કર્યા હતા અને તેમણે શરત મુજબ ટોકન પેમેન્ટ તેમજ પોસ્ટ ડેટેડ ચેકો આપ્યા હતા.

## ખાવડા લોહાણા સમાજના મહિલા અગ્રણીનું અવસાન



ભુજ-કચ્છઉદય : ખાવડા લોહાણા સમાજના મહિલા અગ્રણી ચાગાબેન કરશનદાસ સોનાગેલા જેઓ (ઉ.વ. ૭૮) જેમને ટુંકી બીમારીથી અવસાન પામેલ છે. જેમના સમાચાર મળતા ખાવડા લોહાણા સમાજ તેમજ મહિલા મંડળમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. તેમના જીવન સમયમાં ખાવડા ગ્રામ પંચાયતના સભ્ય, ખાવડા લોહાણા મહિલા મંડળના પ્રતિષ્ઠિત આગેવાન હતા જેઓ સમાજના મહિલાઓના વિકટ પ્રશ્નોના સમાધાનમાં સચોટ માર્ગદર્શન ઘણી મહિલાઓના સબધો સુધારેલ છે. સામાજીક રીતરીવાજ આજના યુગના સમયમાં આવું માર્ગદર્શન ઉંડી સમજ શક્તિ ધરાવતા હતા તેમની ખાવડા સમાજે એક સલાહકાર મહિલા કાર્યકરની ખોટ પડેલ છે. જેમના સમાચાર મળતા ભુજ દત્ત મહિલા મંડળના પ્રમુખ ચંદ્રીકાબેન દાવડા, આદિપુર મહિલા મંડળ મંત્રી નંદીનીબેન સોતા, ખાવડા મંડળના મહિલા સરોજબેન, મીનાબેન, કૃષ્ણાબેન તેમજ સમાજના પ્રમુખ વિપુલ તન્ના, પંકજ રાજદે, સરપંચ માજી જોશનાબેન, ભુજ લોહાણા મહાજનના પ્રમુખ મુકેશ ચંદે, માજી પ્રમુખ હીરાલાલ રાજદે, બીએપીએસ મહિલા કાર્યકર રૂક્ષ્મણીબેન, ભુપેન ગણાત્રા, પરેશ સોતા, નરેન્દ્રભાઈ જેઓ શ્રધ્ધાંજલિ પાઠવેલ હતી.

## પાકિસ્તાન સાથે સારા સંબંધો જરૂરી, વાતચીત ચાલુ રાખવી જોઈએ : સંઘ પ્રમુખ મોહન ભાગવત

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આરએસએસ ચીફ મોહન ભાગવતે સંઘના જનરલ સચિવ દત્તાત્રય હોસાબલેના પાકિસ્તાન સાથે વાટાઘાટની ભલામણ કરતા નિવેદનોને સમર્થન આપતા જણાવ્યું કે સંગઠન કોઈ સ્વતંત્ર વિદેશ નીતિ નથી ધરાવતું. થિરુવનંથપુરમમાં એક કાર્યક્રમ દરમ્યાન બોલતા ભાગવતે સ્પષ્ટતા કરી કે આરએસએસ પડોશી દેશો પ્રત્યે સરકારે અપનાવેલા વલણને ટેકો આપે છે. ભાગવતે નોંધ કરી કે તણાવપૂર્વકના સંબંધો છતાં પાકિસ્તાનમાં એવી પણ વ્યક્તિઓ છે જેઓ ભારતના ભાગલા તેમજ બે રાષ્ટ્રના સિદ્ધાંત સામે સવાલ ઉઠાવી રહ્યા છે. તેમના મતે અનેક પાકિસ્તાનીઓ માને છે કે સહઅસ્તિત્વ બહેતર હતું અને તેઓ આરએસએસ તેમજ તેની ગતિવિધિઓની પ્રશંસા પણ કરી રહ્યા છે. તેમણે આ લાગણીને દબાયેલી ભાવના ગણાવતા કહ્યું કે તેની અવગણના ન થવી જોઈએ.

ભારતના સાંસ્કૃતિક મૂલ્યો પર ભાર મુકતા ભાગવતે કહ્યું કે આપણો દેશ હિટલર જેવો નથી અને તેથી જ આપણે સંવાદના દરવાજા સંપૂર્ણપણે બંધ ન કરવા જોઈએ. તેમણે દલીલ કરી કે અન્યાય અને તાનાશાહીનો નિર્ણાયક સામનો કરવો જરૂરી છે પણ ભાવિના નિર્ણયોમાં શાંતિ અને સમાધાન માટેની તકો જાળવી રાખવી જોઈએ. તેમણે જણાવ્યું કે પાકિસ્તાન પર નિર્ણાયક વિજય મળે તો પણ તેની વસતીને સુમેળના વ્યાપક માળખામાં સામેલ કરવી જોઈએ અથવા તેઓ પોતાના રાષ્ટ્રમાં શાંતિથી રહી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.ભાગવતના નિવેદનો હોસાબલેના અગાઉના મંતવ્યોને સમર્થન આપે છે જેમાં તેમણે રાષ્ટ્રીય સુરક્ષા અને આત્મ-સન્માનની રક્ષા સાથે સંવાદ માટે અપીલ કરી હતી.

ભૂતપૂર્વ સૈન્ય ચીફ મનોજ નરવણેએ હોસાબલેના મંતવ્યોને સમર્થન આપ્યું હતું.

## ખેડૂતોની હાલાકી વધી, ટેકાના ભાવે ખરીદી ઘટાડયા બાદ હવે જનરેટર માટે ડીઝલ લઇ જવા પર પ્રતિબંધ

અમદાવાદ : ચોમાસાના આગમન ટાંણે ખેડૂતો માટે એક પછી એક મુશ્કેલી ઉભી થઇ રહી છે.હવે સરકારે પેટ્રોલપંપ પરથી ખેડૂતોને જનરેટર માટે અપાતું ડીઝલ કોઇ સાધનમાં લઇ જવા પર પ્રતિબંધ ફરમાવતાં ખેડૂતોમાં રોષની લાગણી વ્યાપી છે. ચોમાસું માથે આવ્યું છે અને ખેડૂતો વાવણી માટે તૈયારી કરી રહ્યા છે,ત્યારે તેમને ખાતર મેળવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.જિલ્લાના અનેક ગામોમાં ખેડૂતો કલાકો સુધી લાઇનમાં ઉભા રહેતા હોવા છતાં તેમને જરૂર હોય તેનાથી અડધું ખાતર જ મળી રહ્યું છે. આવી જ રીતે ખેતરોમાં જનરેટર તેમજ પંપ માટે ડીઝલની જરૂર હોય છે.પેટ્રોલ પંપ પરથી કારબા,બોટલ કે અન્ય સાધનોમાં પેટ્રોલ લઇ જવા પર પ્રતિબંધ છે.પરંતુ ખેડૂતો માટે ડીઝલ મળી રહે તેવી અત્યાર સુધી વ્યવસ્થા હતી. પરંતુ હવે આ વ્યવસ્થા પણ બંધ કરી દેવાઇ છે અને પેટ્રોલ પંપોને સાધનમાં ડીઝલ નહિ આપવા આદેશ કરાતાં ખેડૂતો માટે મુશ્કેલી ઉભી થઇ છે.ઓઇલ કંપનીઓ તરફથી પંપના સંચાલકોને સીસીટીવી ફૂટેજ તપાસી પગલાં લેવાની પણ ચીમકી આપવામાં આવી છે. નોંધનીય છે કે,ટેકાના ભાવે જુવાર, બાજરી અને મકાઇની ખરીદીમાં સરકારે ખરીદીનો ક્વોટા ઘટાડતાં ખેડૂતો દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે.વડોદરા જિલ્લાના ડભોઇ ખાતે ખેડૂતો દ્વારા ધરણાં કરવામાં આવી રહ્યા છે અને આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

## ચાર્ટ બની ગયા બાદ ટિકિટ વેઈટિંગ જ હોય તો ચિંતા ના કરશો? આ રીતે કન્ફર્મ ટિકિટ મેળવો

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ટ્રેનમાં રિઝર્વેશન કરાવેલું હોય અને ટિકિટ વેઈટિંગ લિસ્ટમાં હોય છતાં મુસાફરોને હવે ચિંતા કરવા જેવું નથી. કારણકે, ફાઈનલે ચાર્ટ બની ગયાં બાદ પણ રદ થયેલી ટિકિટ, નો-શો મુસાફર કે કોઈ અન્ય કારણોસર અમુક સીટો ટ્રેનમાં ખાલી હોય છે. આ સીટ મેળવવા માટે આઈઆરસીટીસી એપ અથવા વેબસાઈટમાં 'ચાર્ટ વેકેન્સી'માં માહિતી જાણી જેતે મુસાફર કરંટ બુકિંગ મારફતે અથવા ટ્રેનમાં ટીટીઈ પાસે ઉપલબ્ધતા મુજબ ટિકિટ મેળવી શકે છે. ટ્રેનમાં કન્ફર્મ ટિકિટ ન મળતાં અથવા વેઈટિંગ લિસ્ટમાં રહેલા મુસાફરો માટે રેલવેની એક ઉપયોગી સુવિધા ઉપલબ્ધ છે. રિઝર્વેશન ચાર્ટ તૈયાર થયા બાદ ટ્રેનમાં ક્યાં કોચમાં અને કઈ બર્થ ખાલી છે તેની માહિતી મેળવી મુસાફરો ઓનલાઈન ટિકિટ મેળવી શકે છે. જોકે, હજુ પણ ઘણા મુસાફરો આ સુવિધાથી અજાણ છે. મુસાફરો આઈઆરસીટીસી એપ અથવા વેબસાઈટ પર ઉપલબ્ધ 'ચાર્ટ વેકન્સી' વિકલ્પનો ઉપયોગ કરીને ટ્રેન નંબર, મુસાફરીની તારીખ અને બોર્ડિંગ સ્ટેશનની વિગતો દાખલ કરી ખાલી બેઠકોની સ્થિતિ જાણી શકે છે.

## કણખોઈ ગામે શોર્ટ સર્કિટથી ખેતરમાં ભીષણ આગ : બે કલાકની જહેમત બાદ કાબૂ મેળવાયો



ભચાઉ -કચ્છઉદય : તાલુકાના કણખોઈ ગામે સોમવારે બપોરે વીજ લાઈનમાં શોર્ટ સર્કિટ થતા ખેતરની પારમાં આગ ભભૂકી ઊઠી હતી. આગ ઝડપથી ગામ તરફ આગળ વધી રહી હોવાથી સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, તા. ૧૫ જૂનના સવારે અંદાજે ૧૧ વાગ્યે ભચાઉ નગરપાલિકા ફાયર ટીમને ૧૧૨ ઈમરજન્સી સેવા મારફતે આગ લાગ્યાની જાણ કરવામાં આવી હતી. જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. ફાયર ટીમ દ્વારા સતત પાણીનો મારો ચલાવી અંદાજે બે કલાકની જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો. સમયસર કામગીરી થતાં આગ ગામ સુધી પહોંચે તે પહેલાં જ તેને કાબૂમાં લઈ લેવામાં આવી હતી અને મોટી જાનહાનિ તથા નુકસાન ટળ્યું હતું. આ કામગીરીમાં ફાયર વિભાગના પ્રવીણ દાફડા, કુલદીપભાઈ અને શક્તિસિંહે મહત્વની ભૂમિકા ભજવી હતી.

## નાના વરનોરામાં ફરી તંત્રની ડિમોલિશન ડ્રાઇવ : ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણ દૂર કરવાની કાર્યવાહી શરૂ

**અગાઉ ૨૧ ગેરકાયદે દુકાનો તોડી ૧,૫૦૦ ચોરસ મીટર જમીન દબાણમુક્ત કરાઈ હતી : આજે ફરી અધિકારીઓ અને જેસીબી સાથે ટીમો ગામમાં પહોંચી**

ભુજ -કચ્છઉદય : તાલુકાના નાના વરનોરા ગામમાં ફરી એકવાર વહીવટી તંત્ર દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાતા સમગ્ર ગામ પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું છે. રાયધણપર ગામના યુવાનો પર હુમલાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત બાદ નાના વરનોરા ગામ સતત ચર્ચાના કેન્દ્રમાં રહ્યું છે. અગાઉ ઘટનામાં સંડોવાયેલા આરોપીઓના વીજ કનેક્શન દૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અઠવાડિયા અગાઉ વહીવટી તંત્રએ ગામમાં ગેરકાયદે બનાવાયેલી ૨૧ દુકાનો તોડી પાડી હતી અને અંદાજે રૂ. ૩૭.૫૦ લાખ મૂલ્યની ૧,૫૦૦ ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરાવી હતી. આજે ફરીથી તંત્રની ટીમો દબાણ દૂર કરવાની કાર્યવાહી માટે ગામમાં પહોંચી છે. સ્થળ પર મોટી સંખ્યામાં સ્થાનિક પોલીસ તેમજ હથિયારધારી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ભુજ ટીડીઓ સહિતના અધિકારીઓની હાજરીમાં ગેરકાયદે દબાણો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ગામમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સમગ્ર વિસ્તાર પર પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. વહીવટી તંત્રના અધિકારીઓની હાજરીમાં કાર્યવાહી હાથ ધરાતા ગામમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે. આ લખાય છે ત્યારે કાર્યવાહી ચાલુમાં હોવાથી વધુ વિગતો મળી શકી નથી.

## ધો.૧૦ વિજ્ઞાન અને ટેક્નોલોજીની પૂરક પરીક્ષામાં ૯૭૪ વિદ્યાર્થીઓ રહ્યા ગેરહાજર

ભુજ - કચ્છઉદય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલમાં યોજાઈ રહેલી પૂરક પરીક્ષાઓ અંતર્ગત આજ રોજ યોજાયેલી સવારના સત્રની પરીક્ષામાં એચએસસી સામાન્ય પ્રવાહમાં ગુજરાતી પ્રથમ ભાષા વિષયમાં કુલ ૧૭૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જેમાંથી ૧૧૧ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જ્યારે ૫૯ વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. હિન્દી પ્રથમ ભાષા વિષયમાં કુલ ૭ વિદ્યાર્થીઓમાંથી પાંચ હાજર અને એક વિદ્યાર્થી ગેરહાજર રહ્યો હતો. અંગ્રેજી પ્રથમ ભાષા વિષયમાં નોંધાયેલા કુલ પંદર વિદ્યાર્થીઓમાંથી આઠ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જ્યારે સાત વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. બીજી તરફ એસએસસી બોર્ડની પરીક્ષામાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષય માટે કુલ ૩૧૭૯ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જેમાંથી ૨૨૦૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા જ્યારે ૯૭૪ વિદ્યાર્થીઓ ગેરહાજર જોવા મળ્યા હતા.

## ખાવડામાં ૧૦૮ ટીમે કરાવી સફળ ડિલિવરી, માતા અને નવજાત સુરક્ષિત



ભુજ - કચ્છ ઉદયઃ કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના ધ્રોબાણા ગામની એક ગર્ભવતી મહિલાને વધુ બ્લડ પ્રેશર અને સુગરના કારણે ખાવડા સરકારી દવાખાનાથી ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવી હતી. દરમિયાન ભુજ શહેરના ભરચક બજાર વિસ્તારમાં પહોંચતા મહિલાને અચાનક પ્રસૂતિની પીડા વધતા તાત્કાલિક ડિલિવરીની સ્થિતિ સર્જાઈ હતી.

પરિસ્થિતિની ગંભીરતા સમજી ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી સંજયભાઈ ઠાકોર અને પાયલોટ રઘુભાઈ ભાટીએ એમ્બ્યુલન્સને સુરક્ષિત સ્થળે ઉભી રાખી તમામ સાવચેતી સાથે સફળ ડિલિવરી કરાવી હતી. માતાનું બીપી અને સુગર લેવલ ઊંચું હોવા ઉપરાંત નવજાતનું વજન પણ ચાર કિલોથી વધુ હોવાથી સમગ્ર પ્રક્રિયા પડકારજનક હતી.

સફળ ડિલિવરી બાદ માતા અને નવજાત બંને સ્વસ્થ હોવાનું જાણવા મળ્યું છે. જરૂરી તબીબી સારવાર આપ્યા બાદ બંનેને ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં સુરક્ષિત રીતે ખસેડવામાં આવ્યા હતા. પરિવારજનોએ ૧૦૮ ટીમની કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો, જ્યારે ૧૦૮ના અધિકારીઓએ પણ ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# ગઢશીશા સામી પે વાંઢપટ્ટા માં અમુક ખનીજ માફીયાઓ બેફામ : ફ્લાઈંગસ્ક્વોર્ડની લાલઆંખ- હવે ખાણખનિજ વિભાગ ત્રાટકશે?



**ભુજના બે લીઝ ધારકોએ કરાર ખતથી ચલાવવા રાખેલી ખાણમાં ઉંડાણમાં નીચે ઉતરવા માટે બનાવાયેલી ચાડી આવી વિવાદમાં : તંત્ર તપાસ કરે કે, આ ચાડી લીઝમાં છે કે પછી સરકારી ખરાબામાં બનાવ દેવાઈ છે? કોની મંજુરીથી બનાવી છે? આવી મંજુરી આપી શકાય ખરી? ચાડી બનાવવા જે ખોદાણ થયુ હશે તેમાંથી નીકળેલ ખનીજ કયાં ઠલવાયું? કોને જાણ કરીને આ ખનીજની હેરફેર કરેલી છે? ઓવરબર્ડન કેટલુ ઉસેડી લેવાયુ બારોબાર? : બાજુમાં નાના તળવાનું પુરાણ કરી માલ કોની પરવાનગીથી ઠલવાઈ રહ્યો છે? અનેક સવાલો આવ્યા સપાટી પર..! :**

**કચ્છ કલેકટરશ્રી અનિલ રાણવસીયા પશ્ચીમ કચ્છ ખાણખનિજ વિભાગને આપે ઉંડી તપાસ કરી કડક કાર્યવાહીની સ્પષ્ટ સુચના**

**મૌખિક બાતમીના આધારે ટીમને મોકલી આપી હતી, અમારા કાર્યક્ષેત્ર અનુસાર તપાસ કરાઈ હતી તે વખતે લિજમાંથી જ ખોદાણ જણાયુ હતુ, ઉપરાંત પણ સરકારી જમીનમા ખોદાણ સંદર્ભે ફરીથી તપાસ કરાવીશું : શ્રી મેહુલ શાહ (ફ્લાઈંક સ્કવોડ ખાણખનિજ વિભાગ કચ્છ)**

## ખનીજચોરીકાંડ સામે ઉઠતા વેધક સવાલો?

**૧. સરકારી જમીનનો માલ ક્યાં ગયો?:** ચાડી (રસ્તો) બનાવવા અને ઊંડાણવાળો ખાડો ખોદવા માટે સરકારી ખરાબાની જે માટી-માલ (ઓવરબર્ડન) કાઢવામાં આવ્યો, તે આખરે કઈ જગ્યાએ ઠાલવવામાં આવ્યો? તેનો હિસાબ કોની પાસે છે? **૨. તળાવ પૂરી દેવા પાછળ કોનો હાથ?:** લીઝની બિલકુલ બાજુમાં આવેલું કુદરતી નાનકડું તળાવ કિંમતી ખનીજના વેસ્ટ અને માટીથી કેમ પૂરી દેવાયું? પર્યાવરણને નુકસાન કરનારા આ તત્વો સામે કેમ પગલાં નથી લેવાયા? **૩. તપાસ ટીમ અંધારામાં કેમ રહી?:** ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે જ્યારે સ્થળ પર રૂબરૂ તપાસ કરી, ત્યારે તેમને સરકારી જમીન પર થયેલું આ ગેરકાયદેસર ખનન અને મોટું દબાણ કેમ નજરે ન પડ્યું? **૪. મૂળ લીઝ ધારક સામે કાર્યવાહી ક્યારે?:** ભુજના બે આસામીઓ કરારના નામે નિયમો ધજાગરા ઉડાવી રહ્યા છે, તો મૂળ લીઝ ધારક સામે ખાણ-ખનીજ વિભાગ ક્યારે કડક હાથ કરશે? **૫. શું આ લીઝ સસ્પેન્ડ થશે?:** સરકારી તિજોરી અને કુદરતી સંપત્તિને બેફામ નુકસાન પહોંચાડતી આ લીઝને કાયમી ધોરણે સસ્પેન્ડ કરીને વહીવટી તંત્ર દાખલો બેસાડશે ખરું?

ભુજઃ કચ્છના ગઢશીસા વિસ્તાર પાસે આવેલા વાંઢ પટ્ટામાં છેલ્લા કેટલાક સમયથી અમુક ખનીજ ચોરો અને માફિયાઓ દ્વારા બેફામ રીતે ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ ચલાવવામાં આવી રહી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. લીઝ મંજૂર થઈ હોય તેના સિવાયની બહારની સરકારી જમીનમાંથી ખનન કરવું તેમજ બહારથી બેન્ટોનાઈટ સહિતના કિંમતી ખનીજોનો જથ્થો લાવીને અહીં ઠાલવવો અને તેની ગેરકાયદેસર હેરફેર કરવાની પ્રવૃત્તિઓ દિન-પ્રતિદિન વધી રહી છે. આ મામલે ક્યારેક સ્થાનિક પોલીસ, ક્યારેક એલ.સી.બી. તો ક્યારેક કચ્છની ફ્લાઈંગ સ્ક્વોડની ટીમ આવીને ખનીજ ચોરો સામે લાલ આંખ કરી રહી છે.દરમ્યાન જ ચર્ચાતી વિગતો અનુસાર બે દિવસ પહેલાં જ વાંઢ વિસ્તારના સર્વે નંબર ૪૧૮ ના વિશાળ પટ્ટામાં આવેલી સરકારી જમીન અને ખરાબામાં મોટા પાયે ગેરકાયદેસર ખોદકામ થતું હોવાની રજૂઆત મળતાં, ફ્લાઈંગ સ્ક્વોડના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રિ મેહુલ શાહ દ્વરા તાત્કાલિક ધોરણે પોતાની ટીમને સ્થળ તપાસ માટે મોકલી આપી હતી. જો કે, પ્રાથમિક તપાસ દરમિયાન આ ખોદકામ મંજૂર થયેલી લીઝ વિસ્તારની અંદર જ હોવાનું જણાવાતા તે સમયે આગળની કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી ન હતી.સ્થાનિક સૂત્રો અને જાણકારોના જણાવ્યા અનુસાર, અહીં મૂળ લીઝ ધારક કોઈ અન્ય વ્યક્તિ છે, પરંતુ કરારના (કોન્ટ્રેક્ટ) આધારે ભુજના બે મોટા ગજાના આસામીઓ આ લીઝ પર મોટા પ્રમાણમાં ખનન કાર્ય કરી રહ્યા છે. આ ખનીજ ચોરોએ નિયમોને નેવે મૂકીને જમીનમાં એટલા ઊંડા ખાડા પાડી દીધા છે કે વાહનો નીચે લઈ જવા માટે તેઓએ સરકારી ખરાબાની જમીન પર ગેરકાયદેસર રીતે 'ચાડી' (રસ્તો) બનાવી દીધી છે.આ બાબતે અનેક સવાલો ઉઠી રહ્યા છે કે, ચાડી બનાવવા માટે અને નીચે ઉતરવા માટે જે મોટો ખાડો ખોદવામાં આવ્યો, તે સરકારી ખરાબાની જમીનનો માલ-માટી (ઓવરબર્ડન) આ પાર્ટીએ ક્યાં ઠાલવ્યો?લીઝ મંજૂરી સિવાયની બહારની જમીનમાંથી નીકળેલો આ કિંમતી જથ્થો ક્યાં પહોંચાડવામાં આવ્યો? આ રહસ્ય પરથી હજુ પડદો ઊંચકાયો નથી.આ લીઝની બિલકુલ બાજુમાં આવેલું એક નાનકડું કુદરતી તળાવ પણ આ ખનીજના વેસ્ટ અને માટીના કારણે પુરાઈ ગયું છે, ત્યાં પણ ગેરકાયદેસર રીતે જથ્થો ખાલી કરાયો હોવાની ચર્ચા છે.સ્થાનિક જનતામાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે જ્યારે ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે સ્થળ પર તપાસ કરી, ત્યારે તેમને આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કે સરકારી જમીન પર કરાયેલા દબાણનો અંદાજ કેમ ન આવ્યો? જો આ બાબત તેમના કાર્યક્ષેત્રમાં ન આવતી હોય, તો તેઓએ પશ્ચિમ કચ્છ ખાણ-ખનીજ વિભાગની સ્થાનિક ટીમને તાત્કાલિક બોલાવીને સંયુક્ત તપાસ કરવી જોઈતી હતી. લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ, સરકારી હિતમાં જો કોઈ પણ ગેરરીતિ થઈ હોય તો આ લીઝને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા સુધીની કડક કાર્યવાહી થવી જોઈએ, અન્યથા વાંઢ વિસ્તારમાં બહારથી ઉતરી આવેલા તત્વો આ જ રીતે આડેધડ ખનીજ ચોરી કરીને પર્યાવરણ અને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડતા રહેશે.આ સમગ્ર મામલે ફ્લાઈંગ સ્ક્વોડના ઉચ્ચ અધિકારી શ્રી મેહુલ શાહની સાથે વાતચીત કરવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, અમને આ વિસ્તારમાં ગેરકાયદેસર ખનન અંગેની મૌખિક રજુઆત મળી હતી, જેના આધારે અમારી ટીમે સ્થળ પર જઈ તપાસ કરી હતી. પ્રાથમિક તપાસમાં ખોદકામ લીઝ એરિયાની અંદર જ જોવા મળ્યું છે અને હાલ કોઈ લેખિત કે મૌખિક નવી ફરિયાદ મળી નથી. તેમ છતાં, આસપાસના વિસ્તારોની સ્થિતિ અને તથ્યોને ધ્યાને રાખીને આગામી દિવસોમાં વધુ ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવશે.

## ખનીજ–મહેસુલ–જીપીસીબી–પોલીસ કેમ ન આદરે નીચે મૂજબની કડક તપાસ..!

ગાંધીધામ : ખનીજ ચોરી, સરકારી જમીન પર દબાણ અને પર્યાવરણને નુકસાન થવાના આવા કિસ્સાઓમાં સરકારના વિવિધ વિભાગોની કાયદાકીય અને નીતિવિષયક જવાબદારીઓ નક્કી થયેલી હોય છે. આ કેસના સંદર્ભમાં કયા વિભાગની શું મુખ્ય ભૂમિકા અને જવાબદારી બને છે, તેનું વિગતવાર સરકારી વિભાગોની નીતિવિષયક જવાબદારીઓ અને કાર્યક્ષેત્રને લગતા સવાલો પણ અહી ઉઠવા પામ્યા છે.

**૧. ખાણ અને ખનીજ વિભાગ : લીઝ વિસ્તારની ચકાસણીઃ** મંજૂર થયેલી લીઝની સીમાઓ નક્કી કરવી અને તેની બહાર ખનન ન થાય તે જોવું.: ગેરકાયદેસર ખનન પર રોકઃ મંજૂરી વિના થતા બિનઅધિકૃત ખોદકામ સામે દંડકીય અને કાયદાકીય કડક પગલાં લેવા. : લીઝ સસ્પેન્ડ કે રદ કરવીઃ જો નિયમોનો ગંભીર ભંગ કે કરારના નામે આડેધડ ખનન થતું માલૂમ પડે, તો લીઝ સસ્પેન્ડ કે બ્લેકલિસ્ટ કરવાની સત્તા. **૨. મહેસુલ વિભાગ ( મામલતદાર / કલેક્ટર) : સરકારી ખરાબાનું રક્ષણઃ** સરકારી જમીન, ગૌચર કે ખરાબાની જગ્યા પર થતા કોઈપણ પ્રકારના ગેરકાયદેસર દબાણ કે રસ્તા (ચાડી)ના બાંધકામને અટકાવવું. : જમીનની માપણીઃ ફ્લાઈંગ સ્ક્વોડ કે ખાણ ખનીજ વિભાગ સાથે મળીને સરકારી સર્વે નંબર (જેમ કે સર્વે નં. ૪૧૮) ની ચોક્કસ માપણી કરાવી દબાણ ખુલ્લું કરાવવું. : લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનોઃ સરકારી જમીન પચાવી પાડનાર કે તેનો વ્યવસાયિક ઉપયોગ કરનાર સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવો. **૩. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પર્યાવરણીય મંજૂરી :** ખનન પ્રવૃત્તિ માટે આપેલી 'એન્વાયરમેન્ટલ ક્લિયરન્સ' ના નિયમોનું પાલન થાય છે કે નહીં તે તપાસવું. : કુદરતી સ્ત્રોતોનું રક્ષણઃ લીઝના કારણે આસપાસના પાણીના કુદરતી સ્ત્રોતો (જેમ કે બંધ પડેલું તળાવ) પુરાઈ ન જાય કે પ્રદૂષિત ન થાય તે સુનિશ્ચિત કરવું. : ક્લોઝર નોટિસઃ પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચાડવા બદલ ખાણકામ તાત્કાલિક બંધ કરાવવાની અને દંડ વસૂલવાની સત્તા. **૪. સ્થાનિક પોલીસ અને LCB (Police Department):** કાયદો અને વ્યવસ્થાઃ ખનીજ માફિયાઓ દ્વારા થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને રાત્રિ ખનન પર વોચ રાખવી. : **વાહનોની જપ્તીઃ** ગેરકાયદેસર ખનીજની હેરફેર કરતા ડમ્પર, જેસીબી કે અન્ય વાહનોને સીઝ કરવા અને ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કરવો. : ચોરીનો ગુનોઃ સરકારી સંપત્તિની ચોરીના મામલે આઈ.પી.સી. ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી કાયદાકીય કાર્યવાહી કરવી.

# માધાપરમાં બટુક ભોજન બાદ ૩૦થી વધુ બાળકોને ફુડ પોઈઝનની અસર

**સાંજે ભોજન ગ્રહણ કર્યા બાદ રાત્રે બાળકોની તબિયત ખરાબ થતા માવતરો હોસ્પિટલ દોડયા : ૨૨ જેટલા બાળકોને જી.કે. જનરલમાં જયારે અન્યને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા : આરોગ્ય વિભાગે ગામમાં અસરગ્રસ્તો શોધવા સર્વે શરૂ કર્યો : બહારથી મંગાવેલા દહીંની છાસ બનાવતા તબીયત ખરાબ થઈ હોવાનું પ્રાથમિક તારણ**





ભુજ - કચ્છઉદય : આજે અધિક માસની પૂર્ણાહૂતિ થઈ છે. આ પૂર્વે ગઈકાલે ભુજ તાલુકાના માધાપર ગામે બટુક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦થી વધુ બાળકોને ફુડ પોઈઝનની અસર થતા માવતરોમાં ચિંતા ફેલાઈ છે. સ્થાનિકોના કહેવા પ્રમાણે છેલ્લા આઠ વર્ષથી બટુક ભોજનના આયોજન કરવામાં આવે છે. આજ દિવસ સુધી આવો બનાવ બન્યો નથી. ગઈકાલે તમામ વસ્તુઓ ઘરે બનાવી હતી પરંતુ છાસ માટે દહીં બહારથી મંગાવ્યું હતું. એશ્વર્યાનગર પાસે આવેલ ડેરીમાંથી દહીં મંગાવ્યું હતું. જેની છાસ બનાવીને બાળકોને અપાઈ હતી. છાસના કારણે તબીયત બગડી હોવાનું સામે આવ્યું છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ માધાપર નવાવાસમાં આવેલ ઐશ્ર્વર્યાનગરમાં આ બનાવ બન્યો હતો. ગઈકાલે સાંજે અહીં બટુક ભોજનનું આયોજન કરાયું હતું. સેવ, બુંદી, છાશ, દાળ-ભાત જમ્યા બાદ બાળકો ઘરે પહોંચ્યા અને રાત્રે તબિયત બગડવાનું શરૂ થયું હતું. બાળકોને એકાએક ઉલ્ટી, ઉબકા શરૂ થયા હતા. શરૂઆતમાં માવતરોને સામાન્ય ઘટના લાગી પરંતુ જયારે આજુબાજુમાં રહેતા તમામ બાળકોને એક સાથે ઉલ્ટી ઉબકા શરૂ થતા માવતરો ચિંતામાં મુકાયા હતા. તાત્કાલિક રાત્રે બધા જાગ્યા અને બાળકોને સારવાર માટે જી.કે. જનરલ હોસ્પિટલમાં રાત્રે એક વાગ્યે દાખલ કરવામાં આવ્યા હતા. જી.કે.માં ૨૨ જેટલા બાળકોને દાખલ કરવામાં આવ્યા છે. જે તમામની ઉંમર ૩ થી ૧૩ વર્ષની છે. અન્ય બાળકોને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હોવાનું પણ સામે આવી રહ્યું છે. બનાવને પગલે માવતરો ચિંતામાં

અનુસંધાન પાના નં.૫ પર

## ફુડ વિભાગની કામગીરી માત્ર ફોટો સેશન પુરતી સીમીત

ઉનાળાની ઋતુમાં ખોરાક જલ્દી ખરાબ થઈ જાય છે. તેમજ ચીજવસ્તુની ગુણવત્તા પણ હલકી કક્ષાની હોવાથી સ્વાસ્થ્ય પર સીધી અસર પડે છે. બે મહિનામાં લોડાઈ અને માધાપરમાં સામે આવેલી ફુડ પોઈઝનની ઘટના ફુડ વિભાગની નિષ્ફળતાનું પરિણામ છે. જાણકારોના કહેવા પ્રમાણે ફુડ વિભાગ માત્ર તહેવારો આવે ત્યારે મીઠાઈ લેવામાં જ વધારે રસ દાખવે છે. જે નમુનાના સેમ્પલ લેવાય તેના રીપોર્ટ ચાર મહિના પછી અને રીપોર્ટ પણ એવા લેવાય કે જે પાસ થવાના જ હોય. અનહાઈઝેનીક ફુડમાં ત્વરીત કાર્યવાહી થઈ હોય તેવો ભુજ ફુડ વિભાગનો કોઈ કિસ્સો નથી. અમદાવાદ હોય કે રાજકોટ. અવારનવાર ફુડનું ચેકીંગ થાય અને ત્વરીત પગલા લેવાય પરંતુ અહીં તો ચાર મહિના પછી રીપોર્ટ આવે છે. જમવાનું તો ચાર કલાકમાં જ હજમ થઈ જાય છે ત્યારે ફુડ વિભાગની કામગીરી માત્ર ફોટો સેશન પુરતી સીમીત બની રહી છે. ફુડ વિભાગના ઉપરી અધિકારી તરીકે કલેકટર છે ત્યારે કલેકટર કક્ષાએથી કેવા પગલાં લેવામાં આવે છે તે જોવું રહ્યું.

### બે મહિના પહેલા લોડાઈમાં પણ પાણીપુરીએ ૧૦૦ લોકોને કર્યા હતા બિમાર

આજથી બે મહિના પહેલા ભુજ તાલુકાના લોડાઈ ગામે પણ ફુડ પોઈઝનની ઘટના સામે આવી હતી. જેમાં ગામના લોકોએ એક જ જગ્યાએથી પાણીપુરી ખાધી હતી. તે બાદ ઝાડા - ઉલ્ટી શરૂ થતા અસરગ્રસ્તોને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જોત જોતામાં ૧૦૦થી વધુ લોકોને હોસ્પિટલના ખાટલામાં દાખલ થવાની ફરજ પડી હતી. આ ઘટનાએ લોડાઈની યાદ તાજી કરી હતી.

# કચ્છમાં ફરી ધરા ધ્રૂજીઃ ભચાઉ નજીક ૨.૯ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

**ચાર દિવસમાં બીજી વખત ભૂગર્ભીય હલચલ : પૂર્વ કચ્છના કકરવા ગામ નજીક જમીનથી ૨૧.૩ કિલોમીટરની ઊંડાઈએ કેન્દ્રબિંદુ નોંધાયું**

ભુજ - કચ્છઉદય : કચ્છની ભૌગોલિક સ્થિતિ હંમેશાંથી ભૂકંપના દ્રષ્ટિકોણથી સંવેદનશીલ રહી છે, ત્યારે સરહદી જિલ્લા કચ્છની ધરામાં ફરી એકવાર કંપન અનુભવાતાં સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આજે સવારના સમયે પૂર્વ કચ્છના ભચાઉ પંથકમાં ભૂકંપનો એક આંચકો નોંધાયો હતો, જેને પગલે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. સદનસીબે આ આંચકાની તીવ્રતા ઓછી હોવાના કારણે જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ પ્રાપ્ત થયા નથી, પરંતુ વારંવાર ધ્રૂજતી ધરાને લીધે લોકોમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચના સત્તાવાર અહેવાલ અનુસાર, આજે સવારે ૮:૩૨ કલાકે કચ્છના ભચાઉથી ઉત્તર-પૂર્વ દિશાએ આશરે ૨૫ કિલોમીટર દૂર આવેલા કકરવા ગામ નજીક આ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૨.૯ ની માપવામાં આવી હતી. ભૂકંપશાસ્ત્રીઓના જણાવ્યા મુજબ, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનની અંદર ૨૧.૩ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું, જેના કારણે આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય ધ્રુજારીનો અનુભવ થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ હજુ ચાર દિવસ પહેલા એટલે કે ચાલુ મહિનાની ૧૨મી તારીખે પણ પૂર્વ કચ્છનો આ જ પંથક ધ્રૂજ્યો હતો. ૧૨મી તારીખે વહેલી સવારે ૦૨:૪૦ કલાકે પૂર્વ કચ્છના દુધઈથી ૨૪ કિલોમીટર દૂર ૨.૫ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો રેકોર્ડ કરવામાં આવ્યો હતો. આમ, માત્ર ચાર દિવસના ટૂંકા ગાળામાં પૂર્વ કચ્છમાં બે-બે વખત હળવા આંચકા નોંધાતા સિસ્મોલોજી વિભાગ પણ આ વિસ્તાર પર સતત નજર રાખી રહ્યું છે. જોકે નિષ્ણાતોના મતે ફોલ્ટ લાઈન સક્રિય હોવાને કારણે આવા નાના આંચકા આવવા સ્વાભાવિક છે અને તેનાથી ગભરાવાની કોઈ જરૂર નથી.

# ગળપાદરમાં પૂર્વ કચ્છ એલસીબીનો દરોડો : ૭.૭૬ લાખનો વિદેશી દારૂ અને કાર કબજે




ગાંધીધામ : પૂર્વ કચ્છ જિલ્લામાં દારૂ, જુગાર અને નશીલા પદાર્થોની ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત પૂર્વ કચ્છ એલસીબીએ ગળપાદર વિસ્તારમાં સફળ કાર્યવાહી કરી ૭.૭૬ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચના મુજબ પૂર્વ કચ્છ એલસીબીના પીઆઈ જે.એમ. વાળાના નેતૃત્વ હેઠળ એલસીબીની ટીમ ગાંધીધામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ગળપાદર ગામે ગુરુકૃપા સોસાયટી પાછળ શંકાસ્પદ સીયાઝ કારની હિલચાલ જોવા મળતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસની હાજરીનો અણસાર મળતા કારચાલક વાહન સ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયો હતો.

બાદમાં પોલીસે કારની તપાસ કરતાં તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૫૦ મિલીની ૨૫૧ શીલબંધ બોટલો મળી આવી હતી, જેની કિંમત૩,૭૬,૨૪૯ હોવાનું સામે આવ્યું છે.પોલીસે દારૂના જથ્થા ઉપરાંત ૪ લાખ કિંમતની સીયાઝ કાર (નં. RJ-19-CH-1969) પણ કબજે કરી કુલ ૭,૭૬,૨૪૯નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.આ અંગે અજાણ્યા આરોપી સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ અને ૯૮(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ ફરાર આરોપીની શોધખોળ કરી રહી છે.